કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ


વર્ષ ૨૮ · અંક ૭

331

જુલાઈ · ૧૯૫૧


તંત્રી

બચુભાઈ રાવત



કપડવણજનો કીર્તિસ્તંભ

કપડવણજમાં 'કુંડવાવ'ના નામથી જાણીતા પ્રાચીન કુંડના પૂર્વ કિનારા ઉપર ઊભેલો આ સુંદર કીર્તિસ્તંભ (અથવા 'તોરણ') મુસ્લિમોના આક્રમણથી બહુ ખંડિત થયો ન હોવાથી પ્રાચીન ગુજરાતી સ્થાપત્ય-શિલ્પ-કલાનો સજીવ નમૂનો બની રહે છે. લગભગ બારમી સદીના શરૂમાં બંધાએલા એ સ્થાપત્યરત્નના થાંભલાની કુંભીથી માંડીને તોરણની ટોચ સુધી ઊંચા કક્ષાનું જે ભરચક શિલ્પકામ આવેલું છે તે, સિદ્ધપુરના રુદ્ર મહાલય ને મોઢેરાના સૂર્યમંદિર પછી બીજા નંબરે આપણને ગુજરાતના એ સમૃદ્ધ સુવર્ણયુગની ઉત્કૃષ્ટ કલાનો ખ્યાલ આપે છે. બેઠકમાં ચાર ફૂટ પહોળા તેના થાંભલા ૧૩ ફૂટ ૧૦ ઇંચ ઊંચા છે, જેમાં મથાળે ફૂટતા બે ટોડલા પર ગુજરાતની વિશિષ્ટ રૂપાકૃતિ ધરાવતું, બારીક કોતરણીથી ખચેલું તોરણ આવેલું છે. તેને પડખે ત્રણત્રણ ફૂટ ઊંચે લંબાતા સ્તંભશીર્ષ પર પથ્થરની બે આડી પાટ શિરવલરૂપે આવેલી છે, જે પૈકી નીચલીમાં ફૂલવેલની કોતરણી છે. ને ઉપલીમાં વચ્ચે લલિતમુદ્રામાં દેવમૂર્તિઓ ને બે પડખે હાથી તથા ઘોડેસવારોની કોતરણી છે. તેને મથાળે શિરટોચના સુશોભનમાં વચ્ચે શિવની 'ભૈરવ' સ્વરૂપ મૂર્તિ, બીજાં અનુષંગી શોભનો તથા મૂર્તિઓ સહિત સોહી રહે છે. તોરણને બે પડખે પ્રાણી ને માનવ-આકૃતિઓ ત્રાંસી આવીને સ્તંભશીર્ષને જેમ ટેકવી રહી છે તે જ રીતે થાંભલામાંથી નીચે ફૂટતા બ્રેકેટોમાં પણ એવી આકૃતિઓ એક કાળે હતી, જે નીચલા સ્તંભશીર્ષને ટેકવતી હતી. કપડવણજનો આ કીર્તિસ્તંભ ગુજરાતના સુવર્ણયુગનો એક ગૌરવાન્વિત અવશેષ છે. આના અનુસંધાને આ અંકમાંનો ગુજરાતની કળા ઉપરનો લેખ રસદાયક થઈ પડશે. (બર્જેસ ઉપરથી)




અનંત ત્રિપુટી ચિત્રકાર · બંસીલાલ વર્મા (કલાકારના સૌજન્યથી)

પહેલી નજરે વિકૃત લાગતા આ ચિત્રમાં ચિત્રકારે પોતાના મનમાં ઊઠેલી એક ભાવના આપણાં પ્રાચીન સંયોજનાચિત્રોની ઢબે રજૂ કરી છે. આ સંસારની અનંત ત્રિપુટી—સ્ત્રી પુરુષ અને બાળકના આ એકબીજામાં સંલગ્ન છે એ દર્શાવવા એમાં એ ત્રણેના ચહેરાનો એક જ સંયોજિત ચહેરો કલ્પાયો છે, જેમાં સ્ત્રી અને પુરુષની આંખો એક જ છે, અને એજ રીતે એ બંનેના સંયુક્ત હોઠ વડે બાળક આંખ બની રહી છે. પુરુષમાં સ્ત્રી સમાઈ ગઈ છે, એ બંનેમાં બાળક સમાઇ ગયું છે, અને આ રીતે સંસારની એ સનાતન ત્રિપુટીનું આત્મૈક્ય અવિભાજ્ય તેટલું અનંત છે એમ દર્શાવવાનો એમાં પ્રયત્ન



કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો ‘કુમાર’ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન - કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭।।; પરદેશમાં રૂ. ૯।। અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના



ચર્ચા અંદરથી વિદ્વાન કલાવિવેચક ડૉ. હરમાન ગત્ઝ્સનો જે ઘણો જ મનનીય અને રસમય લેખ 'કુમાર'માં પ્રકટ થાય છે તેમાં નિર્દેશેલાં સ્થાનો દર્શાવતો આ નકશો, એ લેખમાં કહેલી મુખ્ય વાતને થોડા જ દૃષ્ટિપાતમાં સમજાવી દે છે. ગુજરાતની જે તળપદી કળાએ ઉત્તર હિંદુસ્તાનમાં રાજપુતાનાની સરહદોની પાર છેક હિમાલયની તળેટીમાં કુલુ અને પૂર્વે અલ્લાહાબાદ સુધી અસર પાડી છે તેની એ અસરના તબક્કા જુદીજુદી સંજ્ઞાઓ દ્વારા આમાં દર્શાવ્યા છે. ઘાટી કાળી લીટીની સીમા-રેખા વડે બતાવેલો પ્રદેશ ગુજરાતની એતદ્દેશીય કલાનાં પ્રકટીકરણ અને વિકાસ જેટલા ભાગમાં થયાં તે નિર્દેશે છે. ત્યાર પછી તુટક રેખાઓથી સીમાંકિત વિસ્તારમાં ગુજરાતની કલાની સીધી અસર, અને ટપકાંવાળા પ્રદેશમાં આડકતરી અસર મળી આવે છે. એ અસરો દર્શાવતા વિવિધ અવશેષો આજે જે જે શહેરોમાં મુખ્યત્વે જણાય છે તે તે શહેરો, તેવી અસરોની વિવિધ સંજ્ઞાઓ (પોલાં મીંડાં, ઘાટાં મીંડાં, પોલા તથા ઘાટા ત્રિકોણ તેમજ લંબચોરસ) વડે બતાવ્યાં છે, જેની સમજણ નકશાને નીચલે છેડે આપી છે. ગુજરાતના ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક અનેક પ્રકારના નકશા આજ સુધી યોજાયા છે, પણ કલાવિસ્તારનો આવો નકશો આ પહેલો જ હોઈ એ વિશિષ્ટ, મહત્ત્વનો ને મનનીય છે, અને ગુજરાતી કલાએ અર્ધા ઉત્તર ભારત પર પાડેલી અસર દર્શાવતો એમાંનો આલેખ કોઇ પણ ગુજરાતીના હૈયામાં ગર્વ ઉપજાવે એવો છે.

જુલાઈ ૧૯૫૧



અંતરાય

· વૈતાલીય ·

વનની લઘુ નિર્ઝરીતણો   પથ પાષાણથી વ્યસ્ત કુંઠિત;
મૂલનું હતું મૌન તે હવે   કલનાદે રમતું અખંડિત.

નભને પથ શુભ્ર તેજને   નડી કાયા જ્યહિં કૃષ્ણ અભ્રની;
ધરતી પર દૃષ્ટિરમ્ય ત્યાં   સુષમા સોહત સપ્તરંગની.

મુખથી કંઈ વેણ જે સર્યાં   અવરોધે ચહુ ઓર ડુંગરા;
સૂર જે શમી જાત શૂન્યમાં   લહું તેના ધ્વનિની પરંપરા.

રાજેન્દ્ર શાહ

જીવનમાં આવતો અંતરાય શુભ પરિણામ પણ આણે છે એવું આશાગાન ગાતા આ નાના કાવ્યમાંનાં પ્રતીકો સમજાય એવાં જ છે! ઝરણાના માર્ગમાં પાષાણનો અંતરાય આવ્યો તો જ તેનું મૂગાપણું મટીને મધુર કલનાદ પ્રાપ્ત થયો; આકાશના તેજને મેઘવાદળનો અંતરાય નડ્યો તો જ સુંદર મેઘધનુ ઉદ્ભવ્યું; મોંમાંથી નીકળેલા બોલની આડે જો ડુંગરા ન આવ્યા હોત તો પડઘાની પરંપરા સાંભળવા ન મળત અને એ બોલ શૂન્યમાં વેડફાઈ જાત.

ઘડિયાળને

· પૃથ્વી ·

સદા શ્રવણ તાહરા રવ તણું કરી શોચતો:
કરે તું મુજ જિંદગાની તણી આ દિવાલે સદા
પ્રહાર તુજ ટાંકણે, કણ કણો ખરાવે અને
રચે સરલ માર્ગ તું નિધનને પ્રવેશાવવા.

લલિત ભટ્ટ

મૃત્યુને નજીક લાવતા કાળના વહેણને આલેખવા આ મુક્તકમાં નવું રૂપક યોજ્યું છે: ઘડિયાળનો કટ-કટ અવાજ એ જાણે જિંદગીની દીવાલ પર પડતા સમયના ટાંકણાનો અવાજ છે; અને એમ કણકણ ખેરવીને એ મૃત્યુને પ્રવેશવા માટે મોટું બાકોરું તેમાં પાડે છે!

મારું લગ્ન

· અનુષ્ટુપ ·

પૂછ્યું કોઈકે મને જ્યારે   સ્પષ્ટ પ્રશ્ન મહા સાખ!
'તમારું લગ્ન છે ક્યારે?'   ત્યારે મેં મનમાં હસી

જવાબ શાંતિથી દીધો   તુર્ત એના સવાલનો:
'વીત્યાં છે લગ્નને આજે વર્ષો   ના બહુ, એકવીશ!

શ્રાવણી શુક્લ ષષ્ઠીએ   એક વ્હેલા પ્રભાતમાં
વધા સપ્તપદી દેવ ગોર   થૈને જ લગ્નમાં.

બાંધ્યો મને અદેહીને   અતૂટ પ્રેમબંધને,
સુખેદુઃખે કર્યો સાથી   મને મારી જ કાયનો.

બેનાં એક થયાં ત્યારે, ભૂલ્યો હું મુજ ભિન્નતા,
માન્યું કાયા જ છે મારી,   કાયનો હું, ન અન્યથા.'

ગીતા કાપડિયા

સાદા પ્રવાહે વહી જતા આ કાવ્યમાંની ચાતુરીભરી વાતને સમજાવવાની જરૂર નથી.



અમેરિકામાં
૧૯૩૦માં

અનન્ત પંડ્યા

લેખક
ગગનવિહારી મહેતા

For he is gone, where all things wise and fair
Descend;–oh, dream not that the amorous Deep
Will yet restore him to the vital air;
Death feeds on his mute voice, and laughs at our despair.

Shelley

વર્ષો પહેલાં, ૧૯૨૨ના ડિસેમ્બરમાં, ભાવનગરના દક્ષિણામૂર્તિ ભવનમાં મારા યુરોપના પ્રવાસ વિષે વિદ્યાર્થીઓ સમક્ષ મેં કંઈ કહ્યું હતું. વર્ષો પછી અનન્ત પંડ્યાએ મને કહ્યું કે 'તમે moving stairway (ચાલતા દાદર) વિષે કહ્યું હતું એ મને હજી યાદ છે!' એમણે એ વિષે સવાલ પણ પૂછેલો.

કવેટાના ધરતીકંપ પછી એક બાહોશ હિંદી ઇજનેરને સલાહ માટે સરકારે ઇંગ્લંડથી બોલાવ્યા છે, પછીથી લગ્ન કરીને એમનાં પત્ની સાથે એ પાછા વિલાયત ગયા છે, એવા ખબર સાંભળેલા. એ ભાવનગરના છે, હરગોવિંદભાઇ પંડ્યાના કુટુંબના છે, એમ પણ સાંભળેલું. એમને પહેલી વાર મળ્યો ત્યારે એનું સ્મરણ થયું. એ વખતમાં પણ એ એરોપ્લેનમાં આવેલા. પહેલેથી જ સાહસિક હતા.

૧૯૩૭માં લંડનમાં પહેલી વાર અમે–સૌદામિની અને હું–અનન્ત અને લીલીબહેનને મળ્યાં. ત્યારથી જ અમે એમને 'અન્તુભાઇ' તરીકે સંબોધવાનું શરૂ કર્યું. એ પ્રથમ પરિચયમાં જ એમના પ્રતિભાશાળી અને મધુર વ્યક્તિત્વની છાપ અમારા પર પડી. અમે વારંવાર મળતાં. 'Busman's Honeymoon' નામનું નાટક જોવા ગયાં. એના છેલ્લા દૃશ્યમાં ખૂની વિચિત્રરીતે પકડાય છે એથી એ ખડખડાટ—બાળક પેઠે હસ્યા, એ હાસ્ય હજી મને સંભળાય છે. તે પછી તો એ હાસ્ય કેટલી યે વાર સાંભળ્યું. કંઈ રમૂજ કરીએ, મશ્કરી કરીએ, ત્યારે એવું હસે કે એમના નિર્મળ ને ઉદાર હૃદયનો જાણે એમાં પડઘો પડતો હોય! ઇંગ્લંડ ને પશ્ચિમના સમાજમાં સ્ત્રીપુરુષના સંબંધ વિષે સૌદામિનીએ થોડા સવાલો પૂછ્યા, એના એમણે વિના સંકોચે, સ્પષ્ટ જવાબ આપ્યા. ફરી સ્વદેશમાં જ મળીશું એ આશાએ જુદા પડ્યા.

યુરોપમાં યુદ્ધનાં નગારાં વાગતાં હતાં. અન્તુભાઇએ મને લખ્યું કે બને તો હવે હિંદ પાછા આવવાની ઇચ્છા હતી. કલકત્તા(સિબપુર)ની બંગાળ એન્જિનીઅરિંગ કૉલેજમાં આચાર્યની જગ્યા ખાલી હતી ત્યાં આવવાની એમની ઈચ્છા હતી. લંડનમાં એ વેળાની ઇંડિયા ઑફિસની ત્રણચાર અંગ્રેજોની કમિટીએ એમની જ પસંદગી કરી,–બીજા અંગ્રેજ ઉમેદવારો હોવા છતાં! આપણા દેશના ઈજનેરોની કમિટી હોત તો આમ બનત કે નહિ એ કહેવું મુશ્કેલ છે! અન્તુભાઈ આ કૉલેજમાં આવ્યા એથી અમને ખૂબ ખુશાલી થઈ. એક તો આ સ્થાન પર ત્યાં સુધી અંગ્રેજો જ નિમાયા હતા; ને બીજું, કલકત્તામાં આવા શક્તિશાળી ગુજરાતી અને આવું સંસ્કારી દંપતી આવે છે અને ૩૧ વર્ષની નાની વયે આ મોટું સ્થાન દીપાવશે એથી પણ અધિક આનન્દ થયો. એમની એ નિમણુક વિષે કલકત્તાના 'નવરોઝ' સાપ્તાહિકમાં મેં થોડું લખ્યું હતું. એમને એ દેખાડ્યું ત્યારે એમને ખાસ રસ ન પડ્યો. છાપાળવી જાહેરાત(publicity)નો એમને શૉખ નહોતો.

કરાંચીની કૉલેજમાં અને અમેરિકાની એમ. આઇ. ટી.ની સંસ્થામાં એમની કેવી ઉજ્જવલ કારકિર્દી હતી એ અહીં કહેવાની જરૂર નથી. જ્યાં અભ્યાસ કરતા ત્યાં એમને પારિતોષિક, ચંદ્રક, શિષ્યવૃત્તિ વગેરે મળતાં જ. પણ એ કેવળ પરીક્ષામાં ઉત્તીર્ણ થવા પૂરતી જ કુશળતા હતી એમ નહિ. બુદ્ધિની તીવ્રતા, ગમે એવા ગહન વિષયમાં પણ પારંગત થવાની શક્તિ, આડંબર વગર સરલ અને સ્પષ્ટ લખવાની કલા,—એ સૌને પરિણામે એ જ્યાં હોય ત્યાં દીપી ઊઠતા. એમનું જ્ઞાન, એમની ચપળતા અને એમની સફળતાથી એમના સહાધ્યાયીઓ પણ આશ્ચર્ય પામતા. એમના એક અમેરિકન પ્રૉફેસર સ્ટ્રૂઇકે મારી પુત્રી ઉમાને કહ્યું હતું કે 'અનેક વિદ્યાર્થીઓ મારા હાથ નીચે અભ્યાસ કરી ગયા છે, પણ ડૉ. પંડ્યા જેવો વિદ્યાર્થી મેં હજી સુધી નથી જોયો!' અને એ તો ગણિતના અધ્યાપક હતા, જે અન્તુભાઇનો ખાસ વિષય પણ નહોતો! ૧૯૩૮માં આન્તરરાષ્ટ્રીય પારિતોષિક એમને મળ્યું એ આપણા દેશ માટે ઓછા ગૌરવની વાત નહોતી.

કલકત્તામાં, સિબપુરની કૉલેજમાં થોડા જ વખતમાં એમણે વિદ્યાર્થીઓની અને શિક્ષકોની પ્રીતિ સંપાદન કરી. યુનિવર્સિટીની સેનેટ-સિન્ડિકેટમાં ને અનેક કમિટીઓમાં એ સભ્ય હતા. બંગાળમાં ઈજનેરી કેળવણીની સંસ્થાઓ તપાસવા એ ઢાકા, ચટગાંવ વગેરે સ્થળે પણ ગયા હતા. એ વેળાનું બંગાળનું વાતાવરણ વિષમ હતું. બંગાળીઓની પ્રાંતિકતા, મુસ્લિમ લીગનું કોમી રાજ્ય, વિદ્યાર્થીઓની શિસ્તહીન વર્તણૂક એ બધાંની વચ્ચે કામ કરવું સહેલું નહોતું. પણ અન્તુભાઇ એ બધાં વિઘ્નો ને મુશ્કેલીઓ છતાં પોતાની અસાધારણ શક્તિ, ચારિત્ર્યબળ ને મીઠાશથી બધાને આંજી નાખતા અને મન હરી લેતા. એમના જેવી આત્મશ્રદ્ધા મેં આપણા દેશમાં તો બહુ થોડા માણસોમાં જોઈ છે. જેમ કામ વધારે મુશ્કેલ, એમ એ માથે લેતું. આપણી શુદ્ધ બુદ્ધિ હોય, આપણામાં દૃઢતા ને હિંમત હોય તો પછી શા માટે અને કોનાથી

કરવું? કવિ બ્રાઉનિંગના શબ્દો એમને માટે યથાર્થ હતા:

Then, welcome each rebuff
That turns earth's smoothness rough,
Each sting that bids nor sit nor stand but go!
Be our joys three-parts pain!
Strive, and hold cheap the strain;
Learn, nor account the pang;
dare, never grudge the throe! *-Browning*

સિબપુરમાં મને એક વાર વાત કરતાં કહ્યું કે 'મારી પહેલેથી જ ખાતરી હતી કે જિંદગીમાં મને સફળતા મળશે જ. હજી તો આપણે જુવાન છીએ. હજી ઘણું કરવાનું છે, જોવાનું-જાણવાનું છે, દેશને મહાન કરવાનો છે!' બીજી જૂનની સવારે જ્યારે ખબર મળ્યા કે અદ્‌ભુત ચેતનવાળા, આશાભર્યા, નવજુવાન અન્તુભાઇ સદાને માટે ચાલ્યા ગયા છે, ત્યારે એ શબ્દો મને ફરીફરી યાદ આવ્યા અને તીરથી પેઠે હૃદયમાં ભોંકાયા! એ મનોરથોભર્યા જીવનને વિધિએ પૂર્ણ ન થવા દીધું, ભવિષ્યની એ આશાઓ રાખ થઇ ગઇ!

યુદ્ધના સમયમાં એમણે સપ્લાઈ ડીપાર્ટમેન્ટમાં નોકરી સ્વીકારી. એ પહેલાં કોઈ હિંદીને નહોતું મળ્યું એવું સ્થાન Depuly Director General of Munitions Production(દારૂગોળો ઉત્પન્ન કરનાર કારખાનાંઓના નાયબ વડા) પણ એમણે મેળવ્યું. વિદ્યાનું મંદિર છોડીને, પરદેશી સરકારના ખાતામાં તે વખતે એ કામ કરવા ગયા એ મને સાલતું હતું અને અમે એ વિષે ચર્ચા પણ કરતા. પરંતુ ત્યાં પણ એમની કાર્યદક્ષતા, પ્રામાણિકતા અને સ્વદેશી ઉદ્યોગોને સહાય કરવાની તત્પરતાથી સૌ કોઈ પર છાપ પાડી. એ વખતે પણ તે સમયના સપ્લાઈ ખાતાના મંત્રી સર રામસ્વામી મુદલિયારે મારી આગળ એમની ખૂબ પ્રશંસા કરી હતી એ મને યાદ છે.

એક વાર કલકત્તાથી દિલ્હી જતાં ટ્રેનમાં અમૃતસરની કોઈ નાની ઇજનેરી કંપનીના એક શીખ ભાઈ બીજા ઉતારૂ આગળ અન્તુભાઇનાં વખાણ કરતા હતા એ સાંભળી મને બહુ આનંદ થયો. અનેક નાના-મોટા અમલદારો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ એમના કામની સ્તુતિ કરતા. છતાં મને લાગ્યા કરતું કે આ કંઇ એમના જેવા માટેનું કામ નથી.

૧૯૪૪માં જ્યારે Planning and Development Department (આયોજન ને રાષ્ટ્રવિકાસનું ખાતું) સ્થપાયું ને સર અરદેશર દલાલ એના મંત્રી હતા ત્યારે અન્તુભાઇને એ ખાતામાં લેવાની મેં સૂચના કરી હતી. સર અરદેશરે કહ્યું 'એના કરતાં શું વધારે સારું?' તરત જ એમણે નામ લખી લીધું ને અન્તુભાઇને પત્ર લખ્યો. પહેલાં ઈચ્છા હોવા છતાં ગમે તે કારણસર અન્તુભાઈએ ના પાડી. મને આથી જરા ખેદ થયો. આ વિષે મેં એમને પૂછ્યું. અન્તુભાઇએ કહ્યું કે એમના વિચાર જુદા હતા. સિબપુરની કૉલેજમાં ફરી લેવા બંગાળની સરકાર તૈયાર હતી ને એમને Private consultation (સલાહ આપવાનું અંગત કામ) કરવા દેવાની છૂટ આપતી હતી; પણ ત્યાં જવાની યે એમની ઇચ્છા નહોતી. એમણે કહ્યું: 'મારી ઇચ્છા તો એક મોટી બાંધકામ કરનારી ઇજનેરી સંસ્થા આપણા દેશમાં ઊભી કરવાની છે. બંધો, નહેરો વગેરે મોટાં મોટાં બાંધકામો માટે આપણે પરદેશી ઇજનેરોને, expert technicionsને પૂછવું પડે છે, એમની સલાહ લેવી પડે છે, એ બધા પ્લાન અને નકશા બનાવી આપે છે. એવું શા માટે હોવું જોઈએ? મને થોડા જુવાન માણસોને અમેરિકામાં ભણતા હતા ત્યારથી આની હોંશ છે. પણ



જર્મનીમાં · ૧૯૫૦માં

મારી પાસે પૈસા નથી; મારી પડખે અને સાથે કોઇ સાહસિક ધનવાન હોય જેને પણ આવો આદર્શ હોય અથવા જેની આમાં સહાનુભૂતિ હોય તો હું કંઇ કરી શકું. મારો વિચાર હાલ તો બાંધકામ કરવા માટે એક નવી ઇજનેરી કંપની કાઢવાનો છે. એ પરથી મને અનુભવ મળશે, આપણા દેશમાં આવી જાતનું કામ કરવામાં શી અડચણો છે એનો ખ્યાલ આવશે અને એ દ્વારા હું મોટાં કામો કરી બતાવીશ. મને તો મોટી ઇમારતો ચણાય, બંધો બંધાય, એ જોવાની હોંશ છે; દેશની આ રચનામાં ભાગ લેવો છે. હું કંઈ નવું નહિ યોજું અને નહિ રચું ત્યાં સુધી મને સંતોષ નહિ થાય!' જેમ શિલ્પી નવી પ્રતિમા ઘડવા માટે તલસે છે, ચિત્રકારને પોતાના અંતરની લાગણી મૂર્ત કર્યા વગર સ્વસ્થતા નથી થતી, એમ ઇજનેરને પણ નવી ઈમારતો ઘડ્યા વગર જંપ નથી વળતો એ ત્યારે મને સમજાયું. આને જ સર્જનનો આનંદ-Joy of creation કહેવાય.

અન્તુભાઈએ નવી ઇજનેરી કંપની શરૂ કરી; એના મુખ્ય સંચાલક એ પોતે જ હતા. બે વર્ષમાં એને દેશભરમાં જાણીતી કરી. એમની કુશળતા અને અથાગ મહેનતનું એ પરિણામ હતું. પરંતુ મને લાગ્યા કરતું હતું કે આપણા દેશમાં ઈજનેરી કામ કંટ્રાક્ટ લેનારનું બની ગયું છે. નથી એની પ્રતિષ્ઠા, નથી એમાં સીધી રીતે કામ થતું. કંટ્રાક્ટરવર્ગ લોભી છે, અધિકારીવર્ગ પાસે કામ લેતાં અનેક જાતની લાગવગ લગાડવી પડે છે. પરંતુ કામ જેમ વધારે કઠણ એમ અન્તુભાઈ વધારે ઝંપલાવે એવા હતા. વિષમ સ્થિતિની દલીલ કરીએ તો કહે કે એ સ્થિતિ વિષમ છે માટે જ આપણે બદલવી જોઇએ; સારા માણસો એમાં નહિ પડે તો સ્થિતિ ક્યારે સુધરશે? આ વિષે અમારા એક મિત્ર ડૉ. સુધીર સેન જે દામોદર વૅલી કૉર્પોરેશનના સેક્રેટરી છે એમણે મારી પર એક પત્રમાં લખ્યું છે એ સાચું છે.

'મારા છેલ્લા પત્રમાં જણાવ્યા મુજબ પંડ્યાનું માનસ-બંધારણ

ખરા પાયોનિયર—અગ્રગામી-નું હતું. એનો આ અગ્રગામીપણાનો જુસ્સો જ એમને બીજી નોકરીઓ છોડીને જંગી બાંધકામો માથે લેવા પ્રેરતો. એમનું જાણે એક સૂત્ર જ થઈ ગયું હતું કે મોટાં કામ હમેશાં મોટી રીતે જ હાથ ધરવાં જોઇએ. તેમની આર્ષદ્રષ્ટિએ એ જોઈ લીધું હતું કે આધુનિક પદ્ધતિ પર યોજાએલી ને છેલ્લામાં છેલ્લી યાંત્રિક શક્તિઓ વાપરીને બાંધકામ કરી આપનારી તદ્દન અદ્યતન પેઢીઓ સ્થાપ્યા વિના આ દેશ પોતાની વિકાસદિશામાં કદી ઝાઝી પ્રગતિ કરી શકવાનો નથી.

તોપણ તેમણે જે ધંધો પસંદ કર્યો તેની મથરાવટી મેલી હતી. અને લોકો એમની આ પસંદગી પ્રત્યે વહેમથી જોતા. એમનો હેતુ બહુ જૂજ લોકો સમજી શકેલા. કેટલાક તો તેમના પ્રામાણિકપણા વિષે પણ શંકા ઉઠાવતા. પણ પંડ્યા તે વિષે લાપરવા હતા. તેને તો જંગી કામો પાર પાડવાનો કીમિયો જાણી લઇને આ દેશમાં તે અમલી બનાવવાની તાલાવેલી લાગેલી એટલે એ આહ્વાન પણ ઝીલી લીધું. થોડા સમય પહેલાં બંગાળના ટાગોર કુટુંબે જેમ નૃત્ય અને સંગીતને અધોગતિની ખાડમાંથી બચાવીને સામાજિક પ્રતિષ્ઠા આપી હતી અને તેમને સૌંદર્ય તથા આનંદનો બહુજનસમાજને આસ્વાદ કરાવતો રૂપાવતાર આપ્યો હતો, તેવી રીતે પંડ્યાને પણ આ કૉન્ટ્રૅક્ટરના ધંધાને વિશુદ્ધ તથા ઉન્નત બનાવી પ્રામાણિકપણા અને ગૌરવની ઉચ્ચ કક્ષાએ મૂકવાના કોડ હતા. આ તેનું સ્વપ્ન હતું, અને મને તો લેશમાત્ર સંશય નથી કે જો એમને દીર્ઘાયુ મળ્યું હોત તો તેમણે તે પાર પાડ્યું જ હોત.'

મુંબાઈને પાણી પૂરું પાડવાની યોજનામાં વૈતરણા નદીની ટનલની બાંધકાંમનું, બિહારમાં દામોદર નદીની ગંજાવર યોજનામાં કોનારનો બંધ બાંધવાનું કામ એમણે માથે લીધું. આ પ્રકારનાં કામ યુરોપ-અમેરિકામાં હાલ કેવાં થાય છે, એમાં છેલ્લાં દસ વર્ષમાં શી પ્રગતિ થઇ છે એનો અભ્યાસ કરવા ગયે વર્ષે ઑગસ્ટ મહિનામાં એ પરદેશ જઇ આવ્યા અને પુષ્કળ માહિતી મેળવી આવ્યા. કંડલા બંદરના બાંધકામ માટે પ્રયાસ કરતાં પહેલાં એ જાતનું કામ કેમ થઈ શકે એ જોવા માટે માર્ચમાં એમનાં પત્ની સાથે યુરોપ ગયા. એમની તૈયારી હમેશાં વિસ્તૃત અને ઝીણવટભરેલી હતી. ઘણા પરદેશીઓ સાથે સંબંધ રાખતા અને પત્રવ્યવહાર કરતા, પણ પરદેશ કે પરદેશીઓ ઉપર લાચારી રાખવાની વિરુદ્ધ હતા. પરદેશથી જ્ઞાન કે નિષ્ણાતો લાવવા ખરા, પણ ધારીએ તો એમનાથી પણ વધારે સારું કરી બતાવીએ એમ એ માનતા. કહેતા કે, 'આપણા દેશમાં ખરા રાષ્ટ્રવાદી ગાંધીજી હતા. એમને આપણા દેશના લોકોપર શ્રદ્ધા હતી, આપણા ભાવિમાં વિશ્વાસ હતો. ગમે તેવા છીએ પણ એમાંથી જ આપણે ભવિષ્ય ઘડવાનું છે એમ એ માનતા. એ જ ખરો માર્ગ છે.'

હસતા મેં એ મુંબાઇમાં-અંધેરીમાં મને મળવા આવ્યા ત્યારે યુરોપના છેલ્લા પ્રવાસની વાત કરી. કહે કે. 'આપણી ઋતુ ખરાબ છે એમ આપણે કહીએ છીએ ને કામ માટે પ્રતિકૂલ છે એમ ધારીએ છીએ. પરંતુ આ પ્રવાસ પછી મારી ખાત્રી થઈ છે કે એમ નથી. યુરોપ-અમેરિકાનો આકરો શિયાળો વધારે ખરાબ છે. મારા કામને અંગે હું ગામડાંમાં જાઉં છું ત્યાં જોઉં છું કે આપણે કેટલું કામ કરી શકીએ એમ છીએ. —રસ્તા, નહેરો કે ગામડાંની શાળા કે એવાં મકાનો બાંધવાનો ઉત્સાહ લોકોમાં જાગૃત કરી, એમની શક્તિમાંથી જ ઘણું બળ ઊભું કરી શકાએ. પંડિતજી આ જરૂર કરી શકે!'

૧૯૪૭માં રાષ્ટ્રીય સરકારની સ્થાપના થઈ ત્યારે ઉદ્યોગ ને પુરવઠા ખાતાના ડાયરેક્ટર જનરલની પદવી પર અનંતભાઈને નીમવાની વાત હતી એ થોડાને જ ખબર છે. એમને પૂછવામાં પણ આવ્યું હતું. એમને આગ્રહ કરીને હા પડાવ્યા પછી ડૉ. જે. સી. ઘોષને એ સ્થાન આપવામાં આવ્યું હતું. આથી સ્વાભાવિક રીતે અનંતભાઈને માઠું લાગ્યું હતું. છતાં બીજે જ વર્ષે બૅંગ્લોરની હિંદુસ્તાન ઍરક્રાફ્ટ કંપનીના જનરલ મૅનેજર તરીકે થોડા મહિના માટે પણ કામ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો, અને સરદાર વલ્લભભાઇએ પણ કહ્યું ત્યારે એ કામ હાથમાં લીધું. ત્યાં પણ એમનું કામ દીપી નીકળ્યું. ૧૯૪૮ના સપ્ટેમ્બરમાં હું બૅંગ્લોર ગયો ત્યારે માઇસોરના મંત્રીઓ વગેરે એમના કામની પ્રશંસા કરતા હતા. ટાટા કંપનીના મુખ્ય સંચાલક શ્રી જે. આર. ડી. ટાટા હિંદુસ્તાન ઍરક્રાફ્ટ કંપનીના ડીરેક્ટર છે. એ મારી પર લખે છે:

'ડૉ. અનન્ત પંડ્યાના કરુણ અવસાનના સમાચાર સાંભળી મને અત્યંત આઘાત અને શોક થયો. એ હિંદુસ્તાન ઍરક્રાફ્ટના જનરલ મેનેજર હતા ત્યારે મારે એમની સાથે સારો પરિચય થએલો ને જે કોઈ એમના સંપર્કમાં આવતા એમને એમના વિષે ઊંચો અભિપ્રાય થતો, એમ મને પણ એમની કાર્યશક્તિ ને એમના જ્ઞાન વિષે બહુ ઊંચો મત હતો. તે ઉપરાંત, માણસ તરીકે પણ મને એ બહુ ગમી ગયા હતા. આપણા દેશમાં એમના જેટલી ઉચ્ચ કોટિના થોડાક જ ઈજનેરો છે અને અકાલે એમના અવસાનથી દેશને મોટી ખોટ પડી છે.'

ગયા ડિસેમ્બરમાં, 'ઈકૉનૉમિક ઍન્ડ મિલિટરી કૉન્સીક્વન્સિસ ઑવ ઍટમ બૉમ્બ' નામે પુસ્તકના લેખક અને (અનુ. પૃ. ૨૫૧મે)

સુભાષિત

अतिरूपाद्धृता सीताऽतिगर्वाद्रावणो हतः।
अतिदानाद्बलिर्बद्धश्चाति सर्वत्र वर्जयेत्॥

અતિ રૂપે હરી સીતા, હણ્યો ગર્વે 'તિ રાવણ,
અતિ દાને બલિ ચાંપ્યો, **અતિ સર્વત્ર વર્જવું.**

[વિવરણ : ગયા અંકમાં આપેલા શ્લોકના જેવો આ યે એક સાદો પણ મૂલ્યવાન શ્લોક છે. 'અતિ સર્વત્ર વર્જયેત્' એ વાક્ય તો આપણામાં એક કહેવત જેવું થઇ ગયું છે. કવિએ તો એની રીત પ્રમાણે ઉદાહરણો આપ્યાં છે, પરંતુ આજે આપણે જીવનનાં અનેક ક્ષેત્રોમાં કાંઈ ને કાંઈ અતિ થતું જોઇ રહ્યા નથી? ખાવા અને ઊંઘવાથી માંડીને નિત્ય વ્યવહારનાં અને મોજશૉખનાં અનેક કાર્યોમાં, અને છેક રાજકારણના અનેક વાદોમાં અતિ જ દેખાઇ રહ્યું છે. દરેક ક્ષેત્રમાં એનું ઉદાહરણ આપીએ તો એક નાનું રસમય પુસ્તક થાય. સ્વ. સર રમણભાઇએ આપણી જૂની રૂઢિઓમાં થઈ રહેલા અતિને બતાવતાં આપણા સાહિત્યનું એક અમર પુસ્તક 'ભદ્રંભદ્ર' લખ્યું છે. એ નજરથી જોઈશું તો દરેક કાર્યક્ષેત્રમાં કોઈ ને કોઈ રૂપે ભદ્રંભદ્ર દેખાઈ આવશે. જીવનનાં કેટલાંક ક્ષેત્રોમાં તો અતિ ભારે અનર્થ ઉપજાવે છે. સારી ગણાતી વસ્તુમાં અતિ કેવું ભયંકર છે તે બલિરાજાના દાખલાથી સમજાય છે. વરસાદ ખૂબ જરૂરની વસ્તુ છે, પણ એ ય જ્યારે વધારે પડે છે ત્યારે શું થાય છે એ તો બધાના અનુભવની વાત છે. અતિ, અતિશય વગેરે શબ્દો તો દેખાવમાં ઠીક લાગે છે. પરંતુ અતિને માટે તો **ઘેલછા** શબ્દ જ વધારે બંધ બેસે છે. એ ઘેલછાને કાબૂમાં રાખવાથી ઘણાં દુઃખનો ભાર હલકો થાય.
ર. ભી.]




હિંદી કળાના ઇતિહાસમાં ગુજરાતનો ફાળો

વિદ્વાન કલાવિવેચક ડૉ. હરમાન ગચટ્સના લેખ પરથી-અનુવાદક
રમણલાલ નાગરજી મહેતા એમ. એ.

ઈ. ૧૨૨૨માં ધોળકાના વાઘેલાઓએ સોલંકીઓનો નાશ કર્યો; પરંતુ તેમની સત્તા સોલંકીઓ જેવી બળવાન ન હતી. સિદ્ધરાજ જયસિંહે (ઈ.૧૦૯૪/૧૧૨૭-૧૧૪૩) ને કુમારપાળે (ઈ. સ. ૧૧૪૩-૧૧૭૪) પોતાનું સામ્રાજ્ય ઠેક મારવાડ, માળવા, સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી જમાવ્યું હતું. પરંતુ વાઘેલાઓને તો તેમના રાજ્યની સરહદો પર આવેલાં નવાંનવાં નાનાં રાજ્યો અને જંગલોમાંથી આવતા રાજપૂતોના હુમલા સામે ખૂબ ઝઝૂમવું પડેલું. આને લીધે તેમને તાબડતોબ નગરોની આસ-પાસ દુર્ગો ખડા કરવા પડ્યા. પરિણામે તેમના સમયની કળાની કક્ષા ઊતરી ગઇ અને 'રાજપુત લોકકલા'નું તત્ત્વ ધીમેધીમે પ્રવેશવા માંડ્યું.

૧૧મી સદીના મધ્ય હિંદના પશ્ચિમના ભાગના સ્થાપત્યમાં—સુરવાયા, ગ્યારસપુર, ખેર, કડવાહ અને તેરહી(જુઓ નકશો)નાં મંદિરોમાં—સોલંકી કળા સાથે પુષ્કળ મળતાપણું છે. (નીચે ચિત્ર: ૧) આ કોઈ જુદો જ સમકાલીન વિકાસ છે કે ગુજરાતની જ અસર છે તે સ્પષ્ટ



ચિત્ર નં. ૧: મધ્ય હિંદમાં ભીલસા પાસે ગ્યારસપુરના મંદિરનાં ખંડિયેરોનાં આ સ્તંભ, તથા બ્રેકેટ ઉપર પીઢડા મૂકીને સ્થાપત્યરચના કરવાની રીત ગુજરાતી કળાની છે (ફરગસન)



ચિત્ર નં. ૨: ૩૦૦મા અંકમાં આખું પાનું ભરીને જેનું ફુમદા ચિત્ર આપ્યું હતું તે, ચિતોડના રાણા કુંભાએ ઊભા કરેલા જય-સ્તંભમાં તો ગુજરાતની સ્થાપત્યપ્રણાલી ચોખ્ખી છે જ; પણ તે પછી એ જ ચિતોડના કિલ્લામાં તેના જેવી જ આકૃતિના શ્રી અલ્લટના આ જૈન સ્તંભની કારીગરી પણ ગુજરાતી કારીગરોની જ છે. (ફરગસ્સન)





ચિત્ર ૩: જમણી બાજુ–ખેડબ્રહ્માના મંદિર પરના એક ગોખમાંની નટરાજ શિવની ૧૧મી સદીની આ સુંદર મૂર્તિમાંની સોલંકી શિલ્પની પ્રબલ ચેતનવંતી ને ઉત્કૃષ્ટ મૂર્તિકલા ગયા અંકમાં આપેલી મોઢેરાના ગોખમાંની ઇન્દ્રની મૂર્તિની કારીગરીની યાદ આપે છે. એના આલેખનમાંની આવેગભરી છટા જુઓ, અને જોડેની (ડાબી બાજુ ચિત્ર નં. ૪) મેવાડની ૧૫મા સૈકાની 'મહિસાસુર મર્દિની'ની પિત્તળની મૂર્તિ તેની સાથે સરખાવો, એટલે ચાર સૈકામાં કળાની કક્ષા કેટલી ઊતરી ગઇ તે સમજાશે. (ફોટો · ગઆર્ટ્સ અને વડોદરા મ્યૂઝિયમ.)

કહી શકાય એમ નથી. પરંતુ કદાચ જુદો વિકાસ હોય તોપણ તે ગુજરાત સાથેના ગાઢા પરિચય સિવાય શક્ય નથી.


પણ બારમી સદીમાં તો, કુમારપાળે જૈન ધર્મ અંગીકાર કર્યા પછી અને તેના તથા અર્ણોરાજ ચાહમાનના બેવડા લગ્નસંબંધ પછી સોલંકી કળાએ ખરેખર રાજપુતાના પર અસર પાડવી શરૂ કરી દીધી હતી. ચિતોડનો કીર્તિસ્તંભ, બિકાનેર રાજ્યના તારાનગરનું જૈન મંદિર, અને ઓસીઆના મહાવીરના મંદિરનું ગુજરાતી તોરણ આ વખતે બંધાયાં હતાં. તેમાં ગુજરાતની સ્પષ્ટ અસર છે. જુઓ પાછલે પાને ચિતોડના જૈન સ્તંભનું ચિત્ર નં. ૨.

વાઘેલા યુગમાં વળી એક સમૃદ્ધ પણ ઊતરતી કક્ષાની સોલંકી કળાનું મોજું રાજપુતાનાના બીજા ભાગોમાં ફરી વળેલું દેખાય છે. દાખલા તરીકે મારવાડમાં ઓસીઆ અને ડીડવાણ, બિકાનેર રાજ્યના ઉત્તર ભાગમાં પલ્લૂ તથા જેસલમેર, વગેરે જગ્યાઓમાં તે સ્પષ્ટ છે. મુઘલોના અસ્ત વખતે જેમ મુઘલ કલાકારોને ધંધાની શોધમાં હિંદના બીજા ભાગોમાં જવું પડ્યું હતું, તેમ ૧૩મી સદીમાં ગુજરાતની પડતીને લીધે સોલંકી શૈલીમાં કામ કરતા ગુજરાતી કલાકારોને પણ જીવનનિર્વાહ અંગે રજપુતાનાનાં આ બધાં દુર્ગમ સ્થળોએ વસતા જૈનોનો આશ્રય લેવો પડ્યાં હશે તેનું જ આ પરિણામ છે.

આમ, ધીરેધીરે તૂટતી જતી કલાપરંપરાની આ ક્રિયાને ઈ. સ. ૧૨૯૮માં થએલા કુલુઘખાન ખિલજી અને નસરતખાન જલેસરીના વિજયે ઝડપી કરી. જોકે શરૂઆતના એ મુસલમાન સુબાઓએ હિંદુ અને જૈન મંદિરો લૂંટ્યાં તથા તેનો નાશ કર્યો ખરો, પરંતુ તેમની સત્તા માત્ર મધ્યના સપાટ પ્રદેશો પર જ હતી. કાઠિયાવાડ, આબુ, ઈડર, માંડલ, ડુંગરપુર, નાંદોદ, પાવાગઢ વગેરે જગ્યાઓએ તો હિંદુ રાજાઓએ મુસલમાનોનો સામનો કરીને છેક પંદરમી સદીના મધ્ય ભાગ સુધી પોતાની સત્તા ટકાવી રાખી. હિંદુ કળાએ ખાનગી ઘરોમાં, કે શત્રુંજય ગિરનાર આદિનાં કિલ્લેબંધ મંદિરોમાં, કે અચલગઢ પાવાગઢ અને તારંગા પર્વતની દીવાલોના રક્ષણ પાછળ જઇને આશ્રય લીધો. આ રીતે સોલંકી યુગની આખી સમૃદ્ધ પ્રણાલિકા પેઢીઉતાર સલામત સચવાતી તો આવી, પણ આ બધી પ્રતિકૂળ પરિસ્થિતિમાં તેનો મૂળનો મુક્ત અને ઉન્નત આત્મા ચાલ્યો ગયો હતો. સ્થાપત્યનું આયોજન જોકે વિશાળ અને અટપટું બન્યું હતું ખરું, પરંતુ તેનાં વ્યક્તિગત રૂપોમાં અધોગતિ અને સાદાઈ ઝડપથી વધતી ગઈ હતી. અને શિલ્પમાં તો વળી એવાં જડ રૂપો પ્રકટવા લાગ્યાં કે જેણે પાછળની જૈન કળાને બદનામ કરી મૂકી. વડોદરાના સંગ્રહસ્થાનમાં તારીખ નાખેલી એક પિત્તળની અંબિકાની મૂર્તિ છે તે, ઈ. ૧૩૫૦માં ગુજરાત પર થએલી મહમદ તઘલખની ચડાઈ વખતે કલા કેટલી અધોગતિએ પહોંચી હતી તેનો આબેહૂબ ખ્યાલ આપે છે.



ચિત્ર-૫ : છેક હિમાલયની તળેટીમાં કાંગરા ખીણમાં નાદાઉન ખાતે આવેલા આ મંદિરના સ્થાપત્યમાં (કમાન, છત, ઘુંમટ, પૂતળીઓ વગેરેમાં) ગુજરાતનું જ અનુકરણ છે (ફોટો-ગ્રઅર્સ). જમણી બાજુ ચિત્ર નં.૬—અમદાવાદના સુલતાનોએ હિંદુ મંદિરોના સ્થાપત્યને મસ્જિદોમાં જે રીતે ઘટાવી લીધું તેના નમૂના રૂપ બાબા લૂલીની મસ્જિદનું આલેખન-એમાં થાંભલાનો ઘાટ, તથા અંદર સભામંડપમાં પ્રકાશ લેવા માટેની ઉપરના માળની રચના શુદ્ધ ગુજરાતી છે. નીચેના ભાગમાં વચ્ચે દેખાતો મહેરાબ તે હિંદુ મંદિરના એ ગર્ભગૃહનું હૂબહૂ પ્રવેશદ્વાર છે. (બર્જેસ)



પરંતુ આ દરમ્યાન પણ ગુજરાતી કલાકારોનો પ્રવાહ તો અવિરતપણે બહાર વહ્યે જ જતો હતો અને ઉત્તરમાં તેઓ છેક કુમાઉ સુધી ફેલાઈ ગયા હતા (જુઓ નકશો તથા ઉપર ચિત્ર નં. ૫). ફિરોઝશાહ તઘલખના મૃત્યુ પછી એ વંશ છિન્નભિન્ન થતો ચાલ્યો, એ કાળમાં કુમાઉના છેલ્લા કત્યુરી રાજાઓ તથા ત્યાંના માંડલિક ગરૂર જ્ઞાનચંદે (૧૩૭૪-૧૪૧૯) ગુજરાતમાંથી બ્રાહ્મણો અને સલાટોને બોલાવ્યા હતા. એમણે રચેલાં દ્વારહાટનાં ગુર્જરદેવનાં મંદિર તથા ચંપાવતનાં બાલેશ્વરનાં મંદિરો (૧૩૯૨-૧૪૩૩)ના અવશેષો આજે પણ તેની શાખ પૂરે છે. (જુઓ ગયા અંકમાં પૃ. ૧૯૨ ઉપરનું ચિત્ર)

અને હવે ફરી હિંદુઓની ચડતી કળા થવા માંડી. ચૌદમી સદીના અંતમાં તો રાજપૂતો ફરી સત્તા જમાવવા માંડ્યા અને મુસ્લિમ અમલે તેમને જે જંગાલિયતમાં ધકેલી દીધા હતા તેમાંથી તેઓ સાંસ્કૃતિક પુનર્જીવન પામવા લાગ્યા; અને પંદરમી સદીના મધ્ય ભાગ સુધીમાં તો મુસ્લિમ રાજ્યોનો સફળતાપૂર્વક સામનો કરી શકે તેવાં મજબૂત રાજપૂત રાજ્યો સીરોહી, જોધપુર, બિકાનેર, જેસલમેર, બુંદી, ઓરછા અને છેક અલમોડા, ચંબા તથા કુલુ સુધી, તથા ખાસ તો મેવાડ(ચિતોડગઢ)માં મહાન રાણા કુંભાની આગેવાની નીચે પ્રકટવા લાગ્યાં. સાથોસાથ મુસ્લિમ વિજેતાઓનું દૃષ્ટિબિંદુ પણ પલટાયું. તઘલખોના સમય સુધી તો તેઓ પોતાને દૂરનાં સંસ્થાનોમાં જઈ વસેલા પરદેશીઓ માનતા, પણ હવે તેઓ પોતાને હિંદના ભૂમિજાત વતની માનવા લાગ્યા; અને જોકે હિંદુઓને મૂર્તિપૂજક કાફરો તરીકે ઘૃણાની નજરે જોવાનું તો તેમનું ચાલુ જ હતું, તોપણ જ્યાં સુધી હિંદુઓ તેમની અધીન પ્રજા તરીકે અને સેવક તરીકે રહેવા તૈયાર હોય ત્યાં સુધી તેમની જોડે સહિષ્ણુતાથી વર્તતા.

પણ કલાની દૃષ્ટિએ વધારે અગત્યની વાત તો એ હતી કે અમદાવાદ અને ગૌડના સુલતાનો તથા થોડેઘણે અંશે માળવાના ખિલજી અને દિલ્હીના લોદીઓને તો, શિલ્પસ્થાપત્યોમાં પણ, ઈસ્લામમાં મના ફરમાવેલી સજીવ આકૃતિઓ તથા દેવદેવતાઓની મૂર્તિઓ સિવાયની હિંદુ રૂપાકૃતિઓ ઉતારવા દેવામાં કે કાંઈ વાંધો ન હતો. ખાસ કરીને અમદાવાદના સુલતાનોએ તો હિંદુ ને જૈન સ્થાપત્યનો છૂટે હાથે લાભ લીધો અને હિંદુ મંદિરોના સભામંડપનો મસ્જિદના પ્રાર્થનાચોક તરીકે, ગર્ભદ્વારનો મહેરાબો તરીકે, ગર્ભગૃહનો મિનારના પ્રવેશદ્વાર તરીકે અને શિખરના ઘાટનો મિનારા તથા ઘુમ્મટની ટોચ તરીકે ઉપયોગ કર્યો. (જુઓ ઉપર ચિત્ર નં. ૬) શરૂમાં મુસ્લિમ વિજેતાઓ ગણ્યાગાંઠ્યા આવતા ત્યારે તો આ બધું કામ ચાલાકીથી બંધ બેસાડી દેવાતું. પણ પછી અમદાવાદના સુલતાનો, (જે પોતે ય રાજપુત વેલાના હતા તે) પણ જ્યારે આ હિંદુ ઢબમાં મુસ્લિમ કલાનાં ઉપરછલ્લાં ધોરણ જ લાગુ પાડવામાં સંતોષ લેવા લાગ્યા ત્યારે એ પદ્ધતિ ભવિષ્ય માટે બહુ મહત્ત્વની નીવડી. પછી તો કારીગરોએ મંદિરો ને વાવો, મસ્જિદો ને રોજાઓમાં બધે સંજોગાનુસાર પોતાની પરંપરાગત કલાપ્રણાલીઓને ઉતારીને સજીવ રાખી, એટલું જ નહિ પણ વધુ સ્વતંત્ર દૃષ્ટિબિંદુ તથા વધુ ચોકસાઈભરી હથોટી ખીલવતા ગયા. કલાપ્રણાલી માત્ર પેઢી દર પેઢી રૂઢિગત જડ નકલો રૂપે ન ઊતરતાં હવે એક સજીવ ને સમૃદ્ધ વારસો બની ગઇ.



ચિત્ર ૭: રાજપુતાનામાં રાણપુરનું જૈન મંદિર સંપૂર્ણ ગુજરાતી શૈલીનું છે (ફોટો-ડૉ. ડી. ટી. શાહ); નીચે ચિત્ર ૮: રાજપુતાનાની તળપદી પ્રણાલિકા પર ખીલેલી રાજપુત સ્થાપત્યશૈલીનો નમૂનો.

અલબત્ત, મુસ્લિમ મસ્જિદો ને રોજાઓનાં રૂપમાં આમ મુક્તપણે ઉતારેલી સ્થાપત્યની આ પ્રણાલિ હિંદુઓને પછી સ્વીકાર્ય થઇ નહિ. પણ ધાર્મિક સિવાયનાં અન્ય સામાજિક સ્થાપત્યકાર્યોમાં તેનો ઉપયોગ જ્યાં થતો ત્યાં જુદી જ વાત હતી; કેમકે એ બાબતમાં



તો મુસલમાનોએ જૂના રાજપુત રાજાઓએ કરેલા પ્રયત્નોને જ ચાલુ રહેવા દીધા હતા. સુરવાયા, રાનોડ, મહોબા વગેરેના મહેલો તથા મઠો, પાવાગઢ ઉપરનો નવલખી કોઠાર, વગેરે આનાં ઉદાહરણો છે. જોકે મધ્યકાલીન રાજપુત મહેલો તો બહુ જ સાદાસીધા હતા હિંદુ મંદિરોનાં સ્થાપત્યસુશોભનોને મહેલો વગેરે રહેવાનાં મકાનો તથા બીજાં ધર્મેતર બાંધકામોમાં ઉતારવાનું પગરણ તો ગુજરાતના મુસ્લિમોએ જ કર્યું. સરખેજ, પાવાગઢ, ચાંપાનેર કે ડભોઈના મુસ્લિમ સુલતાનોના મહેલોનાં ખંડેરોમાં એની પ્રતીતિ મળે છે.

પંદરમી સદીમાં ઊભાં થએલાં રાજપુત રાજ્યોએ તો આ બંને પદ્ધતિઓ—જૂની મંદિર-પ્રણાલિ તથા ગુજરાતની હિંદુ-મુસ્લિમ મિશ્ર શૈલીના મહેલ-સ્થાપત્યની શૈલી—સ્વીકારી લીધી. સૌ પ્રથમ ચિતોડના મહાન સ્થાપક અને મકાનો બંધાવનારા રાણા કુંભા (ઈ. ૧૪૩૩-૬૮)એ આ પુનરુત્થાનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. એવો જ ભાગ એના વંશજોએ, તેમજ મારવાડ, બિકાનેર, અંબેર, બુંદી, બુદેલખંડ વગેરેના રાજવંશોએ ભજવીને આ પુનરુજ્જીવનને ઉત્તેજન આપ્યું. અલબત્ત, એમણે બંધાવેલાં મંદિરોમાંનાં માત્ર થોડાંક જ સોલંકી કે વાઘેલા-જૈન શૈલીને પૂરીરીતે વિકસાવી છે: દા. ત. રાણપુરનું મંદિર (ચિત્ર નં. ૭), રાણા કુંભાએ બંધાવેલો ચિતોડગઢ પરનો કીર્તિસ્તંભ, વ્રજ અને કુંભસ્યામનાં મંદિરો તથા શૃંગારચોરી, આબુ પરનું કુંભશ્યામ મંદિર, સાદડીનું ઋષભદેવનું મંદિર, રાણા રાયમલ્લે (૧૪૮૮) બંધાવેલું એકલિંગજીનું મંદિર, અને સંગ્રામસિંહે બંધાવેલું કુંભલનેરનું જૈન મંદિર. ઘણી વાર તો ગુજરાતનું આ અનુકરણ વિકૃત પણ હોય છે. પણ ખરું જોતાં તો જૂનાં મકાનોમાં સ્થાપત્યનો જે અર્થ હતો ને બાંધકામના વિવિધ ભાગોની કામગીરી હતી તે લગભગ ચાલી ગઇ હતી ને શિલ્પકૌશલની પણ એ જ દશા થઇ હતી.

જ્યારે બીજી બાજુએ રાજપુતાનાની તળપદી પ્રણાલિકાએ એક નવી શૈલીનું સર્જન કરવામાં પણ ઠીક ફાળો આપ્યો. જોકે તેના પર તો ગુજરાત કરતાં મધ્ય હિંદની મધ્યકાલીન પ્રણાલિની વધુ અસર છે. (ચિત્ર ૮) એ જ રીતે શિલ્પમાં પણ સજીવાકૃતિઓ, મૂર્તિઓ વગેરે છોડી દઈને સાદાં સુશોભનો, ચોકટ કે શક્કરપારાની ભાતો, પ્રવાહી વેલો, ને મોટે ભાગે સાસાનિયન આકૃતિઓથી ભરેલાં વર્તુલો વગેરે લેવાવા લાગ્યાં. અગાઉ ગુર્જર-પ્રતિહાર સમયમાં પણ આવા જ સંજોગોમાં આ જ પ્રકારની ક્રિયા થઈ હતી, તેનું જાણે ફરી પુનરાવર્તન થયું. શિલ્પમૂર્તિઓ પણ પાળિયાઓ પરની આકૃતિઓની લોકશૈલીએ નિર્માણ થવા લાગી. એ પાળિયાઓની શૈલીનું મૂળ ૧૧મી-૧૨મી સદીની પ્રાથમિક દશાની ખાંભીઓ તથા દાતાઓની મૂર્તિઓમાં નીકળે છે, જે પ્રથા કદાચ મધ્ય એશિયામાંથી આવી જણાય છે.

પણ રાજપુત મંદિરોના થાંભલા, છત અને પ્રવેશદ્વારોમાં તો સોલંકી અને વાઘેલા સમયનું ગુજરાતી તત્ત્વ જ આધિપત્ય ભોગવતું હતું. જો કે એમાં કેટલીક આકૃતિઓ ખોટી સમજાઇને તેને વિચિત્ર રૂપો પણ અપાયાં છે. પણ આ પ્રકારની ગેરસમજૂતીઓ તો છેક ઉત્તર સોલંકી કાળમાં પેઠેલી વિકૃતિઓથી થતી આવેલી જણાય છે. સ્તંભશીર્ષ ઉપરનો પૂર્ણઘટ કમળની પાંદડીઓના રૂપમાં ફેરવાઇ ગયો છે, તેની પત્રલતાઓ ગવાક્ષોમાંથી નીકળેલા ત્રિકોણો જેવી બની ગઇ છે, બ્રૅકેટો (ટોડલા કે મદલ) થાંભલાની અધવચ્ચેથી ફૂટી નીકળ્યા છે, વગેરે. રાજપુતાનાનાં મંદિરોની પણ મોટા ભાગની છતો તો સાદી અને ગુજરાતી મસ્જિદોમાં હોય છે એવી, એક પછી એક પથરાતી આવતી કમળપાંદડીભર્યા વર્તુલોથી મંડિત હતી. અપ્સરાઓ ને સુરસુંદરીઓની મૂર્તિઓ—જે (જુઓ પૃ. ૨૪૫મે)

શ્રીયુત પ્રથમ જેમનો પરિચય પામીને તમને પણ જીવનનું એક નવું જ મૂલ્ય સમજાશે

—લેખક—
કેતન મુનશી



માનવીના જીવનનું મૂલ્યાંકન કરવા બેસવું એના જેટલું અઘરું કામ બીજું કોઈ નથી; કારણ, દરેક માનવીને મન પોતાની જિંદગીનું મૂલ્ય બીજા બધા કરતાં કંઈક જુદું જ હોય છે. આનાં કારણો ઘણાં હોઇ શકે. દાખલા તરીકે તવંગર અને ગરીબનાં મૂલ્યાંકનોમાં ફેર પડે છે, કે શક્તિશાળી અને નબળા માનવીઓનાં મૂલ્યો જુદાં હોય છે, કે કીર્તિ મેળવવામાં સફળ થએલ અને સામાન્ય માનવી જુદી રીતે વિચારે છે. પણ આટલું બસ નથી. કદીક વાર તદ્દન સામાન્ય સ્થિતિના માણસો, જેઓ દરેક રીતે બીજા માનવીઓ જેવા જ હોય છે, એમના વિચારોમાં પણ ફરક હોય છે: કોઈક વાર તો એ તફાવત માન્યામાં ન આવે એટલી હદે પહોંચી જાય છે, અને ત્યારે વાર્તાકારને કોઇક સુંદર વાર્તા જડી જાય છે.

આ વાત બહુ જૂની નથી. ગયા જુલાઈની જ વાત છે. મુંબઈમાં જુલાઈ મહિનાના દિવસો જરા વિચિત્રરીતે પસાર થાય છે. ચોમાસું તરતનું જ બેઠેલું હોય છે, પણ વરસાદનો કશો ભરોસો હોતો નથી. હેલી બેસે તો સાતઆઠ દિવસ સુધી વરસાદ વણઅટક્યો પડ્યે જાય છે, ને નહિ તો દિવસમાં એકાદ વાર વરસીને ચાલ્યો જાય છે. એવી હેલીની એક સાંજે ઘરમાં ચેન ન પડવાથી વરસાદ ઝરમર ઝરમર વરસતો હોવા છતાં ઓવરકોટ અને હૅટ પહેરી હું નીકળી પડ્યો. શું કરવું એની સૂઝ પડતી નહોતી, ક્યાં જવું એ નક્કી નહોતું. ચાલતો ચાલતો આવી પહોંચ્યો મરીન ડ્રાઇવ પર.

મરીન ડ્રાઈવનો દેખાવ અત્યારે જોવા જેવો હતો. અથવા તો વધારે સાચું કહું તો ન જોવા જેવો હતો; કારણ, રોજ સાંજે પચરંગી લોકોથી ઊભરાઈ જતો આ રસ્તો અત્યારે કોઈ ત્યકતાની જેમ સૂમસામ પડ્યો હતો. વરસાદ ધીમો ધીમો વરસી રહ્યો હતો, અને તોફાની સમુદ્રનાં મોજાં પાળ સાથે જોરમાં અથડાઈ અરધા ફૂટપાથ સુધી પાણી ઉડાડી રહ્યાં હતાં આજુબાજુ નજર નાખી, પણ એક પણ માનવી નજરે પડ્યું નહિ. કાળાં વાદળોથી ઘેરાએલાં આકાશમાં એક જગ્યાએ જરા પ્રકાશ રેલાતો હતો અને વરસાદમાં થોડો ઉઘાડ પડવાની આશા આપતો હતો. પણ એથી વાતાવરણની શુષ્કતા ઓછી થાય એવી કોઇ આશા નહોતી. વિચારમાં ને વિચારમાં કંટાળો ખાતો ચાલ્યો જતો હતો.

એટલામાં મારી નજરે એક વિચિત્ર દૃશ્ય પડ્યું. મરીન ડ્રાઇવની પાળ પરથી—અને અહીં તો ખાસ્સાં ઊંડાં પાણી હતાં—એક માણસ 'ડાઇવ' મારવાનો વિચાર હોય એમ તૈયાર થઇ રહ્યો હતો. આવા તોફાની દરિયામાં 'ડાઈવ' લેનારના મનના સમતોલપણા વિષે આમે ય મને શંકા તો થાત જ, પણ જો એણે માત્ર 'સ્વિમિંગ કૉસ્ચ્યુમ' જ પહેર્યો હોત તો પાસેના મફતલાલ બાથમાંથી કોઇ સાહસિક જીવડો નીકળી પડ્યો હશે એમ માની હું કશું બોલત નહિ. પણ આ શ્રીયુત તો કોટ-પાટલૂન સાથે જ કૂદકો મારવાની તૈયારી કરી રહ્યા હતા. એટલે હું દોડ્યો અને જેવો એ કૂદકો મારવા જતો હતો એવો જ મેં એનો કોટ પકડ્યો.

'શું છે ?' એણે મારી સામે, કોઇ માણસને વગરકારણે કોઇ સારું કામ કરતાં અટકાવ્યો હોય એવી નજરે જોયું.

'કશું નહિ;' મેં કહ્યું, 'આપનો શો વિચાર છે ?'

'મારે આપઘાત કરવો છે.' એણે સરળતાથી કહ્યું.

હું કશું બોલ્યો નહિ. મેં એનો કોટ ખેંચી એને નીચે પાળ પર મારી પાસે બેસાડી દીધો. એ મૂંગોમૂંગો થોડી વાર સુધી તોફાની દરિયાનાં ઊછળતાં મોજાં તરફ તાકી રહ્યો. પાંચેક મિનિટ અમે એમ મૂંગા બેઠા હોઇશું. પછી એકાએક એ મારી સામે ફર્યો.

'મને બચાવી લીધો એ માટે આભાર.' તે બોલ્યો, 'હું વગર વિચાર્યે જ આવું પગલું ભરી રહ્યો હતો. ફરી કદી આવો વિચાર નહિ કરું. મુશીબતમાંથી છૂટવાનો બીજો કોઈ રસ્તો હોવો જ જોઈએ.'

'કઈ મુશીબત ?' મેં પૂછ્યું.

'નસીબે મને દગો દીધો છે,–ભયંકર દગો.' તે બોલ્યો.

'પૈસા ?' મેં પૂછ્યું.

'ના;' તેણે ડોકું ધુણાવ્યું, 'જોઈએ તેટલા છે.'

'માંદગી ?'

'ઘોડા જેવી તબિયત છે.'

'કશો ગુનો કર્યો છે ?'

'એકે કાયદો હજી સુધી તોડ્યો નથી,–'જો ત્રીસમાં મીઠું પકવવાના ગુનાને બાદ કરો તો.'

'ઘરમાં તકરાર થઈ છે ?'

'ના, હજી સુધી કુંવારો જ છું.' અને તેણે એક નિસાસો મૂક્યો.

'ઓહ, હવે સમજ્યો. પ્રેમમાં નિષ્ફળતા...!'

'એથી ઊલટું. મેં બરાબર મારે લાયક છોકરી શોધી કાઢી છે.'

'એ તમારી દરકાર નહિ કરતી હોય.'

'મારી પાછળ ગાંડી છે.'

હું હતાશ થઈ ગયો. હવે બીજું કયું કારણ હોઈ શકે? (અ. ૨૪૨ ...)

થૂંક

એ ગંદી ગણાતી ચીજ તો અજબ ને જલદ રસાયન છે : જે ખોરાકના અણુએ અણુને તોડીને હોજરીમાં પચવાલાયક બનાવવાનું અરધું કામ કરી આપે છે.

પાચનતંત્રનો
ચોથો વિભાગ
•
મુખમાંઅન્નપાચન
લાળગ્રંથીઓ
અન્નનળી

અને વિશેષમાં આ જાણો છો ?

કે જેવો ખોરાક તેના પ્રમાણમાં તે વધારે-ઓછું ઝરે છે : ❡ એક આખું મોટું સફરજન ખાવા માટે માંડ અરધો તોલો થૂંક જોઇએ, જ્યારે માત્ર અધોળ બિસ્કિટ ખાવા માટે એથી બાર ગણું ! ❡ તાજું ઘાસ ખાવામાં ગાયને બાર ગૅલન લાળ કે થૂંક ઝરે છે, પણ ઘાસ જો સુક્કું હોય તો પચાસ ગૅલન ! ❡ લાળ જેમાંથી ઝરે છે તે નાનામાં નાની ગ્રંથી તો માંડ સવા રૂપિયાભારની હોય છે, પણ એમાંથી આખા દિવસમાં બશેર થૂંક નીકળી શકે છે ! ❡ અને આ જાણો છો ?—કે થૂંક ફીણ જેવું શાથી લાગે છે ? અને એમાં મેઘધનુષના રંગ શાથી દેખાય છે ?

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી


ખોરાકને સંકોરવાનું–આગથી તેમ ફેરવવાનું કાર્ય જીભ કરે છે, તે દરમિયાન ખોરાકમાં લાળગ્રંથીઓના રસ આવીને ભળે છે. આમ થવાથી ખોરાકમાં સમાએલા સ્ટાર્ચતત્ત્વનું પાચન થાય છે.

આપણા મોઢામાં દરેક બાજુએ ત્રણત્રણ લાળગ્રંથીઓ (Salivary Glands) આવેલી છે. તેમનાં નામ તેમનાં સ્થાન મુજબ પડેલાં છે. તેમાંની એક કાનની આગલી બાજુએ ગાલ ઉપર આવેલી છે, તે ઉપકર્ણીગ્રંથી (Parotid Gland). બીજી, જીભની નીચે ગોઠવાએલી છે, તે જિહ્વાધરીય ગ્રંથી. જીભ તાળવા ભણી ઊંચે લઈ જઇએ તો તે આપણી નજરે પણ પડે છે. (પાચક-રસ ગ્રંથીઓમાંની આ એક જ ગ્રંથી એવી છે કે જેને આપણે જોઈ શકીએ છીએ. બીજી બધી મોં પર ચામડી નીચે ઢંકાએલી અને દેહના અંદરના ભાગમાં આવેલા અન્ન-માર્ગમાં આવેલી છે.) ત્રીજી ગ્રંથી નીચલા જડબાના હાડકા નીચે ઢંકાએલી છે, તેનું નામ સબમૅક્ઝિલરી ગ્રંથી.

આ ગ્રંથીઓના સ્રાવને 'લાળ' અથવા થૂંક કહે છે. લાળ કે થૂંકમાં લાળગ્રંથીઓના સ્રાવ ઉપરાંત હોઠથી તે ગળા સુધીના ભાગના અને જીભની શ્લેષ્મગ્રંથીઓના સ્રાવો પણ ભળેલા હોય છે. ઉપરાંત, એમાં હવા પણ ભળેલી હોવાથી થૂંક ફીણ જેવું લાગે છે.

દરેક ગ્રંથી નાનીનાની ગાંઠોની બનેલી છે. એ ગાંઠોની અંદર ચક્રાકારે કોષો ગોઠવાએલા છે. તેમની ચારે કોર કેશવાહિનીઓનું જાળું પથરાએલું છે, કે જેમાં લોહીમાંથી ઝરેલી લસી વહેતી હોય છે. એ લસીમાંથી ગ્રંથીઓના કોષો 'લાળ' નામનો રસ પેદા કરે છે. આ રસ ગ્રંથીઓની ગાંઠોમાં આવેલી સૂક્ષ્મ નળીઓમાંથી વહેતોવહેતો એક મોટી નલિકામાં આવે છે, અને તેમાંથી મોઢામાં ફુવારાની માફક રેડાય છે. અવલોકન કરશો તો કદિક તમને, ખાવાનો આનંદ માણતી કે બોલતી વ્યક્તિની નીચલી દાઢની બાજુએ ગાલની દીવાલમાંથી કે જીભ નીચેથી લાળ-રસનો ફુવારો જોવા મળશે.

ખોરાકને પચાવવા માટે મોંમાં થૂંક અથવા લાળનો સ્રાવ છોડતી ત્રણ પ્રકારની ગ્રંથીઓ: (૧) કાનની આગળ ગાલ પર આવેલી 'ઉપકર્ણી ગ્રંથી'માંથી ખોરાકને ભીંજવીને નરમ બનાવતી પાણી જેવી લાળ ઝરે છે; (૨) જીભની નીચે ગોઠવાએલી 'જિહ્વાધરીય ગ્રંથી'માંથી ઝરતી ચીકણી લાળ તથા (૩) નીચલા જડબાના હાડકા તળે ગોઠવાએલી નાની સરખી 'સબમૅક્સીલરી ગ્રંથીમાંથી ઝરતી ચીકણી લાળ, ખોરાકને લીસો બનાવે છે. એ બધી લાળમાં 'ટાઈલીન' નામનું એક અદ્ભુત રાસાયનિક તત્ત્વ રહેલું હોય છે, જે ખોરાકમાંના સ્ટાર્ચના અણુઓને તોડીને ડેક્સ્ટ્રીન નામની સાકરના રૂપમાં તેનું રૂપાંતર કરે છે. સામેના ચિત્રમાં એ ગ્રંથીઓમાંથી લાળને મોંમાં લઈ જતી નલિકાઓ પણ દર્શાવી છે. મોંની વચ્ચે ઊભી લીટીઓથી દર્શાવેલો સ્નાયુ ખોરાક ચાવવાની ક્રિયા વખતે વપરાય છે. તેની જોડેનો આડી લીટીઓથી બતાવેલો પાતળો સ્નાયુ ગાલની દીવાલ બની રહ્યો છે.



લાળગ્રંથીઓના આ રસ યંત્રવત્ નથી ઝરતા, પણ મગજમાં આવેલા કેન્દ્રની આજ્ઞાનુસાર તેમનું કાર્ય થાય છે. ધારો કે આપણને પાકી કેરી કે મઘમઘતો ચેવડો ખાવાની ઇચ્છા થઈ. તે નજરે પડતાં વેંત જ કે હાથમાં આવે કે તરત જ લાળગ્રંથીઓનું કાર્ય શરૂ થાય છે! અરે, કોકવાર તો અમુક ખોરાકનો વિચાર માત્ર જ લાળગ્રંથીઓને કાર્ય માટે ઉત્તેજે છે! પાચનમાર્ગની ગ્રંથીઓ પણ ખોરાક આવે ત્યાં સુધી નિષ્ક્રિય નથી રહેતી, પણ ખાવાનો વિચાર આવે કે ખાદ્ય નજરે પડે કે તરત જ તેમનું પણ કાર્ય શરૂ થાય છે ને તેમાંથી રસો સ્રવવા માંડે છે. ખોરાક પર દૃષ્ટિ પડવા કરતાં ખાદ્યના પમરાટથી ગ્રંથીઓનું કાર્ય ઝડપથી આરંભાય છે અને હોજરીનું હલનચલન શરૂ થાય છે.

વળી, જેવો ખોરાકનો પ્રકાર તેવો આ લાળગ્રંથીઓનો રસ અને તેમનું પ્રમાણ. ઉપકર્ણીગ્રંથીઓમાંથી પાણી જેવી લાળ મોટા પ્રમાણમાં પેદા થાય છે, જ્યારે જિહ્વાધરીય ને સબમૅક્સીલરી ગ્રંથીમાંથી ચીકણી લાળ. પાણી જેવી લાળ ખોરાકને પ્રવાહી ને ભીનો બનાવવાનું કાર્ય કરે છે; ચીકણી લાળથી ખોરાક લીસો બને છે. સુક્કો રોટલો ખાઇએ ત્યારે તેને પલાળવાનો હોવાથી ઉપકર્ણીગ્રંથીમાંથી વધુ પ્રમાણમાં પ્રવાહી લાળ નીકળે છે. ફળ કે દૂધ ખાતી વખતે જિહ્વાધરીય અને જડબાં નીચેની ગ્રંથીઓમાંથી થોડી ચીકણી લાળ ઝરે છે. અખતરાઓ પછી સિદ્ધ થયું છે કે એક આખું સફરજન ખાતી વખતે માત્ર ¼ ઔંસ જેટલી જ લાળ છૂટે છે, પણ એક ઔંસ સુક્કાં બિસ્કીટ ખાતી વખતે તે અઢી ઔંસ જેટલી થઈ જાય છે. આમ, ખોરાકના પ્રકાર અનુસાર લાળનું પ્રમાણ વધે-ઘટે છે. ગાયને જ્યારે તાજું ઘાસ ખાવા મળે છે ત્યારે તેની લાળગ્રંથીઓમાંથી બાર ગૅલન જેટલી લાળ ઝરે છે; પણ જ્યારે સુક્કું ઘાસ ખાવાનું હોય છે ત્યારે તેનું પ્રમાણ વધીને ચારગણું થઇ જાય છે.

આ લાળગ્રંથીઓ કદ અને આકારમાં સરખી નથી. ઉપકર્ણી ગ્રંથી બધાથી મોટી છે; જ્યારે સબમૅક્સીલરી ગ્રંથી સૌથી નાની છે. ઉપકર્ણી ગ્રંથીનું વજન અરધા ઔંસ જેટલું (સવા રૂપિયાભાર) છે અને એમાંથી દિવસભરમાં બશેર જેટલી લાળ ઝરે છે. દિવસભરમાં થૂંકનું પ્રમાણ એકથી ત્રણ પિન્ટ (૧ પિન્ટ=સવાશેર) જેટલું સરાસરી હોય છે, જેનું એકએક ટીપું ગ્રંથીના સૂક્ષ્મ કોષોએ ભારે જહેમતથી પેદા કરેલું હોય છે. મોઢાની અસ્વચ્છતા કે રોગજીવાણુઓના ચેપને લીધે આ ગ્રંથીમાં સોજો આવે છે ત્યારે કાનના મૂળ આગળ સોજો, તાવ, મોં ઉઘાડવાની મુશ્કેલી વગેરે ચિહ્નો દેખાડતું 'લાપટિયું' (Mumps) નામનું દર્દ થયાનું આપણે કહીએ છીએ.

લાળ એક જલદ (Active) રસાયણ છે. એના રાસાયનિક બંધારણમાં દર હજાર ભાગે પાણી ૯૯૪·૧૦ ભાગ, કૅલ્શ્યમ, પોટૅશિયમ, સોડિયમ, મૅગ્નેશિયમ અને મીઠું વગેરે ક્ષારો ૨·૨૯ ભાગ, અને છેલ્લું પણ અતિ મહત્ત્વનું તત્ત્વ ટાઇલીન (Ptyalin) નામનો પાચક-રસ કે આથવણ ૧·૪૨ ભાગ આવેલો છે. સૂર્યના પ્રકાશમાં થૂંકના પરપોટામાં મેઘધનુષના રંગો નજરે પડે છે. તેની સુકાએલી પોપડીનું સૂક્ષ્મદર્શક યંત્ર નીચે નિરીક્ષણ કરીએ તો તેમાં કૅલ્શ્યમ કાર્બોનેટના પાસાની જાળ દેખાય છે. થૂંકમાંનું આ જ તત્ત્વ દાંત ઉપર છારી રૂપે જમા થાય છે અને બરાબરરીતે દાંત સાફ ન કરનારના અને મોં અસ્વચ્છ રાખનારના દાંત ઉપર એ છારીના પોપડા જામે છે. છારીને લીધે પછી અવાળા ઉપર સોજો આવે છે અને એમાંથી દાંતમાં ચેપ લાગે છે તથા સડો પેદા થાય છે.

આપણે હમણાં લાળમાંના જે ટાઈલીન (કે, એમાઇલેઝ—Amylaze—નામના) પાચકદ્રવ્યની વાત કરી ગયા તેની ખૂબી એ છે કે તે જેના સંસર્ગમાં આવે છે તેના બંધારણમાં ફેરફાર કરે છે, પણ તેના પોતાનામાં કશો ફેરફાર કે ઘટ થતી નથી. તે સ્ટાર્ચના મોટા અણુઓને તોડે છે અને તેનું ડેક્સ્ટ્રીન નામની ખાંડમાં રૂપાંતર કરે છે. આમાંથી તેનું માલ્ટ-સાકરમાં રૂપાંતર થાય છે. રોટલાના ટુકડાને જો ચાવ્યા વિના જ મોંમાં રહેવા દઈએ તો તેમાં કશો ફેરફાર થતો નથી, તેમ તેનો સ્વાદ પણ લાગતો નથી. પરંતુ તેને બરાબર ચાવો તો તેમાં લાળ ભળે છે અને એ બાજરીમાંના સ્ટાર્ચનું ડેક્સ્ટ્રીન-સાકરમાં રૂપાંતર થાય છે. એ ડેક્સ્ટ્રીનમાં ચિકાશ હોવાથી રોટલાનો ટુકડો ચિકાશવાળો લાગે છે. પછી ડેક્સ્ટ્રીનમાંથી માલ્ટ-સાકર બનતી જાય છે, અને તેમતેમ રોટલો મીઠો લાગવા માંડે છે. સ્ટાર્ચનું માલ્ટ-સાકરમાં રૂપાંતર થાય એટલે તેનું પાચન થયું ગણાય; અને આમ થાય ત્યારે જ તે લોહીમાં ભળી જવાને લાયક થાય છે. જો ખોરાક બરાબર ન ચવાય અને તેમાં લાળ ન ભળે તો સ્ટાર્ચનું પાચન ન થાય. પરિણામે શરીરને તેટલી ખોટ જાય અને નહિ પચેલા સ્ટાર્ચનો આંતરડાં ઉપર બોજો પડે તે વધારાનો. આથી જ ખોરાક ચાવીને ખાવા વિષે બધા આરોગ્યશાસ્ત્રીઓ વારંવાર ગાઈ-વગાડીને કહે છે.

ખોરાકને કાપવાનું અને ચાવવાનું કામ એકલા દાંત જ કરે છે. જઠર કે આંતરડાંમાં આવું કોઇ સાધન તો છે જ નહિ. આથી જ ચવાયા વગરના ચણા આખા ને આખા દસ્ત વાટે બહાર નીકળ્યાનું જોવામાં આવે છે. અપૂરતા ચવાએલા ખોરાકનું પણ બરાબર પાચન થતું નથી, પરંતુ તે આંતરડાંમાં જ પડ્યાં રહી સડવા લાગે છે. આથી ત્યાં રોગનાં પગરણ મંડાય છે. વળી એથી પાચનતંત્ર ઉપર વધારે-પડતો બોજો પડે છે અને લાંબે ગાળે તેમાં પણ ખોટકો પડે છે. આથી જ ખોરાક ચાવવાનું મહત્ત્વ ઘણું છે.

વળી, પ્રવાહી અને ઘન ખોરાક સાથેસાથે પણ ન ખાવો જોઇએ; કારણકે પ્રવાહી સાથે ઘન ખોરાક પણ ઝટ દઇને ગળે સરકી પડે છે, અને તે પૂરતા પ્રમાણમાં ચવાવા પામતો નથી. આથી ખાવાના પદાર્થો એક પછી એક ખાવા જોઇએ. ઉપરાંત, ખોરાક મોઢું બંધ રાખીને જ ચાવવો જોઇએ. એમ કરવાથી ખોરાક પૂરતા પ્રમાણમાં ચવાશે; કેમકે મોઢું ઉઘાડતાં વેંત જ ખોરાક ગળે ઊતરવા માંડે છે, એટલે ખોરાક ચવાઇને પ્રવાહી રૂપ પકડે પછી જ મોઢું ઉઘાડવું જોઇએ.

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે ખોરાકનું પાચન (Digestion) એ માત્ર એક રાસાયનિક વિકાર છે. આ વિકારો તે ખાદ્ય પદાર્થોની અણુઘટનામાં થતા ફેરફારો છે, અને એ વિકારોને ઉત્પન્ન કરનાર રાસાયનિક બળ છે. ટાઈલીનની અસરથી સ્ટાર્ચનું રૂપાંતર થઈ ખાંડ બને છે. આ બે પદાર્થો વચ્ચે ઘણો સરળ સંબંધ છે. સ્ટાર્ચના અણુમાં પાણીનું એક અણુ ઉમેરીએ તો તરત જ ખાંડ બને છે. પણ આ ક્રિયા સાદા પાણીમાં સીધી સ્ટાર્ચ નાખવાથી નથી થતી, પણ સ્ટાર્ચનું અણુ બન્યા બાદ તેના એ અણુમાં જો પાણીનો પ્રવેશ થાય તો જ તે બને છે. આ રાસાયનિક ફેરફાર ઉત્પન્ન કરવાની શક્તિ મુખરસ (લાળ)ના ટાઈલીનમાં રહેલી છે. સ્ટાર્ચ મુખમાં પ્રવેશ પામતાં જ તેનું માલ્ટમાં રૂપાંતર થાય છે. ટાઈલીન આ કાર્ય કેવી રીતે કરે છે તે હજુ સુધી બરાબર સમજાયું નથી. વળી, થૂંક એકલા સ્ટાર્ચ ઉપર જ રાસાયનિક વિકાર ઉપજાવે છે. ખોરાકના બીજા ઘટકો, જેવા કે ખાંડ, ચરબી, પ્રોટીન વગેરે ઉપર નહિ.

કૂતરાં-બિલાડાં અને તેમના વર્ગનાં પ્રાણીઓની લાળમાં ટાઇલીન નથી હોતું, કારણકે તેમના ખોરાકમાં સ્ટાર્ચ પદાર્થો નથી હોતા; પણ વાંદરાં, ખિસકોલી, સસલાં, ઉંદર વગેરે પ્રાણીઓમાં હોય છે. જાણવા જેવું એ છે કે પાણીમાં રહેનારાં પક્ષીઓની લાળગ્રંથીઓ નાશ પામી છે, જ્યારે કણભોજી (દાણા ખાનારાં) પક્ષીઓ—ચકલી

આપણાં શરીર, મન અને જ્ઞાનતંતુઓ—ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી પ્રાચીન વ્યાયામપદ્ધતિ



૧૬ નૌલિ

ઉડ્ડિયાન બંધ બરાબર ફાવે, એટલે એક ડગલું આગળ જાઓ. પેઠનો ખાડો પડે પછી પેટના નળને બહાર કાઢવાનો પ્રયત્ન કરો. એ બરોબર બહાર નીકળે પછી એમને ડાબા-જમણી ફેરવો, એટલે નૌલિની ક્રિયા આવડી ગણાશે. પણ આ ક્રિયા નિષ્ણાતની દેખરેખ નીચે જ કરવાનો આગ્રહ રાખજો.

આ ક્રિયા રોગદમનની ચક્રી છે એવું એનું વર્ણન કરવામાં આવ્યું છે. ઉડ્ડિયાન અને નૌલિ પેટ માટે અદ્‌ભુત ક્રિયાઓ છે. આ ક્રિયાઓ નિયમિત જે માણસ કરે છે તેને પેટના અને તેમાંથી નીપજતા બીજા રોગો કદી થતા નથી.

આ ક્રિયા પેટ ખાલી હોય ત્યારે જ કરવી. અને જો મોટી ઉંમરે—૫૦ની વય પછી શરૂ કરવી હોય તો નિષ્ણાતની સલાહ લેવી.

દાસુભાઈ શુકલ

નૌલિક્રિયા કરવાથી આંતરડામાં ચોંટી રહેતા મળો ઊખડી દૂર થાય છે. કબજિયાત મટે છે. મંદાગ્નિ દૂર થાય છે. મૂત્રપિંડ, લીવર, બરોળ ને ક્લોમ વગેરે સારાં થાય છે. સ્રોતોના માર્ગો ખુલ્લા થવાથી પાચક રસો ઝરે છે. જઠરાગ્નિ પ્રગટ થાય છે. ગોળો અને શૂળ મટે છે. અપાનવાયુ વશમાં આવે છે. પેટના સર્વ રોગો શીઘ્ર દૂર થાય છે. હમેશાં આનંદ રહે છે. -વિ.

કબૂતર વગેરે—માં તે પૂર્ણપણે ખીલેલી છે. માતાના ધાવણ ઉપર નભતાં બાળકોમાં પણ ટાઈલીન નથી હોતું. જ્યારે બાળક ખાતાં શીખે છે ત્યારે તેની લાળગ્રંથીઓ કાર્ય કરતી શરૂ થાય છે.

દાંતથી ચવાએલો, મુખરસથી પલળેલો અને જીભથી ગોળાકાર બનેલો ખોરાકનો કોળિયો ગળામાં જાય છે, અને અન્નનળીમાં થઈ જઠરમાં પ્રવેશે છે. કોળિયો જઠરમાં ઉતારવાનું આ કાર્ય કંઈક અડધું,—અરધું ઈચ્છાવર્તી અને અરધું અનિચ્છાવર્તી છે. એમાં ગળાની માંસપેશીઓ, જ્ઞાનતંતુઓ, ગ્રંથીઓ અને અસ્થિબંધનોનું એકત્ર અને એકતાલ કાર્ય સમાએલું છે. કોળિયો ગળે ઉતારવામાં હોઠ, જીભ, નાક, કંઠનળી, પડજીભ, ગળજીભ, ફેફસાં, ઉદરપટલ, પેટની માંસપેશીઓ અને આ બધાંનું સર્વોપરિ એવું મગજ, એમ બધાં જ અંગ ભાગ લે છે.

કોળિયો ગળે ઉતારતી વખતે પાતળું તાળવું ઉંચું જઈ, ગળામાં પડતા નાકના ભાગને ઢાંકે છે, આથી નાકમાં અનાજકણ જતા નથી. ગળામાં બે નળીઓ સાથોસાથ આવેલી છે તે આપણે જોઈ ગયા: શ્વાસ-નળી અને અન્ન-નળી. શ્વાસનળી વટાવીને ખોરાક અન્ન-નળીમાં જાય છે. શ્વાસનળીમાં અન્નકણ ન જાય તે માટે તેના ઉપર ગળજીભનું ઢાંકણ છે. જીભના અંદરના છેડે આવેલી આ ગળજીભ કોળિયો ગળામાં જતી વખતે જ બરોબર આડી ઢળી પડીને શ્વાસનળીનું દ્વાર બંધ કરી દે છે. એટલે, જાણે કે, ગળજીભ રૂપી પુલ ઉપર થઇને કોળિયો અન્ન-નળીમાં જાય છે. કોળિયો પસાર થાય કે તરત જ ગળજીભ આપોઆપ ઊભી થઇ જાય છે. ગળવાની આવી અટપટી ક્રિયા આપણી જાણ બહાર, ઈચ્છા વગર અને અનાયાસે થયા જ કરે છે. નથી આવતો આપણને તેની ક્રિયાશક્તિનો, ગતિનો કે બળનો જરા પણ (શ્રમ) કે નથી આવતો તેનો ખ્યાલ પણ. આવું અદ્‌ભુત છે સરજનહારે કરેલું આપણા દેહનું—બલ્કે પ્રાણીમાત્રના દેહનું સર્જન !



લાળગ્રંથીઓને છૂટી કરીને બતાવેલું દૃશ્ય. તેની રચનામાં આ મુજબ ચક્રાકારે નાનાનાના કોષો ગોઠવાએલા હોય છે. એવી એક ગ્રંથીને વચ્ચેથી ચીરવાથી કેવી દેખાય તે નીચેની મોટી આકૃતિ દર્શાવે છે.

અન્નનળી

ગળામાંથી ખોરાક અન્નનળીમાં આવે છે. આપણા વક્ષસ્થળ—છાતીના મધ્ય ભાગમાંથી પસાર થતી આ અન્નનળીની લંબાઈ દસ ઇંચની છે ને તેની બનાવટમાં ઊભી ને આડી માંસપેશીઓ આવેલી છે.

જેમ આપણે ટોપલા ભરીભરીને દાણા કોઠીમાં નાખીએ છીએ તેમ કંઈ ખોરાક ગળામાંથી સરરરર કરતોક ને જઠરમાં નથી પડતો; પણ અન્નનળીની માંસપેશીઓના સંકોચવિસ્તારની ગતિથી આસ્તેઆસ્તે આગળ ધકેલાય છે. જેવો કોળિયો અન્નનળીમાં પ્રવેશે છે કે તરત તેની પાછળના માંસપેશીઓના તંતુઓ સંકોચાય છે એટલે કોળિયાને ધક્કો વાગતો હોય તેમ તે આગળ ખસે છે; અને આ જ વખતે તેની આગળની માંસપેશીઓના તંતુઓ પહોળા થવાથી કોળિયો ત્યાં આવે છે. આ વખતે ખાતી વખતે આખા અન્નનળીમાં સંકોચવિસ્તારની ક્રમિક ગતિની લહરી સતત ચાલ્યા જ કરે છે, જેને આકુંચન લહરી (Peristalsis) કહેવામાં આવે છે. ગાય, બળદ કે ઘોડાને પાણી પીતાં જોઇએ તો અન્નનળીની આકુંચનલહરી સહજ નજરે પડે છે. અળસિયું પણ આવી જ ગતિથી ચાલે છે. કોળિયો જેમ મોટો તેમ તે ધીમેધીમે અન્નનળીમાંથી પસાર થાય છે. અન્નનળીમાંથી સામાન્ય કોળિયાને પસાર થવામાં આઠથી દસ સેકન્ડ જેટલો સમય વીતે છે

(ચાલુ)



ચન્દ્રવદન ચી. મહેતાની આપકથા

[૧૯]

લા લિચાનો પાઠ ખૂબ જ પંકાયો અને સેંટ ઝેવીઅર્સ કૉલેજ-માંથી એ ભજવવાની માગણી થઈ. ત્યાં એ ભજવ્યા પછી સેંટ ઝેવીઅર્સના કૉલેજ-મૅગેઝીનમાં અમારી તારીફના ફકરા લખાયા.

પછી તો છાતી ખુલી ગઈ. એ જમાનામાં સરસ સરસ ઑપેરા-મંડળીઓ મુંબાઈ આવતી. અહીં એ રાગડાબરાડામાં કોણ સમજે? છતાં એકાદ સાંજે એ કૌતુક પણ જોવા ગયો. અને પછી તો ભલા સોલી બાટલીવાળાએ ઑપેરા ઉપર એક મોટી ચોપડી આણી આપી. એ વાંચીને તો હું છક્ક થઈ ગયો. આ કઈ જાતનાં નાટકો! પ્લૉટ તો એકેકથી ચડિયાતા! અને એમ રસ ઉત્પન્ન થતાં લા બોહેમ, લા ટોસ્કા, ઇલ ટ્રિવાયાટા, ફાઉસ્ટ, લુસીઆ, લૅમરમૂર વગેરે જોઈ નાખ્યાં. એમાં લા ટોસ્કા અને લા બોહેમનું ગંભીર અને છાતી હચમચાવી નાખે એવું સંગીત તથા સંયોજના જોઇને તો દિલમાં જાગૃતિ આવી ગઇ. સ્કૉટની 'બ્રાઈડ ઑવ લૅમરમૂર' અમારે ફર્સ્ટ ઈયરમાં ટેક્સ્ટ હતી, એટલે વાર્તા તો ખબર. આમ, ઑપેરામાં ગમ પડવા માંડી.

યુરોપમાં ઑપેરાની ત્રણ ગાયકી છે: એક ઈટાલિયન, બીજી ફ્રેન્ચ અને ત્રીજી જર્મન. વર્ડી ઇટાલીનો અતિ પ્રખ્યાત ઑપેરા લેખક ગનાય છે, તેમ લા ટોસ્કા અને લા બોહેમનો લેખક પ્યુચીની પણ એટલો જ લોકપ્રિય ગણાય છે. ચાર્લ્સ ફ્રાંસ્વા ગુનો(દ)નું ફાઉસ્ટ મને ખૂબ ગમેલું. લા બોહેમમાં, પારીસના ક્વાર્ટ લૅટીનમાં બોહીમિયન વિદ્યાર્થીઓમાં એક કવિ, એક ચિતારો, એક ફિલ્સૂફ એમ બધા રહે: એમાં મીમી નામની એક છોકરી આવી ચડે છે ને તે આખરે મરણ પામે છે ત્યાં સુધીનો મરીબાઇનો પ્રેમનો ચિતાર સંગીતમાં એવો તો બહલાવ્યો છે કે ન પૂછો વાત. ફાઉસ્ટની કથા પણ એટલી જ આકર્ષક છે. અને એનું સંગીત! આ બધાં સાંભળ્યા પછી વાગનરનાં મહાન સંગીત-આયોજનો સાંભળવા બહુ મન હતું, પણ તે કોઇ કંપની પછી આવી નહિ અને એ જોગ ખાયો નહિ.



રઘુવીર સાવકાર

મહારાષ્ટ્રીય નાટકો પણ સારા પ્રમાણમાં જોયાં. બાલ ગાંધર્વ, રઘુવીર સાવકાર, ચાપેકર, ગોડાસ, કોલ્હટકર, પેંઢારકર વગેરેને ભજવવાની કલા દાખવતા નિહાળ્યા. 'સંશય-કલ્લોલ' અને 'એક ચ પ્યાલા' તો કયા ગુજરાતી રસિકે નહિ જોયાં હોય? 'સંશય-કલ્લોલ'માં નાયકણના જલસામાં 'મત મારો પિચકારી' ને પછી તરત જ 'ચુરા કે દિલ ચલે' એ ગીત સાવકારને ગાતાં સાંભળતા આખું ઑડીઅન્સ પણ જોયું. સાદાઈથી ને સ્વચ્છતાથી એ રંગભૂમિ ચિરસ્થાયી અસર ઉપજાવતી; નાટકની છાપેલી ચોપડી જ્યારે જોઇએ ત્યારે મળતી. એક જ નાટક ગમે તે મંડળી ગમે ત્યારે ભજવતી. ગુજરાતી લેખકનાં કાંઇં તો હજી આજ સુધી નાટકમંડળીઓના પટારામાં કપાએલાં-બંધાએલાં પડ્યાં પડ્યાં સડી રહ્યાં છે.

'બાપ્રી પુતલા', 'સયદે હવસ' વગેરે કંઈ નાટકો પણ આંટરોડને એ ખૂણે જઈ જોયાં હતાં. એમાં સોરાબજી ઓગરાને 'ચલતા પુર્જા'-માં જોવો એ એક લહાવો હતો. એની ભરજુવાની તો વહી ગએલી, છતાં એનું વ્યક્તિત્વ અનોખું હતું, એની રંગભૂમિ ઉપરની સ્વસ્થતા આકર્ષક હતી. અને અવાજ? અવાજનો તો એ બાદશાહ હતો.

આ બાજુ કોટમાં વૉરિક, સાલ્સબરી, એલેક, એવી કૈંક કંપની આવી અંગ્રેજી નાટકો ભજવી ગઈ હતી. કેવા નસીબદાર અમે, તે ઘેર બેઠાં 'પિગમૅલિયન' ને 'મૅન ઍન્ડ સુપરમૅન' જેવી શૉની મહાકૃતિઓ પણ જોવા મળી. એમ તો 'જર્નીઝ એન્ડ' પણ રૉયલ ઑપેરા હાઉસમાં સુંદરરીતે ભજવાતું જોયું હતું. અલબત્ત, હજારો નાઈટ એ ભજવાયા પછી અને એ નાટકની લાખો નકલો ખપી ગયા પછી પણ બીજું મહાયુદ્ધ તો થયું જ! અંગ્રેજી નાટકોમાં 'વોરંટ ટ્રેઇન' એક ભારે પ્રયાસ હતો.

પણ જેનાં જેટલાં ભજવાયાં તેટલાં નાટકો અને જે મોઘામાં મોંઘી ટિકિટ તથા મનપસંદ મંડળીઓ સાથે વારંવાર જોયાં તે તો 'નો, નો, નૅનેટ' અને 'રોઝ મેરી.' સળંગ ઑપેરા તથા 'મૅન ઍન્ડ સુપરમૅન' જેવાં નાટકોની વચગાળે મુકાય એવી આ 'મ્યૂઝિકલ કૉમેડી' એ અંગ્રેજી જમાનાની એક લાક્ષણિકતા છે. હળવા હાસ્યની છોળે, હળવા સંગીતની મધુરપે, કંઈક કાસં તરફ ઢળતા અભિનયના તરવરાટે, સહેજ ટીખળ, થોડા મશ્કરી, જરા કટાક્ષ અને પૂરી રમૂજે, ગમે તેવા ગમાર યા મૂજીની કે ખરાબમાં ખરાબ ગમગીન મગજની પણ સાંજ સુધારી નાખવા, અને મીઠી યાદમાં સહેલતા લહેરતા કરી નાખવા માટેની અંગ્રેજ લોકોની આ 'મ્યૂઝિકલ કૉમેડી' રંગભૂમિની સૃષ્ટિનું એક હૃદયંગમ લિરિક છે, એક સજીવન ઊર્મિકાવ્ય છે.

મને ઘણા લોકો 'બાંગ્લોર કલાશત્રુ' માનતા. અમસ્થા જ વચગાળે દાર્જિલિંગ જવાનો મોકો આવ્યો ત્યારે ભાઈ ચાંપશી ઉદ્દેશીની સાથે શિશિર ભાદુરીને જોવાનો મોકો મળ્યો. ચાંપશીભાઇએ તો એની ખૂબ જ તારીફ કરેલી, ને બીજા ઘણાને મોઢે એનાં વખાણ સાંભળ્યાં હતાં. એનો મુલ્કમશહૂર નાટક 'સીતા.' અસલમાં તો એ દ્વિજેન્દ્રલાલ રૉયનો, પણ ભાદુરી પોતાની ઢબકળે એ ભજવતો. કુશળ સૂત્રધારની -પ્રોડ્યુસરની એ જ ખૂબી છે, કે મૂળ વસ્તુને બદલાવે. કાપકૂપ પણ કરે, અને ઉમેરે પણ. દુનિયાભરના પ્રોડ્યુસરો એમ કરે છે, અને એમ કરતાં અસલ વસ્તુને દીપાવી દે છે, તારી દે છે.

કલકત્તામાં નાટ્યસંસાર નિરંતર સમૃદ્ધ કરીને ચાલ્યા જ કર્યો છે. તે દિવસે આલમગીરનો નાટક હતો. ચાંપશીભાઇ કહે કે ભાદુરીનું ભાડું પૂછવું. એ તો છેવટની ઘડીએ પોતાનો પાઠ બદલી એની ધૂનમાં આવે તે લે. તમે જ જોઇને કહેજો કે એ કયો પાઠ કરે છે.

પહેલો અને બીજો પ્રવેશ પૂરો થતાં મેં કહ્યું કે પેલો ઠીક છે. ત્રીજા પ્રવેશમાં એક વળી નવી વ્યક્તિ આવી. મેં કહ્યું 'આ જ શિશિર!'

બધા જ એકએકથી ચડિયાતા! કંઈ સમજ જ ન પડે કે કોણ ઉસ્તાદ છે.

પછી એક દશ્યમાં ભૂરા પહેરણમાં માથે રૂમાલ બાંધી જુવાન ઔરંગઝેબ આવ્યો, દારાને નરાગાં જ પરહેજ કરવાનો વગરબોલ્યે હુકમ આપ્યો, ને ચાલ્યો ગયો. વીજળીની ઝડપે બધી સૂચનાઓ અપાઈ, અમલમાં મુકાઈ, ને એક અક્ષર મોઢેથી તો નીકળ્યો જ નહિ! એની પૂંઠ થતાં તો ઑડીઅન્સે 'ભાલો! ભાલો!' પોકારી ઊઠી તાળીઓથી વધાવી લીધો! આપણે તો બાઘા જેવા ડઘાઇને જોતા જ રહી ગયા! આ શિશિર ભાદુરી! એણે કર્યું શું? ને છતાં છક્ક કરી ગયો!'

શિશિર ભાદુરી

'નવચેત



પછી તો શિશિરને જોતો હું મંત્રમુગ્ધ બેઠો. ઔરંગઝેબે ગાદી છોડતાં કરેલું ત્રાગું, ઘરડા શાહજહાંનું મૃત્યુ, એમ જુદાં-જુદાં પાત્રોમાં એને નિહાળ્યો. બહુ નટો જોયા: આને ન પહોંચે.

પછી તો જાણે એનું ઘેલું લાગ્યું. ત્યાં ઘણાં નાટકો જોયાં. ટાગોરની કૃતિઓ પણ માણી. મનમોહન ભટ્ટાચારજી, અહીન્દ્ર ચૌધરી ને રથીન બૅનરજીને જોયા, સતુ સેનના નાટ્યનિકેતનમાં રીવૉલ્વિંગ સ્ટેજ જોયું, ઘણા નામાંકિત બંગાળી નટોને વિધવિધ ભૂમિકામાં જોયા, પણ શિશિર તો શિશિર જ. ટાગોરના એક નાટકમાં એને ને અહીન્દ્ર ચૌધરીને સાથે ઊતરતા પણ જોયા—પણ જ્યારે કલકત્તાનો એક ખાસ ફેરો ખાઈ એનું 'સીતા' જોયું ત્યારે તો અંતરાત્મા પ્રફુલ્લ થઈ ગયો.

એનું પહેલું દશ્ય: સીતાને વનવાસ મોકલવાની રામની મર્મવેધી વ્યથા: લગભગ મૂક અભિનયથી શરૂઆત: અને એક પછી એક સંવેદનાના પ્રસંગો. પણ જ્યારે રામ સીતાની સુવર્ણપ્રતિમા ઘડવા બેસે છે, ભરત ચોકીઝરે છે, બહાર લવ પ્રવેશે છે, પિતાપુત્ર મળે છે, ત્યારની, અને હડસેલાયેલા લવના ગયા પછી રામની જે કરુણ દશા ભાદુરી ભજવી બતાવે છે તે, ટૂંકમાં કહું તો, હિંદુસ્તાનના રંગમંચ ઉપર વર્ષો સુધી અદ્વિતીય અને ચિરસ્મરણીય રહેશે. છેક ન્યૂ યૉર્ક સુધી જઇ એણે બંગાળીમાં જ એ નાટક ભજવી ડંકો બજાવ્યો હતો.

દાર્જિલિંગમાં માદન થીએટરવાળા મશહૂર માદન મળ્યા. તે તો બસ અંગ્રેજ ઍક્ટરોની જ તારીફ કરે. એમની સાથે શિશિર માટે અમારે જીભાજોડી થઇ હતી. એણે નામ સાંભળેલું. પણ છ: એને જોએલો જ નહિ! પછી થોડા મહિના બાદ એણે એને જોયો, અને તરત કાગળ લખી કબૂલ કરેલું કે ખરી વાત, હિંદુસ્તાનમાં પણ અંગ્રેજોને પણ ટક્કર મારે એવા નબીરાઓ છે.

રમણિક સુખડિયા સાથે મને ભેટો થાય નહિ અને હું મહારાષ્ટ્રીય રંગભૂમિ જોઉં નહિ; જૂના જોગી ચન્દ્રકાન્ત ત્રિવેદીનો સાથસથવારો હોય નહિ ને અંગ્રેજી નાટક જોઉં નહિ; અને ધીરૂ દેસાઇ મળે નહિ ને બંગાળી નાટક જોવાનો અવસર પ્રાપ્ત થાય નહિ.

આવું બધું ઘણું જોયું, ઘણા જણા સાથે જોયું, પણ એકેય પ્રસંગે પ્રિયંવદાને સાથે લઈ શક્યો નહિ, તેનો રંજ હમેશાં રહેતો, રહ્યા કર્યો.

'અરે પ્રિયંવદા! તું હોત ને, તો એવી મઝા પડત! તને કઈ રીતે કહી બતાવું? એનું નામ જ આના 'પરી'—ના, આના 'પાવલોવા' નહિ. પિંટુ! જાણે જળમાંથી સુંદર કમળ, પાંખડીની પાંખે હવામાં ઊગતું ન હોય! આ દેવળ જૂનું થતાં, માંહ્યલો આટલો નાનો હંસલો જાણે ઊડી જતો ન હોય! ત્રણ-ત્રણ કલાક તો ટિકિટ લેતાં થાય. પણ એ થાક તો ક્યાંય ભુલાવી દે, અને સહજવારમાં આ દુનિયામાંથી કોઇ અલૌકિક અનેરી જાદુઇ સ્વપ્નોની સૃષ્ટિમાં લઇ જાય.'

'હા; પણ એમ તરત જવાતું નથી ને?'

'અને પિંટુ! ઉમર તો લગભગ પચાસ આસપાસની હશે; પણ એવી જાણે સોળ વર્ષની કિશોરી જેવી લાગે! નાચે ત્યારે એનો થનગનાટ, એના અંગમરોડ, એનું દેહલાલિત્ય, એની આસપાસ સર્જાતું મનોરમ વાતાવરણ, એનો વેધક અભિનય, અને ઝીણામાં ઝીણા ભાવને મૂર્તિમંત કરતું સંગીત—ખરેખર આના પરી તે 'પરી' જ છે.'

'અન્સુ! હવે બે મહિના સુધી બસ પાવલોવા જ પાવલોવા! બીજું એને કશું સૂઝશે જ નહિ ને!' પ્રિયંવદા કહેતી.

'હું તને એની તે કેટલી વાતો કહું! એક દિવસ પણ હું એક્સેલસીઅરમાં ગયા વિના રહેવાનો નથી.'

'એ તો ખબર છે.'

'ઘડીમાં રશિયા તો ઘડીમાં સ્પેન; ઘડીમાં જાપાન તો ઘડીમાં ચિલી;—ત્યાંની કલ્પનાભોમમાં ફેરવ્યા જ કરે. ગઇ કાલે તો એણે એક નૃત્યકથા કહી. ખરેખર અદ્ભુત! જાણે ઢીંગલીનો દેશ. જાતજાતનાં રમકડાં. કોઈ ઢુમકલાસ તો કોઇ પડઘમચી, કોઇ હાથીભાઇ તો કોઈ સસલાભાઇ; કોઇ બબુડી તો કોઈ કબુડી;—જાતજાતની ઢીંગલીઓ.

એ દુકાનમાં એક માલેતુજાર કુમરાવ ઢીંગલી ખરીદવા આવ્યો, ને એણે પરદે ઢાંકેલી જાદુઇ ઢીંગલી માગી. દુકાનદાર કહે કે એ વેચવાની નથી. પણ પેલો સોનેભરી કોથળી લઇને આવેલો, તે માને શાનો?

હા, આખરે એ ઢીંગલી વેચાવાની, એટલે રાત્રે બાર વાગે એ ઢીંગલીએ બધાં રમકડાંને સજીવન કરી દીધાં, અને પોતે વિદાયનૃત્ય નાચવા માંડી. કંઈ સંગીત ઝણઝણ્યું છે! કંઇ સંવેદનો જાગ્યાં છે! કંઈ થરથરાટી જન્માવી છે! કંઇ વાહ બોલાવી છે! રમકડાંનો ભર્યો દરબાર, પરીલોકની ભૂમિકા, ને એમાં આના કંઇ નાચી છે! આખરે એક પછી એક એણે ચીરાતે હૃદયે સૌની વિદાય લીધી. વાયોલીને ચીસો પાડી, ચેલોએ આંસુ સાર્યાં: ઓ આના પરી! આના પરી! નાચ્યા કર, બસ તું એ દૈવી, અલૌકિક નૃત્ય નાચ્યા જ કર!'

'અરે, પણ અહીં ક્યાં પાવલોવા છે? અહીં તો હું પડી છું.'

'અને પ્રિયંવદા! પછી તો એ એક પીળી પાંખડીનું સુંદર ફૂલ બનીને આવી. એ ફૂલનું નામ ક્રિસેન્થેમમ. અને આનાનો સાથી પીઆરો વ્લાડીમીરોફ પવન બનીને આવ્યો. શરદ પછીના તીણા વાયુ વાય, ઝંઝાવાતો થાય ને પવન વિધવિધ ફૂલને ખેરવી દે. પણ આજ તો એની ઝપટ આ ફૂલ પર જ હતી. આના બીચારી બચવાને વલખાં મારે. પવન એની આસપાસ એને ઝડપી લેવા ફૂદરડી ફર્યા કરે. ફૂલપરી હતાશ થાય. એક પછી એક પાંખડીઓ કરમાવા લાગે અને પવનનું તોફાન શમવા માંડે. ધીમે ધીમે ઉન્માદક, મસ્તીભર્યું સંગીત ધીરગંભીર સૂરથી વાગવા માંડે. પવન અદૃશ્ય થઇ જાય. નિરાશ થઈ, કરમાઇ, ક્રિસેન્થેમમ ધરતી પર ઢળી પડી રડી રહે ...

ત્યાં આવ્યો એક કવિ. હાથમાં પુસ્તક. વાટિકામાં વિખરાયલું

ફૂલ ન્યાળી કવિહૃદય પીગળ્યું. એને ગાદીવથી ઉપાડયું, સમાર્યું, સૂંઘ્યું. મૃતપ્રાય: પાંદડીઓને નવજીવન આપી કવિરાજ પુષ્પને લઇને ફુવારા ને ઓવારે બિરાજ્યા; અને પવને પાછા વળતાં જાણે ફરી ઘૂમરી ઘાલી. મંદ સંગીત મહા વેગીલું બન્યું. ફરી ફૂલની વેરવિખેર શરૂ કરી. અને ત્યાંથી હરી જવા બહાવરા ફૂલ પર પવને હલ્લો શરૂ કર્યો.

આખા તખ્તા ઉપર સમસ્ત સૃષ્ટિની જાણે પાનખર શરૂ થઇ. અસહાય, લાચાર ફૂલની સંવેદનશીલ પાંખડીઓએ કવિ તરફ સંરક્ષણ માટે મીટ માંડી. પણ કવિરાજને ક્યાં ફુરસદ હતી? ત્યાં આવી એટી હતી એની મનોરાજ્ઞી પ્રિયતમા,-બંને ગુફ્તેગોમાં ગૂંથાતાં જતાં હતાં.

અરેરે! ફૂલનું કોઈ નહિ! વિખરાયું વંટોળે ચડયું, ધરતી પર ઢળ્યું, વાયુ આવ્યો એવો વહી ગયો. એની પાછળ સર્યાં ગયાં કવિ અને એની દિલબર. સન્ધ્યા ઢળી; સૂરજ આથમ્યા; એનાં રહ્યાંસહ્યાં કિરણો ધૂળમાં અટવાતા ફૂલને નવજીવન આપી શક્યાં નહિ. એ કરમાએલા ફૂલને નીચે સરતા પરદાએ જ આવરી લીધું!'

'ખરેખર, કેટલી સુન્દર વાત!'

'અને પ્રિયંદુ! લાઈટ, કલર, પાંવશીવાનો અભિનય એવાં કે આખી વાર્તા પાણીના રેલાની માફક સરળ બની જાય.'

'વારુ આજે હવે સૂઈ જાઓ. આવી સુન્દર વાત સાંભળ્યા પછી બીજું કશું સાંભળવું નથી.'

'**આ**જે પણ એવો જ એક કરુણ કિસ્સો એણે નૃત્યમાં મૂર્તિમંત કર્યો. 'અમરિલ્લા' જિપ્સીઓની નૃત્ય-કુમારિકા છે. એક ધનાઢ્ય ઉમરાવનો પ્રેમકિશોર એને છાનોમાનો ગામડિયા વેશમાં મળતો. બંનેનાં દિલ મળ્યાં છે. એવામાં એક દિવસ એક ઉમરાવ કન્યાના લગ્નનો સમારંભ ઉજવવાનો છે, ત્યાં આ અમરિલ્લાને નૃત્ય કરવા જવાનું છે. એનીસાથે એની આખી જિપ્સી ટોળી નાચવાની છે.

ટોળીએ નૃત્ય જમાવ્યું. આ બાજુ કોઇ રાજવંશી ઉમરાવજાદાઓ કિંમતી પોશાકોમાં આછા અડબડતા, સહેજમાં થાકી જતી પોતાની તકલાદી પ્રિયતમાઓને સંભાળતા, ટહેલી રહ્યા છે; તો કોઈ નાકનાં ટીચકાં ચડાવી મ્હાલી રહ્યા છે; તો કોઈ નવયૌવનાને સત્કારવા લળી લળીને સલામો ભરી રહ્યા છે; તો કોઈ રૂમાલ યા પંખા વડે હરસો કરી રહ્યા છે, હહેકાથી બેસી વિશ્રામ લઇ રહ્યા છે...

અને લાલલીલાં ઊડતાં વસ્ત્રોમાં, ઠેકાણંધ ખંજરીઓના ખટખડાટમાં, ઝક-ઝક-ઝક કરતી અમરિલ્લા આવી. ચોગાન એને માટે ખુલ્લું થઈ ગયું. એના અંગમાં એનું જોર તો માતું નથી; પગમાં વનની નસો તસતસે છે; એના યૌવનના ઉન્માદને સંયમ નથી; વર્ષાની ઝડીઓ પડે ઊપડે એમ એ નાચે છે; અને આ ઉમરાવોના ઠાઠડેરાની પરવા નથી; એ તો એના નૃત્યમાં તલ્લીન છે. લગ્ન સમારંભનું મંગલ નૃત્ય નાચી એ કંઈક થંભે છે. અને એ રહી જિપ્સી, એટલે સૌકોઈ એને હાથ બતાવવા તલખે છે. પહેલી જ હસ્તરેખા એણે નવવધૂની વાંચી, ને પછી તરત વરરાજાનો હાથ એણે ઝાલ્યો...

ત્યાં તો એના અંગમાં જાણે વીજળી ફરી વળી! ભૂતકાળ એણે બરાબર વાંચ્યો; આંખ ને હૃદયે બરાબર સાક્ષી આપી. આ જ પેલો ચિત્તચોર ગામડિયો? એ જ ઉમરાવ? રેખા જોતા રેખાથી અદકેરા એના હૃદયમાં ચીરાડા પડે છે. બેઈમાન ઉમરાવ સંકેતમાં સમજાવે છે કે ગઈગુજરી ભૂલી જજે, હું કંઈ તને ઓળખતો જ નથી!...

આ બધું એવા સચોટ અભિનયમાં તાદૃશ થાય છે! અમરિલ્લાનું કિશોર દિલ ઘવાયું. પુરુષ જાત બેવચની! અને હજી નાચવું તો પડશે!

કરુણ સંગીતના સૂરો સાથે અમરિલ્લા એક નૃત્ય શરૂ કરી કરગરે છે કે ના, ના, એમ બેવફા ના થા. એના હાથ, એની આંખ કકળે છે. સૌ પ્રેક્ષકનાં દિલ પીગળી જાય છે, પણ પેલાનું નથી પીગળતું. અમરિલ્લા નાસી જવાનો સંકેત કરે છે. પણ એમ કોણ નાસવા દે? હાથમાં ચાબૂક ચમકાવતો ટોળીનો નાયક વિફરેલી સિંહણને કાબૂમાં લેતો હોય એમ નૃત્યઘુમરડી કરી ફરી અમરિલ્લાને નચાવે છે, અને સહચરીને લઇ અમરિલ્લા ખંજરીઓ ખણખણાવે છે...

ધબાક! ધબાક! અને એ ખણખણાટ! વજ્રના કડાકા જાણે! આ નૃત્ય દરમ્યાન પણ એ ઉમરાવજાદા તરફ ધસી સૂચવે છે: માન! માન! પણ એ તો એની નવવધૂનો કર પંપાળ્યા કરે છે...

નૃત્ય પૂરું થવા આવ્યું; આંખમાંથી આખરની આગ ઝરી ગઇ; જીવન કજળીને હવે રાખ થઈ જશે; ધીમેધીમે બધા વિખરાવા માંડ્યા; અને એનો ચિત્તચોર નવકિશોર વરરાજો પણ અદાભરી ચાલે નવવધૂને સંભાળતો ચાલ્યો...

નિરાધાર, નિરાશ અમરિલ્લા ખૂણામાં જઇ ઊભી રહી. એ પાછો નહિ જ આવે?—બે આખરના શબ્દો પણ કહેવા નહિ આવે?—આ શું? એ—એ ઉતાવળે આવતો જણાયો? હા એ જ...

ગાંડી બનેલી અમરિલ્લાએ ખંજરી ફેંકી દીધી. આનંદના કોઇ પ્રચંડ મોજામાં ખેંચાઈ, હાથ પહોળા કરી, કૂદીને એને સત્કારવા ધસી. પણ એ નફ્ફટ તો એને સોનાથેલી આપવા આવ્યો હતો...

બસ? અને આ જ? એનું ચાલે તો એ ઉમરાવનું લોહી પીએ! પણ ના; એણે થેલી ઝૂંટવી લીધી. ઉમરાવ બીકભર્યાં જરા પાછાં પગલાં ભરવા મંડયા. ફડાક દઈને થેલી જમીન પર અફાળી! સંગીતે ચીસો નાખી; હૃદયના એમાં ત્રાટકા સંભળાયા; બે હાથમાં મોં સંતાડી દીધું; ખભે ધ્રુસ્કાના બે આંચકા આવી ગયા; અમરિલ્લા બેભાન થઇને પડી. કોણ એને ઉઠાડે? ઝટ પડતા પરદાએ જ એને ઢાંકી લીધી! વાહ, પાવલોવા, વાહ! સંસારલીલાના કયા ભાવો તું નૃત્ય-અભિનય દ્વારા મૂર્તિમંત નથી કરતી?'

'અરે બેસી જાઓ! અમ તમે પાછા ક્યાં એની માફક નાચવા મંડયા? કુદાકડા મારતાં પડશો કેની, તો હાડકાં ખડાઈ જશે!'

'**આ**જે તો પ્રિયંદુ! એણે હદ કરી. પહેલાં તો શોપેંના સંગીત પર એ નાચી,—શોપીનીઆના! અને પછી પૉપી ફૂલનો નાચ કર્યો. વચ્ચે બધાને જ જાણે ઇજિપ્તનાં પૂતળાં બનાવી પિરામીડની સૃષ્ટિ ખડી કરી ગઇ. અને વળી એકબે હિન્દી નૃત્ય પણ અજમાવી ગઇ.

પણ કહે છે કે એનું જગમશહૂર નૃત્ય તો 'સ્વૉન ડૅન્સ:' હંસ-નૃત્ય. પોતાના મૃત્યુ પહેલાં હંસ આખરનું નૃત્ય કરે છે તે.

દેવળના શોકજનક ઘંટનાદ થતા હોય એવી સંગીતની શરૂઆત થાય છે. સૌનાં દિલ ગમગીન બને છે અને કરુણ મંદ સુરાવલિની વિષાદછાયા પથરાઇ રહે છે. ત્યાં એક ખૂણામાંથી માનવ હૃદયના તંતુઓને છેદતી, ધીમે ડગલે, હંસપિચ્છમાં સજ્જ, સફેદ હંસપીછાંનો પંખો ધરી, બરફની પૂતળી જેવી એ નીકળી! એની હંસગ્રીવાના મુલાયમ મરોડ અને સુકોમલ કરાવલિની વિવિધ અદાગૂંથણી! આ છે એનું આખર નૃત્ય. મૃત્યુને ભેટવું તે પણ નૃત્ય કરતાં!...

પહેલાં તો એની આંગળીઓમાં ફફડાટ શરૂ થયા. પછી પાંખો ફડફડી. ટટ્ટાર દેહે એણે એક બે-ચાર ચક્કર માર્યાં, અને મોતની ગરબી ઘૂમવા લાગી. આ કાયા સાથે કંઈ એવી માયા બંધાણી હતી?

પછી તો એણે અત્યંત ઉદ્વેગમય નૃત્ય આદર્યું: અમરિલ્લામાં જીવનનું તાંડવ નાચી હતી. એથી તદ્દન જુદા જ પ્રકારનું, વ્યથાભર્યું, દર્દભર્યું પ્રેક્ષકના જીવ રૂંધાઇ જાય એવું. ને પછી એ ધીમેધીમે મનોબળ દૃઢ કરતી મૃત્યુને આલિંગવા તૈયાર થઇ. થનગનાટ શમ્યા અને તીવ્ર સંવેદનો વધ્યાં. મુખ કરુણ રસે ઉભરાઇ ગયું; આંગળીઓ રડીરડી થાકી

ગઇ; આંખમાં આંસુ આવીને થીજી ગયાં; અનંત સમાધિમાં તદ્રૂપ બનેલાને પણ ડોલાવે એવું એ દૃશ્ય!—ને એકાએક જ્યોત ઝબકી…

'એને થયું કે મરીશ, પણ નિર્વંશ તો નહિ મરું. મૃત્યુને ભેટતાં પહેલાં સૌન્દર્યને જન્મ દઇશ, પછી મરીશ…

કેવું સુંદર પદલાલિત્ય! કેટલા મનોરમ નિર્દોષ ગ્રીવામરોડ! શી સમતોલ ડોલનક્રિયા! સુરમ્ય છટાભર્યા અંગવિલોલ કરી, અદ્ભુત ને અનેરું સૌન્દર્યસર્જન કરી, પદાવલિ લચડાવી, આખા પ્રેક્ષકસમૂહનાં હૃદય સોંસરવી એક થરથરાટી પરોવી, વીજળીવેગે આખરની ત્રણ-ચાર મોતફુદરડી ફરી, એ ભોંય પર ઢગલો થઈ પડી. એ સુંદર કાયાને દેવદૂતો શી રીતે લઈ જાય છે તે જોવા દેવાને નિર્દય પરદો જરા વાર પણ થોભ્યો નહિ. ઉતાવળે આવી એ દૃશ્ય ઢાંકી દીધું. હવે આના ફરી વાર નહિ જ નાચે શું?…

આ એનો મંત્રમુગ્ધ કરનારો 'સ્વૉન-ડાન્સ.' એ સમયનું ઔચિત્યપૂર્ણ સંવેદનાશીલ સંગીત, અને ભાવાનુસાર પલટાતી કુનેહપૂર્વક યોજાએલી કલામય રોશનીની તેજછાયા…'

'ચાલો હવે; પાછા ભારે શબ્દો વાપરી ગભરાવો નહિ. તમે કહી એ વાત મને મનમાં ઘોળવા દો; શું કહ્યું તમે? સ્વૉન-નૃત્ય, નહિ?'



આના પાવ્લોવા જન્મ : ૩૧-૧-૧૮૮૫; મૃત્યુ : ૨૨-૧-૧૯૩૧.

રશિયાની કલાસૃષ્ટિની એવી એ અમર નારી જોયા પછી એ દેશનાં સંસ્કાર-સાહિત્ય વિષે જાણવાનું કોને મન ન થાય? તુર્ગેનેવ અને ટૉલ્સ્ટૉય, ગોગોલ ને ગૉર્કી, ચેકોવ ને ડોસ્ટોવેવસ્કી. જે હાથ લાગ્યા તે વાંચવા માંડ્યાં. 'બાલે' નૃત્ય વિષે મળ્યાં એટલાં પુસ્તકો ઉથલાવી નાખ્યાં. ઑપેરા વિશે જાણ્યું. બાલે વિષે જાણ્યું. યુરોપમાં પણ કેંક કલા-પ્રણાલિકા પ્રવર્તે છે; કૈંક કલાધુરંધરો પ્રગટે છે.

એક દિવસ એક્સેલસીઅરની બે ટિકિટ ખરીદી ચન્દ્રકાન્ત આવીને કહે: 'ચલો.' આગળ તો નામે નહોતું સાંભળ્યું, પણ એને ગાતાં સાંભળીને તો ખૂબ આનંદ થયો. એનું નામ સર હૅરી લૉડર.

એકલો દુભાએલો આત્મા; દીકરો ગુજરી ગયો; પછી લડાઇમાં સૈનિકોને ગીતો સંભળાવવાં શરૂ કર્યાં, અને એણે નામના સંપાદન કરી. ઈશ્વરદત્ત અવાજ, અવાજમાં અનોખી મિઠાશ. શ્વાસોચ્છ્વાસ પર અજબનો કાબૂ, કંઈક લોકકથાઓ મોઢે, અને મનકનો સારો સંગ્રહ સ્મૃતિમાં. લોકગીતો ને કથાકાવ્યો કહેવામાં એક્કા. વચ્ચે વાત કરે, ટુચકો મૂકે, અત્યંત સૂરીલા કંઠે ગાય, સમયસર અભિનય કમેરે. ઘડીક રડાવે, ઘડીક ધુમ હસાવે. ખાસ કરી બર્ન્સનાં કાવ્યો પર મદાર રાખે. ને કંઇક ઠુમકા, ઠપકા, ટુચકા, કહેતી, એવી સરસતાથી વણી રાખે કે આખો વખત પ્રેક્ષકોને જીભને ટેરવે રમાડે. અંગ્રેજોએ તો એને 'સર'નો માનભર્યો ઈલ્કાબ આપી નવાજ્યો પણ હતો.

એનું 'ધેર ઇઝ સમબૉડી વેઇટિંગ ફૉર મી' અને 'લૅસી…ઓ!' ગીત તો બહુ જ વખણાયાં હતાં. હજારો રૂપિયાનાં એનાં હાકરો! ને એ કલકત્તા વગેરે ફરી આવ્યા બાદ મુંબાઇમાં એનો વિદાય 'શો' યોજાએલો ત્યારે તો અંતમાં એણે એક નાનું પણ અસરકારક પ્રવચન પણ કર્યું હતું. હાસ્યની છોળોથી દુનિયાને તરબોળ કરાવનાર ઇંગ્લંડના આ બેતાજ બાદશાહે એક વાત પરદા આગળની—હસવાની કહી, પણ પણ બીજી પરદા પાછળ છે, એ શું તે ના કહી. પણ તે આંસુભરી છે એમ માનજો, એમ કહી સંતાઇ ગયો! એ દૃશ્ય જોનારા કદી ભૂલશે નહિ.

વાયોલીનના ફરિશ્તા ક્રયુબિલેક અને સચ્ચા હાઈફેટ્સ પણ આવી ગયા. કેવા સુન્દર એ દાયકો! હાઈફેટ્સનો પ્રોગ્રામ પણ અજબ હતો. છેલ્લે દિવસે કોઇ ઊઠે જ નહિ! તાળી પર તાળીઓ! 'આંકાર', 'વન્સ મૉર', 'હજી વગાડો', 'અમારી ભૂખ ધરાતી નથી!' ઑડીઅન્સ ગાંડું થઇ ગયું હતુ. એ ભલા કલાકારે વગાડ્યું,—વારંવાર વગાડ્યું. પણ લોકો ઊઠે જ નહિ. એને ડિનરનુ આમંત્રણ હતુ, ત્યાં જવાનું પણ ઘણું મોડું થઇ ગયું, પણ લોકો ચિક્કાર બેઠકમાં જડાઈ જ ગએલા! એક પણ ખસે નહિ! સાડા છના સાડા આઠ, નવ, સવા નવ થવા આવ્યા. લોકો કેમે કર્યાં માને જ નહિ!

અંતે એ વાયોલીન લઇ પાછો આવ્યો. બરાબર ટટ્ટાર ઊભો. અને એકાદ પળ થોભી, શુબર્ટનું પ્રખ્યાત 'આવે મારીઆ' વગાડવા માંડ્યું… એવા તો કરુણ, મા.મિક, મન્દ સૂરે … મિનિટમાં બધે શાંતિ સ્થપાઈ ગઈ, અને પછી તો, સૌ ભારે હૈયે એક પછી એક ઊભા થઈ થીએટરની બહાર નીકળવા માંડ્યા!

સંગીતના એવા તે કયા સૂર એણે વગાડ્યા કે હૈડે ચડેલા આવા ભર્યા હાઉસને આવી દર્દભરી વિદાય એણે આપી? જે હતા તેઓ હજી મંત્રમુગ્ધ થઈ એ ઘડીને યાદ કરી એ કોયડો ઉકેલી શકતા નથી!

'ડેની-શૉન ડાન્સર્સ', એ વળી અમેરિકાની નૃત્યટોળી હતી. એમાં રૂથ સેંટ ડેનિસ, અને ટેડ શૉન. પાવલોવાને તો કેમ જ પહોંચે? પણ ઍક્રૉબૅટિક અને રિધમ પર રચાએલી એમની નૃત્ય-મુદ્રાઓ તો આકર્ષક હતી. એક પ્રસંગે તો કશા પણ સંગીતની મદદ વિના રૂથ અને ડેનિસ નાચવા મંડ્યાં; અને હમેશાં નૃત્ય સાથે તાલ યા સંગીતથી ટેવાએલા મુંબાઇગરા પ્રેક્ષકોએ ધાંધલ કરી મૂકી.


'તમે ધાંધલ કરો કે ન કરો, આ કાર્યક્રમ અમે સંગીત વિના જ ભજવવાના છીએ. એ અખતરો નથી, અમે ખૂબ વિચારી યોજેલો એ સિદ્ધ પ્રયોગ છે. તમારે તે જોવો જ પડશે.' ટેડ શૉન બને આવી તખ્તા ઉપરથી આ કહી ગયો અને ફરીથી આઇટેમ શરૂ થઈ. મિનિટ-બે મિનિટ જરા ગભરાની ગઈ, પણ પછી તો પ્રેક્ષકવર્ગ આખો એની પકડમાં એવો તો જકડાતો ગયો કે ક્યાંય ચૂં કે ચાં સંભળાયું જ નહિ!

પ્રકાશની અચ્છી માવજતની વચ્ચે બંને જણ વિના સંગીતે પણ તાલબદ્ધ નાચી રહ્યાં હતાં. બંનેએ કપડાં પણ તદ્દન સફેદ જ પહેર્યાં હતાં, અને દસ પંદર મિનિટ પછી દૃશ્ય પૂરું થયું ત્યારે તો પ્રેક્ષકોએ જે તાળીઓ પાડી છે, જે તાળીઓ પાડી છે, કે વારંવાર બહાર આવી સલામી ઝીલતાં જ એ બંનેનો દમ નીકળી ગયો. આ જ નર્તિકા રૂથ સેંટ ડેનીસને એવી ટેવ કે રાત સૂવાના સમય થાય ત્યારે થોડા વાર ભગવદ્ગીતા વાંચે ને વાંચે જ!

નવાનવા અખતરા કરવાની હોંસ ધરાવનારાઓને, તેમજ જૂના ચીલામાં ચાલી એક જ ચરેડમાં ગાડલું હાંકનારાઓને, સંગીત વિના પણ નૃત્ય સંભવી શકે છે, એ સત્ય અજમાવી જોવાની વિનતિ છે. (ચાલુ)

સાઈકલોજી

લેખક
બકુલ ત્રિપાઠી



'આટલું મારું કામ કરશો?'

'શું?' મેં પૂછ્યું.

'જેઠ વદમાં મારું લગ્ન છે તે...'

'પણ એ તો ભાઇ, તમારે જ કરવું પડે ને? મારાથી કેમ થાય?'

'પણ તમને લગ્ન કરવાનું ક્યાં કહું છું?'

'ત્યારે?

'હું તો એમ કહું છું કે મારું લગ્ન છે તે નિમિત્તે મંગલાષ્ટક તમે બનાવશો?'

'હં, તો ઠીક.' મેં કહ્યું. 'પણ મેં કોઈ દિવસ કવિતા લખી નથી, હો.'

'એનો વાંધો નહિ. એમ તો મેં ય ક્યાં કોઇ વાર લગ્ન કર્યાં છે? તો યે કરવાનો છું ને?' એમ કહેતાં એમણે મને મંગલાષ્ટક લખવા વિષે થોડીઘણી સૂચનાઓ આપી. શંકર અને પાર્વતી, વિષ્ણુ અને લક્ષ્મી, રામ અને સીતા-એવાં થોડાં યુગલો લઇ, ખૂબ વિશેષણોનો મસાલો નાખી, વરકન્યા તણું એ સહુ कुर्यात् सदा मंगलम् કહ્યું એટલે થઈ જાય છે મંગલાષ્ટક. એ એમની સૂચનાઓનો સાર. પણ મને લાગ્યું કે એ પ્રાચીન જોડકાંઓને આરામ લેવા દઇ કોઈ નવાં જ યુગલોની આરાધના આપણે કરવી જોઈએ. ખૂબ વિચારને અંતે ત્રણ એવાં યુગલો તો મને જડચાં.

એક તો, એકબીજાના વિયોગે નિર્માલ્ય થઇ પડતાં, સંસારને પંથે સાથે જ પ્રગતિ કરતાં, આદર્શ યુગલ સમાં ચંપલ દંપતી; ને બીજું, તે એકબીજાના સહકારથી જીવનસંગીતમાં તાલ પૂરતું તબલાં દંપતી. આ બન્ને યુગલ વરકન્યાનું કલ્યાણ કરો એ ભાવના ગૂંથતા બે શ્લોકો તો મેં બનાવ્યા. પછી ત્રીજો શ્લોક બનાવ્યો એકબીજાની સંગતિ વિના આગળ ડગ ન પાડતાં ચિરંતન પ્રવાસી, સામાન્યરીતે એક, ઘણી વાર બે, અને કેટલીક વાર ત્રણ ત્રણ બાળકોનો ભાર વહન કરી સંસારપથે ધપ્યે જતાં 'સાઈકલનાં પૈડાં'ના આશીર્વાદ વાંછતો. પણ, પછી આગળ ચોથો શ્લોક એ મિત્રે મને ન બનાવવા દીધો અને એ વાત એટલેથી અટકી.

એ મિત્રને આ ભાવના ન ગમી તો ભલે. પણ મને તો એ દંપતીઓની મંગલ જીવનભાવના એવી તો સ્પર્શી ગઈ છે કે હજી પણ જ્યારે કવિતાના કેફમાં હોઉં છું ત્યારે હું એ શ્લોકો-ખાસ કરીને સાઈકલનાં પૈડાંવાળો શ્લોક ગણગણ્યા કરું છું.

કેવું આદર્શ છે એ સાઈકલનાં પૈડાંનું યુગલ! બન્ને હમેશાં સાથે ફરે છે, સાથે જીવે છે, ને એકની તબિયત ઠીક ન હોય તો બીજું આગળ ડગ નથી માંડતું. કેટલાંક કુટુંબોમાં શેઠને મંજૂર હોય પણ શેઠાણીને મંજૂર ન હોય તો એ કામ થતું નથી; તેમ આગલા પૈડાને એકલાને એક મારવાથી સાઈકલ ઊભી રહેતી નથી, પણ એ અન્યાયના વિરોધમાં બેસનારને ઉથલાવી પાડે છે. ને છતાં ય પતિને પગલે ચાલતી સતીની જેમ પાછલું પૈડું હમેશાં આગલા પૈડાને અનુસરે છે, અને પગલે પગલે જીવનયાત્રામાં આગળ વધે છે. સાઇકલના આ મંગલ તત્ત્વને નહિ પારખીને આપણે એને મોટો અન્યાય કરી રહ્યા છીએ એમ નથી લાગતું?

ઘણાને મન સાઇકલ એ એક ક્ષુદ્ર વાહન માત્ર છે. પણ હું એમ પૂછું છું કે એવું માનવાનું કંઇ કારણ છે ખરું? મારે મતે તો સાઇકલ ઊલટી બધાં વાહનોમાં શ્રેષ્ઠ છે. જુઓને, હાથીઘોડા વાહન તરીકે ભવ્ય ખરા, પણ ગમે તેમ તો ય એની જોડે આત્માનું ઐક્ય સાધવું અસંભવ નહિ તો મુશ્કેલ તો ખરું જ. મોટરકાર તો રાક્ષસી યંત્રયુગનું પ્રતીક એટલે એ નાલાયક. બસમાં તો ટિકિટ લેવી પડે છે,—આપણી તો ખરી જ, પણ ઓળખીતાઓની ય; એટલે એ પણ નાલાયક. ટ્રેનમાં વગર ટિકિટે જવાય એ ખરું, પણ એ આપણા હાથમાં નહિ એટલે એ ય નકામી. એરોપ્લેનની મુશ્કેલી એ છે કે એમાં બેસીને શાક લેવા જઈ શકાતું નથી. અને સરસ્વતીના મોરને, ગણપતિના ઉંદરને કે પાર્વતીના સિંહને તમે વાહન તરીકે યોગ્ય ગણવાના નથી એની તો મને ખાત્રી જ છે. એટલે હવે રહ્યું કોણ? સાઇકલ જ ને? એટલે તો કહું છું કે વાહનમાં સાઈકલ જ શ્રેષ્ઠ છે.

પણ સાઇકલ એ માત્ર સરસ વાહન જ નથી, એથી યે આગળ વધી કહેવું જોઇએ કે એ પોતે સરસ વાદ્ય પણ છે. હા, સંગીતની રસસમાધિમાં આપણને લીન કરી શકે એવું વાદ્ય.

તમને પેલો મત તો ખબર છે ને, કે ગીતનું સાર્થક્ય માત્ર કવિને મોંએ ગવાવામાં જ નથી; બેતર ખેડતો ખેડૂત પણ એ માઈ શકતો હોય તો જ એ સાચું ગીત. પણ મને તો લાગે છે કે કલા ને જીવનનો સુંદર સુમેળ તો ત્યારે જ સધાય કે જ્યારે ખેડૂત તો શું, એનો બળદ પણ ગીત ગાતો થઇ જાય! તમને મશ્કરી લાગે છે? પણ હું તો તદ્દન ગંભીરપણે સ્વાનુભવે કહું છું. કારણકે બળદ તો નહિ પણ સાઈકલ તો મેં હાંકી છે. અને ક્યારેક બહારથી મોડી સાંજે પાછા ફરતાં, ચારે બાજુ છવાએલી લીલોતરી અને ઉપર મોરંમાતા વાદળાંની મોજમાં મારાથી અચાનક ગવાઇ ગએલા ગીતમાં, મારી સાઇકલે પૂરેલું સંગીત મેં માણ્યું છે. મને કોઈ પૂછે-દુ:ખની વાત છે કે મને કોઈ પૂછતું નથી, પણ ધારો કે કોઈ મને પૂછે-કે તમારું પ્રિયમાં પ્રિય વાદ્ય કયું તો હું તરત કહું—સાઈકલ.

જે સાઈકલમાં આવી સર્જનશક્તિ છે તે આપણા મન પર પણ ગાઢ અસર પાડી દે તો એમાં કંઇ નવાઇ ખરી? મેં તો જોયું છે કે સાઈકલ હમેશાં એના સાથીના મનમાં અનેક ભાવો પ્રેરતી રહી છે, અનેક વૃત્તિઓ જગાડતી રહી છે, અનેક કાર્યો એની પાસે કરાવતી રહી છે.

હમણાં, થોડા દિવસ પહેલાં મારી સાઈકલ બગડેલી, એટલે મારે ચાલતા જ બહાર નીકળવું પડેલું. ચાલતાંચાલતાં હું વિચાર કરતો જતો હતો કે ભગવાને પગને બદલે પૈડાં આપ્યા હોત તો એની કીર્તિમાં કેટલો બધો વધારો થાત! આમ જતાં જતાં ચાર રસ્તે ટ્રાફિક કંટ્રોલ કરતો લાલલીલા દીવાનો થાંભલો આવ્યો. આપણે તો ભાઇ, ત્યાં બે મિનિટ ઊભા રહ્યા ને થોડી વાર નિરાંતે વાહનોને રસ્તે થાંભલાનું ચક્કર લગાવીને સડકની ડાબી બાજુએ ચાલવા માંડ્યું. એવામાં ઓચિંતું જ કોઇ પરોપકારી મોટરનું હોર્ન વાગ્યું ત્યારે જ હું વિચારમાંથી જાગ્યો ને મને ખબર પડી કે હું ચાલતો હતો; છતાં ય જાણે સાઈકલ પર જતો ન હોઉં એમ, લાલ દીવો જોઇને ઊભો રહેલો ને લીલો દીવો થતાં વાહનોના રસ્તે થાંભલાનું ચક્કર લગાવી ચાલ્યો ગયો હતો!

નહિ માનો તમે! શેના માનો? આજકાલ કોઈને ય કોઈનામાં ક્યાં શ્રદ્ધા રહી છે કે તમે મારું માનો? પણ એટલું તો ચોક્કસ છે કે

સાઈકલનો સંગ આપણને કોઈ નવનવા રંગલ ગાડ્યા વિના રહેતો નથી.

મનુષ્યમાં રહેલા 'અહં'ને પરિણામે જેમ એનામાં લઘુતાગ્રંથી ગુરુતાગ્રંથી બંધાઈ જાય છે, તેમ આ સાઇકલસંગને પરિણામે પણ કેટલાક લોકોમાં નવી જ ખુમારી પ્રગટે છે, તો કેટલાકમાં નવી જ ભીરુતા જાગે છે. મારા એક મિત્રને સાઇકલ સદી જ નથી. એનામાં સાઇક્લિસ્ટની ખુમારી જ નથી. સાઈકલ ચલાવે છે તેય જાણે 'ધરતી મારગ આપે તો, હે સાઇકલ, હું ને તું બન્ને સમાઈ જઇએ' એમ કહેતા ન હોય તેવી રીતે! રસ્તે જતાં એ સતત ઘંટડી વગાડ્યા જ કરે છે. પણ રાહદારીઓ તો હમેશાં એમ જ માનતા હોય છે કે સાઇકલની ઘંટડી તો માત્ર સંગીતના શોખથી જ વગાડવામાં આવે છે. એટલે એ લોકો તો મારા મિત્રની ઘંટડી સાંભળવા છતાં ચાલતા હોય એમ જ રસ્તા વચ્ચે ચાલ્યે રાખે છે. તો ય એ સાઇક્લિસ્ટ બિરાદર જેમ તેમ કરીને રસ્તો કાઢતા જાય છે. પણ પછી તો, થોડીથોડી વારે, કોઈ ખરેખર વચ્ચે આવી પડે છે ત્યારે ત્યારે, એકદમ બ્રેક મારી, નીચે ઊતરીને, 'યાર, ચાલતાં આવડે છે કે નહિ?' એમ રડમસ રાગે બબડતાંબબડતાં, સાઇકલને બાજુ પર ઘસડી જઈ, પેલા ચાલનારાને હસતો મૂકી, પાછા 'ટીન્ ટીન્' કરતા ચાલતા થાય છે.

જ્યારે ખુમારીવાળા દોસ્તો તો આડા આવનાર રાહદારીઓને સાઈકલ પર બેઠાબેઠા જ એક હાથે ગળચીથી પકડી, બાજુ પર ખસેડી નિરાંતે ચાલ્યા જાય છે—હલેસાંથી પાણી કાપતા જતા ખલાસી જેમ. કોઈ સાંકડી શેરીમાંથી એમની સાઇકલ જતી હોય ને પાછળથી કોઈ મોટર હૉર્ન પર હૉર્ન વગાડી એમને બાજુએ ખસવા વીનવતી હોય તો ય આ બિરાદર તો ધરાર રસ્તા વચ્ચે ધીમેધીમે સાઈકલ ચલાવ્યે જ રાખવાના ને પેલા મોટરવાળાની અકળામણ પર મલકાયે જવાના.

• સાઈકલને લીધે જ આપણા માનસમાં પ્રગટતી બીજી પણ એક વૃત્તિ છે: 'સાઈકલની સાફસૂફી મુલતવી રાખવાની વૃત્તિ.' (નામ, અલબત્ત, જરા લાંબું છે.) આ વૃત્તિ દરેક સાઇક્લિસ્ટના મનમાં ઊંડે ઊંડે છુપાએલી પડી જ હોય છે. 'એમ કરું, ચ્હા-બા પીને પછી સાફ કરું;' અથવા તો 'આજે નહિ, કાલે નિરાંતે સાફ કરીશું;' કે પછી 'આ ચોમાસું જાય પછી એક વાર બરાબર સાફ કરી જ નાખવી છે;' આવા ઉદ્ગારોમાં આ જ વૃત્તિ પ્રગટ થાય છે ને? સાઇકલને ગૅરેજમાંથી (એટલેકે કોલસા-લાકડાંની ઓરડીમાંથી) કાઢવાનો કંટાળો, ઘાસલેટ-કોપરેલની ડબ્બી તૈયાર કરવાનો કંટાળો, ચીંથરું શોધવાનો કંટાળો, અને એ બધાં ઉપરાંત આ બધા કંટાળાનો સામનો કરવાનો કંટાળો, એ બધાં તંદુરસ્ત સાઈક્લિસ્ટના માનસનાં લક્ષણો છે.

પણ જોજો હોં, સાઈકલ સાફ નહિ કરવાની આ વૃત્તિનું દમન કદી કરતા નહિ, ભૂલેચૂકે ય નહિ. એનાં પરિણામો ભયંકર આવવા સંભવ છે. કોઇપણ વૃત્તિને દબાવી દેવાથી વિકૃતિ ઊભી થાય છે એવો માનસશાસ્ત્રનો અટલ નિયમ છે. આ વિકૃતિને પરિણામે રોજરોજ, સવારે ને સાંજે, અરે, કલાકે કલાકે સાઈકલ પર સાફસૂફીનું ચીંથરું ફેરવવાની હદે પહોંચેલા ગાંડા મેં જોયા છે. આવા એક મિત્રને તો મારે એકવાર પૂછવું પડેલું: 'તમારી સાઇકલને તમે સિંદુર કેમ નથી ચોપડતા?'

'કેમ એમ પૂછો છો?' એમણે કહ્યુ.

'તમે તો તમારી સાઈકલને હનુમાનજીનો અવતાર માનો છો ને?'

'ના ભઈ, કોણે કહ્યુ?'

'ત્યારે આ રોજેરોજ સવારસાંજ એને આટલું બધું તેલ શેનું ચડાવ્યા કરો છો? આટલું તેલ તો આ મોંઘવારીમાં બજરંગબલી યે નહિ પામતા હોય.'

એ તો ચિડાઈને ચાલ્યા ગયા, પણ એ પરથી આપણે તો શીખવાનું એટલું જ કે સાઈકલ સાફ નહિ કરવાની વૃત્તિની વિરુદ્ધ જઈ એ સાફસૂફીની ધમાલમાં આપણે પડવું જ નહિ! નહિ તો ગાંડા થઈ જવાય. બહુ થાય તો એ વૃત્તિનું ઊર્ધ્વીકરણ કરવું. એટલેકે સાઈકલવાળાની દુકાને જ સાઈકલ સાફ કરવા આપી આવવી અને તે સાફ થઈ છે કે નહિ તે જોયા પણ વિના બીજે દિવસે શ્રદ્ધાથી પાછી લઇ આવવી. સાઈકલવાળા પર શ્રદ્ધા ન રાખનારને સ્વર્ગ નથી મળતું એ વાતની તો ખબર છે ને?

વળી સાઈકલને તમે કોઈ નિર્જીવ વસ્તુ ન માનતા! એ તો ચેતનવંતી, સ્વતંત્ર ઈચ્છાશક્તિ અને આગવી નિર્ણયશક્તિ ધરાવનાર જીવંત વ્યક્તિ છે. મને તો આપણા બીજા બધા દેવો કરતાં સાઈકલ વધુ હાજરાહજુર હોય એમ લાગ્યું છે.


મારી જ સાઈકલનો દાખલો આપું. નવીનવી લીધી ત્યારથી જ એનામાં અભિમાનની વૃત્તિ જરા જોરદાર છે. નાના બાળકની જેમ એ હમેશાં ધ્યાન માગી લે છે. એટલે એની જોડે ફરવા નીકળ્યો હોઉં અને બીજા કોઈ પ્રત્યે નજર કરું કે એનો અહં ઘવાયો જ છે! એવે વખતે એ ચિડાય છે. ક્યારેક તો એ ચીડમાંથી એવી તો વેરની આગ પ્રગટે છે કે જ્યાં મારી નજર બીજે જાય કે તરત જ એ મને ફગાવીને કાંટાની વાડમાં કે ફૂટપાથના પથ્થર પર પટકે છે. અરે, ઘણી વાર તો મને વાડમાં નાખીને પોતે ખૂબીથી બાજુ પર ખસી જાય છે અને તો ય પાછા અવાજ તો એવો કરે છે કે એને એકલીને જ વાગ્યું છે અને આપણે તો જાણે ફૂલની સેજમાં પડ્યા છીએ!

તમે જ કહો હવે, આટઆટલી દુષ્ટતા જે બતાવી શકે એનામાં સ્વતંત્ર ઈચ્છાશક્તિ નથી એમ માનવું ય કેવી રીતે? એને પાછા ગમાઅણગમાનો ય પાર નથી. દેવદર્શન કરીને પાછી ફરતી ડોશીઓ પ્રત્યે મારી સાઈકલને અનહદ માન છે. એવાં કોઇ ડોશીમાને જોયાં ન જોયાં ને 'જેશ્રીકૃષ્ણ' કરતી એમને ચરણે જઇને પડી જ સમજો! ડોશીઓ અને બાળકો પ્રત્યે જેવો એને પ્રેમ છે, એવું જ કૂતરાં પર વેર છે. હજી આજ સુધી સડક વચ્ચે બેઠેલાં કૂતરાંને એ છોડતી નથી;—અને કૂતરાં એને ય છોડતાં નથી.

મારા મનના વિચારો પણ સાઇકલ કો'ક વાર અજબ રીતે સમજી જાય છે. મારે બહાર ન જવું હોય અને પરાણે મન મારીને જવા નીકળતો હોઉં ત્યારે પોતે જ હવા વિનાની બની એવી નિર્જીવ થઇને પડે છે કે મને બહાર નહિ જવાનું સરસમાં સરસ બહાનું મળી આવે છે. ક્યારેક હું વ્યગ્ર હોઉં છું ત્યારે ડામરનાં થીગડાંવાળી સડક પર એ એવું તો સંગીત જમાવે છે કે એના તાલે તાલે હું ગીત ગાતો થઈ પ્રફુલ્લિત બની જાઉં છું. અરે, આ તો ઠીક છે, પણ ગઈ પહેલી એપ્રિલે એણે પોતાની રમૂજવૃત્તિની પણ મને ખાત્રી કરાવી દીધેલી. નહિ તો પહેલી જ એપ્રિલની રાતે, શહેરથી સાત માઇલ દૂરથી હું પાછો ફરતો હતો ત્યારે પોતાના વ્હીલમાંથી હવા જતી રહેવા દઈ આખો રસ્તો મને પગ ઘસડતો કરી દેવાનું એને કારણ શું હોય?

આમ, સાઈકલ જડ નથી પણ ચેતન છે એની મને તો ખાત્રી થવા માંડી છે. અને એથી જ મેં એના એ ચેતનને, એ માંગલ્યને અંજલિ અર્પતો શ્લોક બનાવેલો. પણ પેલા મિત્ર એ કલ્યાણભાવના સમજી જ ના શક્યા! હવે તમે જ કહો, આવા અજ્ઞાની, અરસિક, ને અ-કવિ માણસનું લગ્ન સમેસૂતરે પાર ઊતરે ખરું? ન જ ઊતરે;—ન જ ઊતર્યું. મને હમણાં જ ખબર પડી કે મારા એ લગ્નોત્સુક મિત્રનાં વડસાસુ ગુજરી જવાથી એનું લગ્ન આવતા વર્ષ બાને મુલતવી રહ્યું છે!

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૩૧ મો : અષાઢ ૧૯૮૨

બરાબર પચ્ચીસ વર્ષ! કેવો કમનસીબ સંજોગ! આજથી બરાબર પચ્ચીસ વર્ષ પરના (૩૧ મા) અંકમાં 'કુમાર'ના આદ્ય (હસ્તલિખિત રૂપમાં શરૂ કરનાર) તંત્રી શ્રી અનંત પટ્ટણીની પહેલવહેલી વાર્તા—એક જોરદાર પ્રાણીકથા 'વનરાજનું હૈયું' પ્રકટ થઇ હતી. આજે એ જ 'કુમાર'માં એમની દુઃખપૂર્ણ અવસાનનોંધ લેવાનું કમભાગ્ય આવ્યું છે. અઢાર જ વર્ષની ઉંમરે એમની કલમનું તેજ કેવું હતું તે દર્શાવવા એ વાર્તાનો ચાવી રૂપ પ્રસંગ અહીં ઉતારીએ છીએ:

"રીંછ ખેલ કરી રહ્યું. પણ હજી તો રીંછ જતાં પહેલાં પ્રેક્ષકોને નમન કરતું હતું, અને ગંગાધર એક બાજુ હસતો ઊભો હતો એવામાં તો સિંહ, વાઘ, ચિત્તાં વગેરેને દાખલ કરવામાં આવ્યા!

પાંજરાની પાછળ હાહાકાર થઈ રહ્યો. આ ભૂલ પામી જઈને ગંગાધર માંદા માણસ જેવા નિસ્તેજ મુખે પોતાની જગ્યાએ ઊભો હતો; પણ એક જ પળ. બીજી જ ક્ષણે તેણે સ્વસ્થ થઇને થએલી ભૂલ સુધારવા માટે રીંછને પાંજરા બહાર કાઢવા પ્રયત્ન કર્યો.

પણ નિષ્ફળ. રીંછ પાછા ફરતાં જ મહાવીરનું પ્રચંડ કેશવાળીવાળું શરીર, સંગ્રામના ચટાપટાઓનો સળવળાટ અને કાળા ભમ્મર ચિત્તા ભૈરવના શરીરમાંથી તરી આવતી અંગારા જેવી આંખો જોઈ. જોઇ ને તેનું ચિત્ત ખસી ગયું. તેણે ચીસ નાખી ને બહાર નીકળવા માટે પાંજરા તરફ ખસી સળિયા ઉપર ચડવાનો પ્રયાસ કર્યો. પણ ત્યાંથી છટકીને પેલાં ત્રણે ભયંકર પ્રાણીઓ ઉપર પછડાયું!

ગંગાધરના ફિક્કા પડી ગએલા હોઠ ધ્રૂજતા હતા. થડકતે હૈયે તે રીંછ પાસે ગયો અને તેના મોં આગળ પતાસું ધર્યું. પણ રીંછ તો તેનાથી ભડકીને દૂર ભાગ્યું. પેલી ઘૂંઘવાતી ત્રિપુટી પરથી પોતાની આંખ ખેસવી તેમના તરફ પીઠ ફેરવી તેણે રીંછ તરફ જવા માંડ્યું; અને તે જ પળે ભૈરવ તેના પર તૂટી પડ્યો.

મધરાત સમા કાળા એ ભયંકર ચપળ દીપડાએ તરાપ મારી ગંગાધરને જમીન પર મોંભેર પાડી દીધો, એ હજી સૌએ આંખો ફાડી ઊંચે જોયું ન જોયું, ત્યાં તો એક ભીષણ ગર્જના સંભળાઇ અને કેશવાળી ઉડાડતું મહાવીરનું પ્રચંડ ભૂખરું શરીર તીરની પેઠે ઊડી. લાંબાછડ પડેલા ગંગાધરના શરીર ઉપર સવાર થઇને ઊભું તેના ચારે પગની વચ્ચે, તેના પેટ તળે ગંગાધરનું એકામ શરીર રક્ષાયું હતું અને ખીજવાટ તથા ભયથી ઘોરવાતો ઘૂંઘવાતો ભૈરવ દૂર સળિયામાં ભટકાઈ પડ્યો હતો.

આ અથડાટથી આખું પાંજરું હચમચી ઊઠ્યું. એનો ખણખણાટ શમે તે પહેલાં તો બંગાળી વાઘ સંગ્રામે શરીર સંકોચી તરાપ મારી. પણ મહાવીર તેનું સ્વાગત કરવા તૈયાર જ હતો. બીજી ભયંકર ગર્જના કરી તેણે કૂદી આવતા વાઘને અધ્ધરથી જ જાણે ઝીલી લીધો હોય તેમ ગળચીમાંથી પકડી ઊંચે હવામાં ઉછાળ્યો ને એવા તો જોરથી દૂર ખૂણામાંના લાકડાના પીપ પર ઝીંક્યો કે પીપના ચૂરેચૂરા થઈ ગયા.

વાઘ ઊઠીને એક ચક્કર લગાવી ખૂણામાં લપાયો અને ફરીથી તરાપ મારવા ટાંપી રહ્યો. પણ તેની હામ ન ચાલી. ભૈરવ પણ ચુપચાપ લપાઇને બેઠો હતો. કેમકે, જેના પૂર્વજો આજ જમાનાથી જંગલો, પહાડો ને વનખીણોના અબાધિત ને નિર્વિવાદ સત્તાધારી રાજાઓ રહ્યા છે તે વૃદ્ધ ને બુદ્ધિશાળી સિંહ મહાવીર, માંદગી ને સુખદુઃખના દહાડામાં પોતાની શુશ્રૂષા અને બરદાસ કરનાર તથા જિંદગી આખી પોતાનો ચાડિયો સ્વભાવ હેતથી સાંખી અખંડ પ્રેમથી ચાહનાર પોતાના પાલકના અસહાય શરીર પર તેનું રક્ષણ કરતો જાજરમાન સાગર સમો ભવ્યતાથી ઊભો હતો."

આગળી પુરુષોના જુવાન પ્રજાજોગ જે સંદેશ આ વર્ષની શરૂઆતથી દર માસે છપાતા આવેલા તે પૈકી આ અંકમાંનો શ્રી કનૈયાલાલ મુનશીના સંદેશ આજ પચ્ચીસ વર્ષે પણ એટલો જ પ્રેરક છે:

> **સમાજ કે ધર્મે ઘડેલાં બીબાંમાં રહી નિશ્ચેતન ઢીંગલીઓ બનશો મા. તપથી શક્તિ મેળવજો; ભાવનાથી શુદ્ધિ મેળવજો; અભ્યાસથી કાર્યદક્ષતા મેળવજો; જ્ઞાનથી સંસ્કારસમૃદ્ધિ ભેગી કરજો; છે તે જ જીવનમાં રસ કેળવી ઉલ્લાસ અનુભવજો;—અને આમ, ઘડાએલી માનવતાને વ્યક્ત કરજો—શબ્દમાં, વિચારમાં, ચારિત્ર્યમાં ને કર્તવ્યમાં—કોઇનો ભય ધાર્યા વિના, કશાની આશા રાખ્યા વિના, ગુજરાતને મહાન રાષ્ટ્ર થવું હોય, સંસ્કારનો મંત્ર દેવો હોય, તો તેની ઊગતી પ્રજાએ આ માનવતા સર્જાવવી જ પડશે.**
>
> **—કનૈયાલાલ મુનશી**

છ જ માસ પર ભારતના જગત્‌ખ્યાત બલ-વીર રામમૂર્તિનું ચરિત્ર લખનાર શ્રી હરિનારાયણ આચાર્યની કલમે આ અંકમાં યુરોપના એવા જ સામર્થ્ય-વીર અને પુરુષસૌંદર્યના આદર્શ સમા યૂજેન સૅન્ડોનું ચરિત્ર લખેલું. એનો ઉઘાડ જ જુઓ:

"જ્યારે મર્દાનગીના કાર્યો માત્ર વાતોમાં જ સંભળાતાં, જ્યારે વિલાસની ગાદમાં ભરાઈ રહેવામાં જીવનની કૃતકૃત્યતા મનાતી, સ્વાસ્થ્ય અને શૌર્યને ભોગે ઉપભોગની આરાધના એ જ જીવનનો મહામંત્ર ગણાતી, મનુષ્યત્વ નિશાચર વૃત્તિમાં પર્યાપ્ત થતું, પુરુષ માત્ર વસ્ત્રોને લીધે ઓળખાતો, ત્યારે—યુરોપની નપુંસકતાના એ કાળમાં એક યુગવિધાતાનો અવતાર થયો. એ યૂજેન સૅન્ડો.

જેના આગમનથી સૃષ્ટિમાં નવો શરીરધર્મ પ્રવર્ત્યો, જેના આદેશના પરિણામે સૃષ્ટિનું માનવજીવન નવપલ્લવિત થયું, જેના શાસનથી પ્રજા વીર્યવતી બની, એ નરકેસરી સૅન્ડોએ બીસબીસ વરસના ભીષ્મ પ્રયત્ને મનુષ્યજાતિના ઉદ્ધારકનું પદ પ્રાપ્ત કર્યું છે. અર્વાચીન યુગના મનુષ્યત્વનો એ વિધાતા છે.

નેપોલિયન ને સીઝર જેવા બહેંતિયાની પાસે એ ગ્રહમંડળમાં સવિતા સમો છે, કેમકે સ્વાર્થના યજ્ઞમાં એણે વસુંધરાનો બલિ આપ્યો નથી; વિલાસના ખપ્પરમાં એણે સૃષ્ટિના સૌંદર્યને હોમ્યું નથી; રાક્ષસી મહત્ત્વાકાંક્ષાથી એ વસુધાને વરવા રણમાં ઝૂઝ્યો નથી. એણે તો સૃષ્ટિનો સૌંદર્યરાશિ વધાર્યો, ખીલવ્યો ને પોષ્યો. નપુંસકતા

અને નિર્બળતાની શૃંખલાથી એણે મનુષ્યજાતિને મુક્ત કરી.”

આ પણા પત્રકારત્વમાં જે અનેક વિષયો દાખલ કરવાની પહેલનો યશ 'કુમાર'ને છે તે પૈકી અતિ લોકપ્રિય થએલા 'પક્ષીપરિચય'નું મંગલાચરણ આ અંકની 'સ્ફાટિક'ની લેખમાળામાં શ્રી ગજાનન ભટ્ટના 'પક્ષીનિરીક્ષણ'ના છપતાથી થયું. તેના થોડા રસમય ફકરા:

“જેની નિકટમાં નિકટ રહેતા છતાં તે સંબંધે ઓછામાં ઓછું જ્ઞાન આપણે ધરાવતા હોઈએ એવું કાંઈ પણ હોય તો તે પક્ષીઓ છે. આપણે પક્ષીઓને સ્પૃશ્ય અને અસ્પૃશ્ય એવા બે વિભાગમાં વહેંચી નાખ્યાં છે, તેમાં પક્ષીઓને મોટો અન્યાય થયો ભાસે છે. કાગડા, ગીધ, ઘુવડ ને ચીબરી જેવાં પક્ષીઓને આપણે ઘણી કરડી નજરથી જોઇએ છીએ. તેમને અડવાથી સ્નાન કરવું પડે છે, તેના બોલવાથી અપશુકન થાય છે; બીજી બાજુ પોપટ, સારસ, ગરુડ, દીવાળીઘોડો, તેતર, કબૂતર જેવાં પક્ષીઓને આપણે પવિત્ર અને શુભ શુકનનાં સૂચક માનીએ છીએ. પરંતુ આપણે જો પક્ષીઓનો અભ્યાસ કરીએ તો ખબર પડે કે એ માન્યતામાં ક્યાં ખામીઓ છે.

જેને આપણે અસ્પૃશ્ય પક્ષીઓ માનીએ છીએ તે તો દિનરાત આપણી સેવા કરે છે. ખેતરમાં વાવેતર થાય ત્યારે કાગડા પાછળ-પાછળ ફરીને વાવેલા દાણા ખાઈ જાય છે ને પાક બગાડે છે, એ માન્યતાથી એક વખત ઇંગ્લંડમાં કાગડાઓને ખેડૂતોએ મારી નાખ્યા. બીજે વર્ષે દર વર્ષ કરતાં પાક ઘણો જ ઓછો આવ્યો અને ખેતરમાં જિવાત એટલી તો વધી પડી કે તેનો કેમ નાશ કરવો તે મોટો પ્રશ્ન થઈ પડ્યો! તપાસ કરતાં જણાયું કે કાગડાઓ જ બધી જિવાતનો નાશ કરતા. તે જે કાંઈ બગાડતા તેના કરતાં ફાયદો વિશેષ કરી દેતા. બીજે જ વર્ષે તેમને કાગડાના સંરક્ષણનો કાયદો કરવો પડ્યો!

જિવાત ત્રણ જાતની થાય છે: જમીન પર ફરતાં જીવડાં, ઝાડ પર રહેતાં જીવડાં, અને હવામાં ઊડતાં જીવડાં. આ ત્રણે જાતનાં જીવડાંના નાશને માટે ત્રણ જાતનાં પક્ષીઓ કામ કરે છે. જો આવાં પક્ષીઓ ન હોત તો દુનિયા પર એટલી બધી જિવાત વધી જાત કે માણસને જીવવું પણ દુષ્કર થઇ પડત. જમીન પર ફરતાં જીવડાં અને ઈયળોના નાશ માટે ચકલી, કાબર, દીવાળીઘોડો એવાં કેટલાંક પક્ષીઓ છે. ઝાડના સંરક્ષણ અર્થે કુદરતે લક્કડખોદ જેવાં પક્ષીઓ બનાવ્યાં છે; હવાની જિવાતનો નાશ કરવા તેમજ પાણીનાં જીવડાં સાફ કરવા બીજી બે જાતનાં પક્ષીઓ થાય છે. ખેતરોમાં થતા ઉંદરોના નાશનું કામ સમળીઓ દિવસે અને ઘુવડ તથા ચીબરી રાત્રે કરી આપણી સેવા દિનરાત ઉઠાવે છે. તે ઉપરાંત ચકલાં નકામા છોડ-વાનાં બીજ ખાઇને નીંદામણના ઊગતા છોડવાનો નાશ કરે છે.

મિ. ડગલસ દીવાર પોતાના 'હિંદુસ્તાનનાં પક્ષીઓ' નામના પુસ્તકમાં ચકલીઓ બાબત લખે છે કે ચકલીઓ અનાજના કણ કરતાં નાનાં જીવડાં અને ઇયળો વિશેષ ખાય છે, અને તેનાં બચ્ચાં તો ખાસ કરીને ઇયળો પર જ જીવે છે. તેના બંગલામાં એક ચકલીએ માળો બાંધેલો. બચ્ચાં માટે તે આખો દિવસ ઇયળો લાવતી તે પરથી તેણે નીચે પ્રમાણે હિસાબ કાઢેલો: 'ચકલીનાં નાનાં બચ્ચાં બહુ જ ભુખાળવાં હોય છે. તે આખો દિવસ મોઢાં ફાડી ખોરાક માટે માળામાં બેસી રહે છે, ને ચકલી બાર કલાક સુધી લાગલાગટ કાંઈક ને કાંઈક લાવી તેમનાં મોઢાંમાં મૂક્યા જ કરે છે. એક કલાકમાં પંદર વખત ચકલી બચ્ચાં પાસે આવે છે અને દરેક વખતે ચાંચમાં ત્રણેક ઈયળો લાવે છે. એટલે આખા દિવસમાં તે ૧૫×૩×૧૨=૫૪૦ ઇયળો લાવે છે. આ પ્રમાણે બચ્ચાંને પોષવાનું કાર્ય ૨૦ દિવસ સુધી ચાલે છે. એટલે એક ચકલી એટલા સમયમાં ૫૪૦×૨૦=૧૦૮૦૦ ઇયળો-નો તો નાશ કરે જ છે. તે આખા વર્ષમાં બે વાર ઈંડાં મૂકે છે એટલે એક ચકલી એક વર્ષમાં પોતાનાં બચ્ચાં માટે લગભગ સાડી એક-વીસ હજાર ઈયળોનો નાશ કરે છે! આ ઉપરાંત પોતાને માટે જોઇતો ખોરાક તો જુદો.' પક્ષીઓનો ખાસ અભ્યાસ કરો તો આવી ઘણી ચમત્કારિક હકીકતો નજરે પડે.”



અ જંતાની કળાનું પહેલવહેલું રંગચિત્ર આ અંકમાં 'કુમારે' જ ગુજ-રાતને આપ્યું: 'બુદ્ધ-યશોધરા અને રાહુલ.' જ્ઞાનપ્રાપ્તિ બાદ બુદ્ધે કુટુંબયાત્રા કરી તે વેળા યશોધરા ને રાહુલ તેની પાસે દીક્ષા લેવા આવ્યાં એ પ્રસંગનું એ ચિત્ર છે. એમાં યશોધરા-રાહુલની આકૃતિઓ ઘણી નાની હોવાથી તેની વિગતો સમજવા તેનું મોટું રેખાંકન એ અંકમાં આપેલું તે ઉપર ઉતાર્યું છે. અજંતાની ૧૭મા નંબરની ગુફા (જેમા આ ચિત્ર આવેલું છે તે)નાં બધાં ચિત્રો મુખ્ય ઉસ્તાદે ચીતર્યા હોવાનું મનાય છે. એમની શૈલીમાં સચોટતા ને ભાવનિદર્શનમાં સુકુમાર છટા સહજ પ્રયત્ને ઊતરેલાં લાગે છે.

એક અણધારેલો શિકાર

મારી બદલી ડુંગરપુર કલેક્ટર તરીકે થયાનો ઑર્ડર મળ્યો ત્યારે મને ગમ્યું નહોતું. એક તો ડુંગરપુર રેલ્વે લાઈનથી કેટલા યે માઈલ દૂર; મોટરથી જવાય, પણ રસ્તો સારો નહિ; પાણીની મુશ્કેલી; વળી ગામ પણ નાનું;–આ બધાં કારણોથી કોઈ અમલદાર ત્યાં જવાનું પસંદ ન કરતો. પણ સરકારી હુકમનું પાલન કર્યા વગર છુટકો નહોતો. ઇચ્છાઅનિચ્છાએ પણ ડુંગરપુર જઈ મેં ચાર્જ લીધો.

થોડો વખત તો મને ગમ્યું નહિ. પણ ધીમેધીમે ઓળખાણ-પિછાન વધતાં લોકો મારે ત્યાં આવવા લાગ્યા. હું પણ બીજા અમલદારોને ત્યાં જવા લાગ્યો. એ પૈકી બે સાથે મૈત્રી ગાઢ થઈ હતી: એક તો ડુંગરપુરના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ભવાનીસિંહ ને બીજા ત્યાંના કસ્ટમ્સ સુપરિન્ટેન્ડેન્ટ અજિતસિંહ. બંને એકબીજાના ગાઢ મિત્ર. રોજ સાંજે તેઓ બંને મારે ત્યાં આવતા, અને અમે મારા મકાનના કૉમ્પાઉન્ડમાં બગીચામાં લાંબો સમય સુધી વાતો કરતા બેસતા.

એ બંનેને શિકારનો ઘણો જ શૉખ હતો. ભવાનીસિંહને તો પિતા તરફથી જ આ શૉખ વારસામાં મળ્યો હતો. તેમણે અત્યાર સુધીમાં સોએક ચિત્તાનો શિકાર કર્યો હશે. અજિતસિંહ પણ શિકારમાં નિષ્ણાત હતા. ઉમરમાં નાના હોવા છતાં શિકારનાં જ્ઞાન, ચાલાકી ને શક્તિમાં તેઓ ગમે તે અનુભવી સાથે ઊભા રહી શકતા.

હું ડુંગરપુર ગયો ત્યારે તો શિકારની ઋતુ પૂરી થઈ ચૂકી હતી. પણ ભવાનીસિંહ ને અજિતસિંહ તેમના શિકારનાં સાહસો ને અનુભવોની વાતો કરતા તે પરથી મને પણ શિકાર જોવાનું બહુ જ મન થઇ જતું ને સીઝન ક્યારે આવે તેની આતુરતાથી રાહ જોતો.

છેવટે શિયાળો આવ્યો. એક શનિવારે સાંજે મેં ભવાનીસિંહને કહ્યું, 'કેમ ભવાનીસિંહ! ચિત્તાના શિકારની વાતો તો તમે ઘણી કરી. કાલ રજા છે, દેખાડશો?'

'જરૂર સાહેબ, જરૂર; કાલે સવારે નીકળી પડીએ. અજિતસિંહ પણ આવશે. એમને ઘેર પેલા કાઠિયાવાડથી મહેમાન આવ્યા છે તે ય શૉખીન છે. મજા આવશે. કેમ અજિતસિંહ, શું કહો છો?'

'જરૂર કાલે જઇએ. મહેમાન નરપતસિંહને પણ મજા આવશે.' અજિતસિંહે જવાબ આપ્યો. મારા આનંદનો તો પાર રહ્યો નહિ.

બીજે દિવસે સવારે ભવાનીસિંહ, અજિતસિંહ, તેમના મહેમાન નરપતસિંહ વગેરે મોટરો લઇ આવી પહોંચ્યા. એક મોટર અને એક 'જીપ' હતી. આગલી મોટરમાં અમે બેઠા. પાછળની જીપમાં બંદૂકો, દારૂગોળો, દવાની પેટી, પાણીનો કુંજો, શિકારનો સામાન વગેરે સાથે ભવાનીસિંહનો નોકર રસૂલખાં આવતો હતો. રસૂલખાં પણ શિકારમાં એક્કા હોઈ ભવાનીસિંહ તેને હમેશાં શિકારમાં સાથે લઇ જતા.

લગભગ વીસેક માઈલ આડાઅવળા રસ્તામાં થઈ છેવટ અમે એક જંગલમાં આવી પહોંચ્યા, ને કસ્ટમ્સ ખાતાના નાકેદારની ઓરડી પાસે મોટરો ઊભી રખાવી અમે નાકેદારને સાથે લીધો. અજિતસિંહે તેને આગળથી ખબર આપેલી હોઈ તેણે શિકારની વ્યવસ્થા કરી હતી. ફરી પાછી અમારી મોટરો ઊપડી. જંગલ હવે ગીચ થવા લાગ્યું હતું. ઊંચાં ઊંચાં ઝાડ, મોટા પથરાઓ ને વનરાઈઓને લીધે અંધારું જણાતું હતું અને નાની કેડી ઉપર થઇને મુશ્કેલીથી અમારી મોટરો રસ્તો કાપી શકતી હતી. લગભગ એક માઈલ કાપ્યો ત્યાં અમે શિકારને સ્થાને આવી પહોંચ્યા. નાકેદારે બે માંચડા તૈયાર કરાવી રાખ્યા હતા. પહેલા માંચડા પાસે અજિતસિંહ અને નરપતસિંહ ઊતર્યા. અજિતસિંહે તેમની Silent gun (અવાજ વગરની બંદૂક), સામાન વગેરે લઇ લીધાં ને અમે આગળ બીજે માંચડે જવા રવાના થયા. જંગલ હવે તો બહુ જ ગાઢ થઈ ગયું હતું. મહામુસીબતે દોઢેક ફર્લાંગનો રસ્તો કાપી અમે બીજે માંચડે પહોંચ્યા.

નીસરણી તૈયાર હતી. સરસામાન નીચે ઉતારી અમે માંચડે ચડી ગયા અને નાકેદારે આગળથી બિછાવી રાખેલી ગાદી પર સૌએ પોતપોતાનાં સ્થાન લઇ લીધાં. ભવાનીસિંહ સૌથી આગળ બેઠા. તેને પડખે તેમને મદદ અને દારૂગોળો આપવા રસૂલખાં હતો. તેની પાછળ હું, અને પાછળ મોટર ડ્રાઈવરો, એમ અમે ગોઠવાઇ ગયા.

બપોરના સાડા બાર વાગ્યા હતા. સાધારણરીતે ચિત્તો આ વખતે જ જંગલમાં આવતો. અમે આતુરતાથી તેની વાટ જોઇ રહ્યા.

મધ્યાહ્નની સૂમસામ શાંતિ હતી. ઝાડ તો શું, પાંદડું પણ હલતું નહોતું. નીચે બાંધેલી બકરીના હલનચલન સિવાય કંઈ અવાજ સંભળાતો નહોતો. રસૂલખાંએ અમને પહેલેથી જ વાતચિત નહિ કરવાને ચેતાવી રાખ્યા હતા. અમે સૌ મૂંગા થઈ, કાન સચેત કરી ચિત્તાની રાહ જોઈ બેઠા હતા. પા કલાક, અરધો કલાક, પોણો કલાક અમે આમ ગાળી. મને તો કંટાળો આવવા લાગ્યો. મેં ભવાનીસિંહને કહ્યું, 'ભવાનીસિંહ, હવે તો પેલો નહિ આવે.' ત્યાં તો રસૂલખાં એકદમ બોલી ઊઠ્યા: 'સાહબ' બોલિયે મત, વહ તો કભી ભી આ સકતા હૈ.' હું ચૂપ થઈ ગયો. ફરી પાછી એ જ પ્રતીક્ષાની ઘડીઓ! મેં થાકીને બેઠક બદલાવી. ફરી અરધો કલાક એમ ને એમ વીતી ગઇ.

દૂરની ઝાડીમાં સહેજ સળવળાટ થયો. રસૂલખાં સચેત થયા. તેમણે ભવાનીસિંહને ઇશારો કર્યો. ભવાનીસિંહ ટટ્ટાર થઈ શિકારની position (બેઠક) જમાવી લીધી. મારું હૃદય જરા જલદી ધબકવા લાગ્યું. પેલો સળવળાટ હવે નજીક આવવા લાગ્યો. મારો શ્વાસ ઊંચે ચડી ગયો. પગલાંનો અવાજ પણ હવે તો સ્પષ્ટ થયો. રસૂલખાંએ ભવાનીસિંહને બીજો ઇશારો કર્યો. ભવાનીસિંહ હવે વધુ ટટ્ટાર થયા. તેમની શરીરની ને મનની સર્વ શક્તિઓ જાણે હાથ અને આંખમાં જ આવીને બેઠી હતી. મારા પણ હૃદયના ધબકારા તો બેહદ વધી ગયા હતા. અને હજી હું તો ચિત્તો ક્યાં છે તે શોધવા મથી રહ્યો છું ત્યાં તો રસૂલખાંનો અવાજ સંભળાયો 'લગાઓ!' ને ચિત્તાનું કેસરિયા શરીર હજી તો દેખાયું ન દેખાયું, ત્યાં તો ભવાનીસિંહે ગોળી છોડી. દિલને ધ્રુજાવી મૂકતો બંદૂકનો અવાજ થયો! 'ચિત્તો ઠાર થયો' અમે તાળીઓ પાડી અને ભવાનીસિંહ હરખાતા હરખાતા માંચડા પરથી કૂદકો મારીને ચિત્તા તરફ દોડ્યા ત્યાં તો—

'હે રામ' કરતી કોઇ માનવીની ચીસ સંભળાઈ. અમે પણ દોડ્યા. ચિત્તો દેખાયો હતો તે જ જગ્યાએ અજિતસિંહનું શબ પડ્યું હતું! છાતીમાં ગોળીનો ઘા હતો; પડખે ચિત્તાનું શબ હતું ને નરપતસિંહ નિસ્તેજ ચહેરે ઊભા હતા......

અમે 'શું થયું? શું થયું' બોલી ઊઠ્યા. નરપતસિંહે કહ્યું ત્યારે ખબર પડી કે અજિતસિંહ ચિત્તાને મારીને અમારી પાસે ઉપાડી લાવતા હતા ત્યાં ભવાનીસિંહની ગોળીનો ભોગ બની ગયા.

અજિતસિંહની બંદૂક Silent (અવાજ વગરની) હતી.

ત્યાર પછી હું કદી કોઈ શિકાર જોવા ગયો નથી.

પ્રવીણરાય સૂ. બક્ષી

નાગપંચમી

સર્વ તહેવારોની પ્રણાલિથી અનોખા જ પ્રકારના આ તહેવાર પાછળ કઇ ભાવના રહી હશે? ક્ષણમાત્રમાં જીવ લેનારા એ હિંસ્ર પ્રાણીને પ્રતીક ગણીને પ્રાણીમાત્ર તરફ સહિષ્ણુતા તથા અહિંસાવૃત્તિ કેળવવાનો બોધ આપવાની? — કે નાગ અને આર્ય જાતિઓ વચ્ચેનો કટ્ટર વૈરભાવ ગાળીને તેમને આર્ય જાતિમાં અપનાવી લીધાની ઉદાર માનવતાભરી ભાવનાનું સ્મરણ સાચવવાની?

[માસમાસના તહેવારો-૨૨]

આપણે ત્યાં જેટલા તહેવારો છે તેમાં નાગપંચમીનું પર્વ એક રીતે અનોખું છે. આપણા કેટલાક તહેવારો દેવદેવતા પ્રીત્યર્થ છે; કેટલાક આપણે આપણી સંસ્કૃતિનાં અંગો જાળવી અને ખીલવી શકીએ એ દૃષ્ટિથી યોજાયા છે; બીજા કેટલાક વિશિષ્ટ પ્રસંગોને તેમનું મહત્ત્વ ધ્યાનમાં રાખવા તે માટે છે; તો બીજા વળી ઋતુના ફેરફાર પ્રમાણે જીવનમાં યથાકાળે સંકલ્પપૂર્વક ફેરફાર કરીએ એ હેતુથી રચાયા છે; જ્યારે બાકીના તહેવારો પાછળ સામાજિક જીવનમાં પરસ્પર ઐક્તા આણવાની નેમ રહેલી છે. પણ નાગપંચમીના તહેવારને દિવસે મનુષ્યને માટે અતિશય ભયજનક એવા એક પ્રાણીની—નાગની પૂજા થાય છે. જે પ્રાણી પોતાના એક જ દંશથી પ્રાણ લેવા સમર્થ છે એવા ઝેરી પ્રાણીને તે દિવસે દૂધ પીવડાવાય છે એ વસ્તુ હિંદુ ધર્મની એક વિશિષ્ટ બાજુ રજૂ કરે છે. પ્રાણીમાત્ર તરફની સહિષ્ણુતા તો આ તહેવારમાં વણી લેવામાં આવી જ છે, પણ તે સાથે સર્વ પદાર્થ તથા પ્રાણીમાં ઇશ્વર છે એવું માનનારા હિંદુ લોકોએ સારાં-નરસાં સર્વ પ્રાણીની સેવા કરીને તેને સંતુષ્ટ કરવાની આ તહેવાર દ્વારા યોજના કરી છે.

આ તહેવાર માટે શાસ્ત્રોક્ત વિધિ એવો છે કે આ દિવસે જીવતા નાગની અથવા માટીની બનાવેલી તેની પ્રતિમાની પૂજા કરવી. તેને દૂધ, દહીં, ઘી અને ધાણીનું નૈવેદ્ય અર્પણ કરવું. જીવતા નાગને બદલે ઘરનાં બારણાની બન્ને બાજુએ સૂખડથી અથવા ચાકથી સર્પની આકૃતિ કાઢીને તે આકૃતિની પૂજા કરવામાં આવે તો પણ ચાલે છે.

अनंतं वासुकिं शेषं पद्मनाभं च कंबलम् ।
शंखपालं धृतराष्ट्रं च तक्षकं कालियं तथा ॥

ઇત્યાદિ સ્તોત્રોનું હમેશાં પઠન કરી નાગની નવ જાતની આરાધના કરવામાં આવે તો વિષની અસર થાય નહિ અને સર્વત્ર યશ મળે એમ પણ કહેલું છે. આમ, આ દિવસ યોગ્ય રીતે વિધિપૂર્વક પળાય તો આખું વર્ષ સાપ કે નાગ તરફથી કશી ઇજા થતી નથી એમ મનાય છે.

આ તહેવાર ભારતભરમાં ઓછેવત્તે અંશે પળાય છે. શાસ્ત્રોક્ત વિધિ ઉપર પ્રમાણે હોવા છતાં પ્રાંત પરત્વે જુદીજુદી રૂઢિ હોય છે. ગુજરાતમાં આ દિવસે ઉપવાસ કરી, ભીંત ઉપર નાગનું ચિત્ર કાઢી તેની પૂજા કરવાનો અને નૈવેદ્યમાં કુલેર ધરાવવાનો રિવાજ છે.




નાગરાજ



નાગ અને નાગિણી

અજંતાગુફાની ભીંતો પરનાં આલેખનોમાંથી

દેશભરમાં આ દિવસે ગારુડી લોકો નાગને લઇ ઘેરઘેર ફરે છે અને ભાવિક લોકો તરફથી તેમને દૂધ તથા પૈસા મળે છે. જ્યાં ખાસ નાગપ્રીત્યર્થ દેવાલયો સ્થપાયાં છે ત્યાં આ દિવસે મોટો ઉત્સવ થાય છે. સ્ત્રીઓ આ દિવસે સાપના આકાર જેવાં પંડોળાંનું શાક સમારતી નથી; ખેડૂતો એ દિવસે જમીન ખેડતા નથી; તે દિવસે ચૂલા પર ચીજો પણ તળાતી નથી. મહારાષ્ટ્રમાં એ દિવસે સ્ત્રીઓ હળદર-કંકુનો સમારંભ કરે છે. તે દિવસ હીંચકા પર હીંચકા ખાઇને અથવા અન્ય રમતગમતમાં આનંદપૂર્વક ગાળવામાં આવે છે. પહેલવાનો ઘાટ પર કુસ્તીઓ, આટાપાટા તથા અનેક મર્દાની ખેલો ખેલે છે. નાગપંચમી વિદ્યારંભ માટે શુભ દિવસ ગણાતો હોવાથી તે દિવસે નાનાં બાળકોના અભ્યાસનો આરંભ કરાવાય છે. ડુંગરાળ પ્રદેશોમાં નાગનો અધિપતિ રાજેશ્વર છે એમ માનીને તેની પૂજા કરાય છે. આથી નાગપંચમીને રાજુપંચમીનું નામ પણ ત્યાં અપાયું છે. ઉદેપુરના લોકોની એવી



દક્ષિણ હિંદમાં થતી નાગપૂજાની વિવિધ આકૃતિની નાગમૂર્તિઓ : જેમાં પહેલી ત્રણમાં નાગ-નાગિણીના દેહની વિવિધ સંયોજનાપૂર્વકની આકૃતિઓ ઘણી છે. તેમાં નાગને ફણા બતાવેલી છે, નાગિણીને નથી. ચોથી ને પાંચમી મૂર્તિ નાગદેવની ને છેલ્લી મૂર્તિ નાગદેવીની છે.

માન્યતા છે કે આ દિવસે બારણા પાસે એક વિશિષ્ટ વનસ્પતિ લાવી નાખવાથી કોઈ પણ ઝેરી જાનવર કદી ઘરમાં આવતું નથી. નેપાળમાં તો એવી કથા પ્રચલિત છે કે આ દિવસે નાગ અને ગરુડ વચ્ચે મોટું યુદ્ધ થએલું; તેથી તે દિવસે ત્યાં મોટો ઉત્સવ થાય છે. અયોધ્યા અને સંયુક્ત પ્રાંતોમાં નાગના દર પાસે દૂધભાત મૂકી 'સર્પ સર્પ'ના શબ્દોથી તેને આમંત્રણ આપવાનો પણ રિવાજ છે. વળી તે દિવસે ત્યાં સુથાર અને બીજા કારીગર લોકો પોતાનાં ઓજારોની પૂજા કરે છે. બિહારમાં વળી જુદો જ ચાલ છે. ત્યાં હલકા વર્ણની સ્ત્રીઓ પોતે નાગની સ્ત્રીઓ છે એમ સમજીને બે ત્રણ દિવસ સુધી રસ્તામાં નાગનાં ગીતો ગાતી ફરે છે. તે વખતે તેમને જે પૈસા મળે છે તેમાંથી અરધા બ્રાહ્મણને આપી, બાકીના પૈસામાંથી મિઠાઇ ખરીદે છે અને ગામના સર્વ લોકો તે ખાય છે. ગઢવાલ પ્રાંતમાં છાણ અને માટીથી જમીન લીંપીને તે પર સુખડથી અથવા હળદરની ભૂકીથી સાપની ૫, ૭ અથવા ૯ આકૃતિઓ કાઢી તેમને ચણામમરાનો નૈવેદ્ય ધરે છે અને આરતી ઉતારે છે, તથા દિવસમાં બે-ત્રણ વખત આ પ્રમાણે કરી રાત્રે નાગની કથા સાંભળે છે. બંગાળમાં લોકો શેષનાગની બહેન મનસા દેવીની પૂજા કરે છે, અનાર્યોની આ દેવીની પૂજા કરવાથી સાપથી પોતાનું રક્ષણ થાય છે એમ ત્યાં મનાય છે. કમળ પર બેઠેલી, હેમવર્ણી આ સ્ત્રીનું સર્વાંગ સર્પથી છવાએલું છે. સાપના ઝેરની અસર ન થવા દેવાની શક્તિ તેનામાં હોવાની માન્યતા હોવાથી તે 'વિષહરા'ને નામે ઓળખાય છે. બંગાળમાં મનસા દેવીનો મોટો ઉત્સવ થાય છે. તેના બે દિવસ અગાઉ ઝાડની નીચે દૂધની ખીર બનાવી મૂકવાનો રિવાજ છે. આમ કરવાથી સાપ કરડતો નથી એમ મનાય છે. દક્ષિણ હિંદમાં તો ઠેકઠેકાણે નાગનાં દેવસ્થાનો છે. સુબ્રહ્મણ્યમ, અનંતશયનમ વગેરે મોટાં દેવાલયોમાં હજારો ભાવિક લોકો દર્શનાર્થે જાય છે. ત્યાં તો કેટલાક રાફડા પણ નાગનાં દેવાલયો તરીકે માને છે, ને ગામના સીમાડા પર પથ્થરની પ્રતિમા મૂકેલી હોય છે તેને નમન કર્યા વિના મુસાફરો જતા નથી. વળી સંતાનપ્રાપ્તિ માટે નાગની બાધા રાખી તેને નાનાં પારણાં અર્પણ કરવાનો રિવાજ ત્યાં છે.

નાગપંચમીનો આ તહેવાર ક્યારથી અને શાથી શરૂ થયો એ બાબત વિદ્વાનોએ અનેક તર્ક કરેલા છે. કેટલાકોનું એમ કહેવું છે કે શ્રી કૃષ્ણે કાલિ નાગનો પરાજય જે દિવસે કર્યો તે દિવસ શ્રાવણ સુદ પાંચમનો હતો. ત્યારથી નાગપૂજા શરૂ થઈ. પણ આ મત સયુક્તિક દેખાતો નથી. બીજા કેટલાકનું કહેવું એમ છે કે મહાભારત-કાળમાં આર્યો અને નાગ જાતિ વચ્ચે યુદ્ધો થતાં. એક દિવસ નાગ જાતિના રાજા તક્ષકે આર્યોના પરીક્ષિત રાજાની નગરીમાં ઘુસી જઇ તેનો વધ કર્યો, ત્યારથી એ બંને જાતિ વચ્ચે જીવલેણ યુદ્ધ ચાલ્યું. આખરે આસ્તિક ઋષિએ આ યુદ્ધ અટકાવ્યું. એ આસ્તિક ઋષિનો પિતા આર્ય હતો અને માતા નાગ જાતિની હતી. ત્યારથી નાગ જાતિ અને આર્ય જાતિ વચ્ચે આંતરજાતીય વિવાહ શરૂ થયા અને નાગ જાતિ આર્ય જાતિમાં ભળી ગઇ. એમ મનાય છે કે નાગ જાતિના સંતોષ અર્થે નાગપૂજાનો આ તહેવાર આર્ય તહેવારોમાં અંકાઈ ગયો.

હિંદુ ધર્મમાં છેક પુરાણકાળથી સર્પને મહત્ત્વ અપાએલું છે. શ્રીમદ્ ભાગવતમાં સર્પ હમેશાં માણસનું રક્ષણ કરે છે એ જાતની

ડાબી બાજુ: મદ્રાસ મ્યુઝિયમમાંની દક્ષિણ હિંદની 'કાલીયદમન'ની સુંદર પ્રમાણભારવાળી કાંસ્યમૂર્તિ, જે કલાનો ઉત્તમ નમૂનો ગણાય છે.

જમણી બાજુ: બીજાપુર પાસે એહોળેમાં 'અનંતાસન' (અનંત નાગ પર આસન કરી બેઠેલા વિષ્ણુ)ની મૂર્તિ





રૂપક કથા આપેલી છે. પાંચ ફેણવાળો નાગ તેમાં પંચ પ્રાણના પ્રતીકરૂપે આલેખેલો છે. વિષ્ણુપુરાણમાં સાપના અનેક ઉલ્લેખો છે. દરેક કલ્પની આખરે ભગવાન વિષ્ણુ મહાસાગરમાં શેષનાગ ઉપર શયન કરે છે એ માન્યતા તો જાણીતી છે. ભગવાન વિષ્ણુએ કૃષ્ણાવતાર લીધો ત્યારે શેષનાગે બલરામ તરીકે અવતાર લીધો હતો. રામાવતાર વખતે લક્ષ્મણ પણ શેષનો જ અવતાર હતા એમ મનાય છે. ભગવાન શંકરનાં આભૂષણ નાગનાં જ છે એમ પુરાણોમાં છે. ગણપતિની કમરે પણ નાગ વીંટળાએલો હોવાનું લખ્યું છે. સર્પપ્રીત્યર્થ યજ્ઞ સમયે ગાવાની ઋચા પણ યજુર્વેદમાં આપેલી છે. આ બધાં પરથી જણાય છે કે સાપ માટે પ્રાચીન કાળમાં આર્યોમાં પૂજ્યભાવ હતો. પરંતુ, ઉત્તરમાં આર્યોમાં જ્યારે આમ માત્ર પૂજ્યભાવ હતો ત્યારે દક્ષિણમાં તો દ્રવિડો સાપની પૂજા પણ કરતા હતા. જેમ આર્યો અગ્નિ, જલ, વાયુ આદિ પંચમહાભૂતોની પૂજા કરતા, તેમ દ્રવિડો મનુષ્યને ઈજા કરનારાં સર્પાદિ પ્રાણીઓની, ભૂત-પિશાચોની તથા તેમનાં નિવાસસ્થાન તરીકે મનાએલાં વૃક્ષોની પણ પૂજા કરતા. એટલે આર્યો અને અનાર્યોનો જ્યારે એકબીજા સાથે સંબંધ થયો અને બંને એકબીજામાં ભળી ગયા ત્યારે આ તહેવાર આર્યોએ અનાર્યો પાસેથી લઇને શરૂ કર્યો હોય એમ લાગે છે.

એ ગમે તેમ હોય, નાગ પ્રત્યે આપણે ત્યાં જેમ બીક કે ધાક છે તેમ તેના પ્રત્યે થોડો આદર કે પૂજ્યભાવ પણ પ્રવર્તે છે. સાપ એ ઘરનો, ગામનો અને દ્રવ્યનો અધિપતિ હોઈ તે જ તેનું રક્ષણ કરે છે એવી એક સમજ છે. ખેતરમાં રહેનાર સાપ ખેતીને નુકસાન પહોંચાડનાર ઉંદર વગેરેને ખાઇ જતા હોવાથી તે ક્ષેત્રપાલ પણ કહેવાય છે. અને જ્યાં ભીતિ તથા આદરભાવ બંને ભેગાં થાય ત્યાં તેની પૂજા કરવા ભોળો પ્રાકૃતિક માણસ તૈયાર થાય તેમાં શું આશ્ચર્ય? પણ હિંદુ ધર્મે અંતે એને પણ અહિંસાનું રૂપ આપી તેમાંથી મનુષ્યેતર સૃષ્ટિ સાથેનો સમભાવ, હિંસ્ર પ્રાણીઓ પ્રત્યે પણ દયાભાવ અને અહિંસાનું અભય દાન—એ ત્રણ વસ્તુઓ પેદા કરી બતાવી એ તેની વિશિષ્ટતા છે. **માધવ દત્તાત્રેય માહુલીકર**

આ સાથે આપેલાં કાષ્ઠાંકન (વૂડ કટ)નાં ચિત્રો વડોદરા યુનિવર્સિટીના 'કૉલેજ ઑાવ ફાઈન આર્ટ્સ' (લલિતકલા મહાવિદ્યાલય)ના ડિગ્રી કોર્સના પ્રથમ વર્ષનો એક પરીક્ષાપત્ર હતો. વિદ્યાર્થીઓને (૧) રસોઈ કરતી નારી ને (૨) વાંદરાં, એ બે પૈકી એક વિષય પર ૬×૮ ઇંચના કદના, જાતે જ સપાટ કરેલા લાકડા પર, ફક્ત નવ કલાકમાં ચિત્ર ખોદીને, છાપ કાઢીને રજૂ કરવાનું હતું. આ ક્રિયામાં કાળી ને ધોળી જગ્યાઓની રુચિકર યોજના કરવામાં તથા સ્વચ્છ સફાઈદાર રેખાઓ સાચવવામાં કુશળતા ગણાય છે.

લલિત કલાઓમાં ડિગ્રી આપીને સ્નાતકો તૈયાર કરવાની કૉલેજ ગુજરાતમાં વડોદરા યુનિવર્સિટીએ સ્થાપી છે એની યે હજુ ઘણાને માહિતી જણાતી નથી. ચિત્ર, શિલ્પ, સંગીત, નૃત્ય ને નાટ્ય, દરેક વિભાગમાં ચુનંદા પ્રાધ્યાપક મંડળના હાથ નીચે આ કૉલેજને શરૂ થયે એક વર્ષ થઇ ગયું ને તેના પ્રથમ વર્ષની પરીક્ષાઓ પણ થઈ ગઈ.

એના અભ્યાસક્રમમાં પ્રત્યેક વિદ્યાર્થીને પોતાની કળાના અભ્યાસ ઉપરાંત સર્વસામાન્ય સાંસ્કૃતિક જ્ઞાનનો પણ અંગ્રેજીમાં અભ્યાસ કરવો પડે છે. આથી જ્ઞાન-સંસ્કારમાં એ વિદ્યાર્થીઓ ઇતર ગ્રૅજ્યુએટો કરતાં ઓછા નહિ ઊતરે. તેમાં હિંદનો સાંસ્કૃતિક ઈતિહાસ, હિંદ અને જગતના પ્રમુખ દેશોની કલાનો વિસ્તાર,' અને કળામીમાંસાનો સળંગ અભ્યાસ ચાર વર્ષમાં કરવાનો હોય છે. વડોદરા યુનિવર્સિટીની આ પ્રવૃત્તિનો સવિસ્તર ખ્યાલ આપવા, પ્રત્યેક વિભાગનો, મુલાકાતરૂપે પરિચય આપવાનો અમારો ઈરાદો છે, જેથી ત્યાં શિક્ષણ આપી રહેલા કલાકારોનો, ત્યાંનાં કલાસાધનોનો તથા સંસ્કારોનો કંઇક ખ્યાલ ભાવિ કલાકારોને મળી શકે. હાલ તુરત તો છેલ્લી પ્રથમ વર્ષની પરીક્ષાનો એક પ્રશ્નપત્ર અહીં આપીએ છીએ. તે જોઇને સહજે જ સમજી શકાશે કે આટલું સાધારણ જ્ઞાન પણ આપણાં યુનિવર્સિટીનાં મંડળોમાં પ્રસાર પામ્યું નથી.

ર. મ. ર.







કલાપરીક્ષાનો પ્રશ્નપત્ર

ભારતની સાંસ્કારિક ભૂમિકા

કુલ સમય ત્રણ કલાક (૧૧ થી ૨) કુલ માર્ક ૧૦૦

નીચેના પ્રશ્નો પૈકી કોઈ પણ પાંચ પ્રશ્નોના ઉત્તરો લખો.

(૧) મોહેં-જો-ડેરો ને હરપ્પાના સમયમાં લોકોનું સાંસ્કારિક ને સામાજિક ધોરણ કેવું હતું તેનો સ્પષ્ટ ખ્યાલ આપો. (૨) ઈ. પૂર્વે ૧૦૦૦થી ૬૦૦ સુધીમાં આર્યો સંસ્કૃતિની દૃષ્ટિએ ક્યાં સુધી પહોંચ્યા હતા તે દર્શાવો. (૩) બૌદ્ધ-સંપ્રદાયે ભારતીય સંસ્કૃતિમાં આપેલા ફાળાનો ખ્યાલ આપો.
(૪) આંધ્ર રાજાઓ અને તેમના યુગ વિષે શું જાણો છો? (૫) ગુપ્ત સમયમાં સંસ્કૃતિ કેવી હતી તે વર્ણવો.
(૬) અતિ પ્રાચીન કાળથી તે આશરે ઈ. સ. ૧૦૦૦ વર્ષ સુધીના દક્ષિણ ભારત વિષે જે જાણતા હો તે લખો.
(૭) પ્રાચીન કાળમાં ભારતીય સંસ્કૃતિનો બહારની દુનિયાને શો લાભ મળ્યો? દૂર દેશો પર તેની કેવી ને કેટલી અસર પહોંચી?
(૮) હિંદી-મુઘલ સંસ્કૃતિના ખરા સ્થાપક તરીકે અકબરનું નામ કેમ લેવાય છે?
(૯) ભારતમાં હાલ જે સાંસ્કૃતિક પ્રવૃત્તિ ચાલે છે તેની નોંધ આપો, તેમજ કેટલે અંશે તે પાશ્ચાત્ય અસરોનું પરિણામ છે તે જણાવો.
(૧૦) નીચે પૈકી ત્રણ બાબતો પર ટૂંક વિવરણ કરો: (અ) ભારતીય કળા પર ગ્રીક ને ઈરાની અસરો; (બ) નાલંદા; (ક) મૌર્ય કળા; (ડ) ઈસ્લામના સંપર્કનાં ભારત પર પરિણામો; (ઇ) અલબરૂનીએ વર્ણવેલું ભારત; (ફ) પ્રાચીન ને મધ્ય કાળમાં વર્ણાશ્રમની ભારત પર અસરો.

શ્રીયુત પ્રથમ (અનુસંધાન પૃષ્ઠ ૨૨૯થી આગળ ચાલુ)

'કેટલાક માણસો એવા હોય છે,' મેં આખરે છેલ્લો તુક્કો અજમાવ્યો, 'કે જેઓ કીર્તિ વિનાના સામાન્ય જીવનથી કંટાળી જાય છે. એમને દુનિયામાં કંઈક થવું હોય છે. લોકો પોતાને ઓળખે એવી એમને ઈચ્છા હોય છે. એવું ન બને ત્યારે...'

એ મારી તરફ ફર્યો. અને મારા અજ્ઞાનથી નવાઈ પામતો હોય એવી રીતે એણે મને સવાલ કર્યો, 'તમે મને ઓળખતા નથી?'

હું જરા ગુંચવાઈ ગયો. રખેને કોઇ જાણીતી વ્યક્તિનું આવા પ્રશ્નો પૂછી અપમાન કરી રહ્યો હોઉં.

'ખ્યાલ આવતો નથી.' મેં જરા વિચાર કરીને જવાબ આપ્યો.

'મારું નામ શ્રીયુત પ્રથમ.' તે બોલ્યો.

મેં ફરી થોડા વાર વિચાર કરી જોયો. પણ 'પ્રથમ' નામની કોઇ જાણીતી વ્યક્તિ ધ્યાનમાં આવી નહિ. એટલે મનમાં જરા હિંમત આવી. 'પ્રથમ તે કંઈ નામ હોતું હશે!' મેં કહ્યું, 'હા, 'દેવદાસ' અને 'જિંદગી' ફિલ્મચિત્રોના દિગ્દર્શક પ્રમથેશ બરૂઆનું નામ...'

'મારું નામ છે શ્રીયુત પ્ર થ મ' એ જરા ચિડાઇને બોલ્યા.

મને એનો ગુસ્સો જરા અકારણ લાગ્યો. 'અચ્છા, તો તમારું નામ શ્રીયુત પ્રથમ છે.' મેં પણ જરા ચિડાઇને કહ્યું: 'પણ તમે શી રીતે માનો છો કે મારે તમને ઓળખવા જોઇએ?'

'કારણકે હું પ્રખ્યાત છું. મારો ફોટો છાપાંમાં છપાય છે.'

'શા કારણે?'

'હું પહેલો આવું છું.'

'શામાં? યુનિવર્સિટીમાં?'

'યુનિવર્સિટીમાં, હા; અને બીજાં બધાંમાં. હું મારા પિતાનો પહેલો પુત્ર છું. હું શાળામાં—ભણવામાં અને રમતગમતમાં—પહેલો આવતો. શાળામાંથી એરોપ્લેનમાં બેસનાર પહેલો વિદ્યાર્થી હતો. સી. કે. નાયડુના હસ્તાક્ષર શાળામાં પ્રથમ મારી પાસે હતા. પછી મૅટ્રિકમાં હું પહેલો આવ્યો. ઈન્ટર અને બી. એ.માં પણ આખી યુનિવર્સિટીમાં પહેલો અને હવે કોઈ પણ જગ્યાની ઉદ્ઘાટનક્રિયા થાય તે. ત્યાં હું હમેશાં પહેલો જ હોઉં છું. ૧૯૩૬માં મુંબાઇના મેટ્રો થીએટરનું ઉદ્ઘાટન થયું તેમાં હું છ કલાક લાઈનમાં ઊભો રહી થીએટરમાં પહેલો દાખલ થયો હતો. એ પહેલી જગ્યા પોતાને આપવા માટે માણસોએ મને દસ દસ રૂપિયાની ઑફર કરી હતી પણ એ મેં છોડી નહોતી. ૧૯૪૨માં 'નૂતન ગુજરાત' છાપું બહાર પડ્યું ત્યારે પ્રેસની બહાર છાપું ખરીદનાર હું પહેલો હતો. સુરત-મુંબાઇ વચ્ચે દોડતી ફ્લાઇંગ રાણી—હમણાંની નહિ, જૂની—તેમાં પહેલો દાખલ થનાર હું હતો (છેક યાર્ડમાં જઇને બેસી ગયો હતો). મફતલાલ બાથમાં પહેલો સભ્ય થનાર હું હતો. હૅંગિંગ ગાર્ડન પરની નવી રેસ્ટોરાં 'નાઝ'માં સૌથી પહેલા દાખલ થઇ પહેલો ઑર્ડર આપનાર હું હતો. કસ્તુરબા ફંડમાં પહેલો ફાળો મારો ભરાયો હતો. (કસ્તુરબાના મૃત્યુના સમાચાર આવ્યા તેવા જ મેં તારથી પૈસા મોકલાવ્યા હતા.) કેનેરી ગુફા આગળના નૅશનલ પાર્કનું ઉદ્ઘાટન થયું ત્યારે એમાં પહેલો દાખલ થનાર હું હતો. કોઇને અંદર જવા દેતા નહોતા પણ હું છુપાઇને બાળાસાહેબ ખેરની આગળ પહોંચી ગયો હતો. 'બેસ્ટ'ની એ શ્રી લિમિટેડ-ફાઉન્ટનથી તેજેશ્વરીની બસ સર્વિસમાં પ્રથમ મુસાફરી કરનાર હું હતો વગેરે વગેરે. ટૂંકમાં હું બધામાં પહેલો હતો...' શ્રીયુત પ્રથમ અટક્યા.

હું શ્રીયુત પ્રથમના આ લાંબા રિપોર્ટથી પહેલાં જરા આશ્ચર્ય પામ્યો હતો અને પછીથી જરા કંટાળવા માંડ્યો હતો. એટલે મેં કહ્યું: 'એવું જ હોય તો મરીન ડ્રાઇવ પરથી દરિયામાં કૂદીને આપઘાત કરનાર તમે પહેલા ન બની શકત. એવું તો કેટલા ય માણસોએ કર્યું છે.'

'હું જાણું છું.' તેણે જરા નિરાશામાં ડોકું ધુણાવ્યું. 'મને વિચાર આવ્યો હતો કે નરીમાન પૉઈન્ટથી કોલાબા સુધીની પાળ જોડવાની જે વાત ચાલે છે, એ જો બંધાઈ ગઇ હોત તો ત્યાંથી આપઘાત કરનાર હું પહેલો બની શકત. પણ એને તો હજી વર્ષો લાગશે...' ફરી એ વિચારમાં ડૂબી ગયો.

મારા મનમાં જરા વિચિત્ર લાગણી થતી હતી. શ્રીયુત પ્રથમ પર પહેલાં ચડેલો ક્રોધ અદૃશ્ય થઈ ગયો હતો અને તેનું સ્થાન જિજ્ઞાસાએ લીધું હતું. શ્રીયુત પ્રથમ મૂંગા થઇ ગયા હતા અને મારો વાર્તાકારનો જીવ વાર્તા આગળ સાંભળવા તલપી રહ્યો હતો. પણ અનુભવે મને શીખવ્યું હતું કે વાર્તા સારીરીતે સાંભળવી હોય તો કહેનારને હમેશાં વાર્તા એની પોતાની રીતે કહેવા દેવામાં જ મજા છે. એટલે હું મૂંગો જ રહ્યો. આકાશ હવે જરા સ્વચ્છ થયું હતું. વરસાદ અટક્યો હતો અને પશ્ચિમ દિશામાં, જ્યાં સૂર્યાસ્ત થતો હતો એટલા ભાગમાં, આકાશમાં સુંદર રંગો રેલાઈ રહ્યા હતા.

પાંચેક મિનિટને અંતે શ્રીયુત પ્રથમે એમનું મૌન તોડ્યું.

'તમને કદાચ નવાઈ લાગશે' એણે કહ્યું, 'પણ આ વસ્તુ—બધે પહેલા આવવાની, એ મારે મન બહુ જ અગત્યની છે. મેં એક શોખ તરીકે એની શરૂઆત કરી, પણ હવે હું એનાથી ઘેરાઇ ગયો છું—એમ કહોને કે મારાથી દરેક જગ્યાએ પ્રથમ આવ્યા વિના રહેવાતું નથી. આવીરીતે પ્રથમ આવવામાં મારે ઘણા સમયનો અને પૈસાનો ભોગ આપવો પડે છે, પણ મને કશું લાગતું નથી. એનું કારણ મારી એના પ્રત્યેની દૃષ્ટિ છે. હવે મારે મન આ વસ્તુ એક શોખ તરીકે રહી નથી, મારા જીવનનું સર્વસ્વ બની ગઇ છે. હું એકરીતે એ માટે જ જીવું છું એમ કહું તો ચાલે. અને હવે મારા એ પ્રથમ આવવાના રેકર્ડમાં જરા પણ ભંગ પડે એ હું ચલાવી લઈ શકતો નથી. કોઇ પણ વાત હોય, એમાં મારે જ પ્રથમ આવવું જોઈએ. એવું કંઇક મારા મનમાં થઈ ગયું છે.' શ્રીયુત પ્રથમ જરા અટક્યા.

મેં એનો લાભ લઈ વચ્ચે મોટો સવાલ મૂકી દીધો.

'એમાં આપઘાત કરવા જેવી વાત શી છે? તમારો રેકર્ડ હજી સુધી તો વણતૂટ્યો છે, ને તમારે માટે તો એ ગર્વની વાત હોવી જોઇએ.'

'એ જ વાત છે ને! અત્યાર સુધી હું ય મારી જાતને સૌથી ભાગ્યશાળી માનતો હતો. પણ અત્યારે જ, હું એક છોકરીને મારી સાથે લગ્ન કરવાનું 'પ્રપોઝ' કરીને ચાલ્યો આવું છું...'

'એણે તમને ના પાડી?'

'ના રે, એણે હા પાડી.'

'અને એટલે તમે મરીન ડ્રાઇવના દરિયા પર આપઘાત કરવા આવ્યા?' મેં કટાક્ષમાં કહ્યું. 'ઉજવણી કરવાનો સૌથી સુંદર રસ્તો!'

તેને મારા શબ્દોથી જરા દુઃખ થયું હોય એવું લાગ્યું.

'તમને શું કહું?' તેણે કહ્યું, 'તમે જો મારું દર્દ જાણતા હોત...'

'કયું દર્દ?' મેં પૂછ્યું. પણ એનો એણે સીધો જવાબ ન આપ્યો.

'બેત્રણ મહિના પર હું આઝાદ મૈદાનમાં પ્રદર્શન ભરાયું હતું ત્યાં ગયો હતો. પ્રદર્શનમાં હું પહેલો જ દાખલ થયો અને મારે 'જાયન્ટ વ્હીલ'માં પહેલા બેસવું હતું. પણ એને માટે કમનસીબે બે દરવાજા હતા. એક દરવાજા આગળ હું પહેલો જઇને ઊભો રહી ગયો. બીજા દરવાજા આગળ એક છોકરી મારી જેમ જ પહેલી આવીને ઊભી રહી ગઈ હતી. પણ એમાં કશો વાંધો નહોતો. કારણ મારા દરવાજામાંથી માણસો પહેલાં લેવાનાં હતાં. પણ બન્યું એવું કે બન્ને દરવાજા સાથે

ઊઘડ્યા, એટલે હું અને પેલી છોકરી સાથે જ 'જાયન્ટ વ્હીલ' આગળ પહોંચ્યાં. 'અને પછી અમે પંદર મિનિટ સુધી સાથે બેસી 'જાયન્ટ વ્હીલ'ની સહેલ કરી અને પ્રદર્શનમાં પણ સાથે જ રખડ્યાં. ને એમ મને પ્રથમા સાથે ઓળખાણ થઈ.'

'પ્રથમા કોણ ?'

'કેમ, એને પણ તમે નથી ઓળખતા ? એ પણ મારા જેટલી જ પ્રખ્યાત છે. એણે પણ ઘણા રેકર્ડ કરેલા છે. ન્યુ એમ્પાયરના ૧૯૪૮ના ઉદ્‌ઘાટન વખતે હું તો મુંબઈમાં નહોતો, પણ એ પહેલી હતી; વીમેન્સ હોમગાર્ડની શરૂઆત વેળા એમાં નામ નોંધાવનાર પહેલી ....'

'એટલે તમે એના પ્રેમમાં પડ્યા, ખરું ને ?' મને થયું કે હવે એ પ્રથમાદેવીની સિદ્ધિઓનું લિસ્ટ સંભળાવશે એટલે મેં એને અધવચ્ચે જ સવાલ પૂછ્યો.

'હા, હું એના પ્રેમમાં પડ્યો. હું એના પ્રેમમાં પહેલો પડ્યો કે એ મારા પ્રેમમાં પહેલાં પડી એ કહેવું મુશ્કેલ છે, અને અમારી વચ્ચે તકરારનો વિષય છે. પણ એટલું ચોક્કસ કે અમે એકબીજાના પ્રેમમાં પડ્યાં પછી અમે બંનેએ થોડું પ્રથમપણું સાથે કર્યું. લિબર્ટી સીનેમાના ઉદ્‌ઘાટન વેળા અમે પહેલાં હતાં. બોમ્બે સ્ટીમ નૅવી-ગેશન કંપનીની નવી આગબોટ 'જલધારા'માં બેસી એલિફેન્ટા જનાર અમે પહેલાં હતાં... વગેરે.'

'પછી ?' મેં પૂછ્યું. મારો રસ હવે ખૂબ વધી ગયો હતો.

'અમારું જોડું દરેક રીતે યોગ્ય હતું. પ્રથમા સુંદર હતી, અમારા બન્નેના મન વચ્ચે અદ્‌ભુત મેળ હતો, અમારા બન્નેનો રસ સરખો હતો, દેવોને દુર્લભ એવી અમારી જોડી હતી...પછી મેં આજે પ્રથમાને 'પ્રપોઝ' કર્યું. એણે હા પાડી અને એ ખૂબ ખુશ થઈ ગઈ: 'ઓહ, પ્રથમ' તેણે કહ્યું, 'ગામદેવી પર હમણાં બંધાતા પેલા સરસ્વતી બાગમાં લગ્ન કરનાર આપણે પહેલાં દંપતી બના શકાશું.' અને મારા હર્ષની સીમા ન રહી. પણ પછી પ્રથમાએ જે કહ્યું તે સાંભળી હું જાણે કે પર્વત પરથી ખીણમાં ગબડી પડ્યો. મારો બધો આનંદ ઊડી ગયો. મને મારું આખું જીવન નિષ્ફળ જતું હોય એવું લાગ્યું...'


શ્રીયુત પ્રથમ જરા અટક્યા. હું મારી આતુરતા ખૂબ જ—રોકી રોકાય નહિ એટલી—વધી ગઇ હોવા છતાં ચૂપ રહ્યો.

'નસીબની વાત છે, ભાઈ! અત્યારે મારી આખી દુનિયા વેરણ-છેરણ થઇ ગઇ છે. પણ એમ હિંમત હારી ગયે કેમ ચાલે ? મારે આપઘાતનો વિચાર છોડી હવે બીજો કશો રસ્તો કાઢવો પડશે.' કહી શ્રીયુત પ્રથમે ડોકું ધુણાવ્યું અને પળેક રહી એ ઊઠ્યા અને એમણે મને સલામ કરી ચાલવા માંડ્યું.

મેં વળી પાછો એમનો કોટ પકડ્યો. 'હું એમ નહિ જવા દઉં.' મેં કહ્યું, 'પહેલાં એ કહેતા જાઓ કે પ્રથમાએ શું કહ્યું.'

'પ્રથમાએ કહ્યું કે તે વિધવા છે.' (સૂચિત)

ટિકિટસંગ્રહ : રદ્દીકરણની છાપ (અનુસંધાન સામેના પાનાથી)



પછી તો રદ્દીકરણની આ આકૃતિઓ કોઇકોઈવાર ચિત્રવિચિત્ર રૂપો લેવા લાગી. એમાં 'અન્વિક સ્ટાર' નામની તારા-છાપ તથા 'સેંટ ઍન્ડ્ર્યુઝ ક્રૉસ' નામની ચોકડી છાપ, જે એડિનબર્ગની પોસ્ટ ઑફિસ મારતી તે પ્રખ્યાત છે (બીજી હારમાં પહેલી એ). એ વખતે બધી બ્રિટિશ પોસ્ટ ઑફિસોને નંબરો આપવામાં આવેલા, તેમાં એડિન-બર્ગ(સ્કૉટલૅંડ)ની પોસ્ટ ઑફિસનો નંબર ૧૩૧ હતો, તે એ છાપમાં છે. ઑસ્ટ્રેલિયાના વિક્ટોરિયા પ્રાંતની શરૂઆતની ટિકિટો ઉપર પતંગિયા જેવી આકૃતિની છાપ હતી(બીજી હાર: ત્રીજી આકૃતિ)અને હૉંગકૉંગ (ચીન)ની ટિકિટો ઉપર ચીનનું મુખ્ય પ્રતીક સૂર્યના જેવી છાપ મારેલી પણ કોઈવાર મળી આવે છે (બીજી હારમાં છેલ્લે). જર્મનીના પ્રાંતો વળી વચ્ચે નંબરવાળાં ચારેક ચકરડાંની છાપ મારતાં (ત્રીજી હાર: પહેલી). તે પછી સિસિલી(ઇટાલી)ની છાપની આકૃતિ, જે છબિની ફ્રેમ જેવી છે, તેની એક રસિક વાત છે. ત્યાંનો રાજા ફર્ડિનાન્ટ એટલો ગુમાની હતો કે પોતાની છબિના મ્હોરા પર ટપાલ-છાપ પડે એ તેને પસંદ નહોતી. તેથી ટિકિટના આજુબાજુના ગાળામાં જ છાપ પડે ને પોતાનો ચહેરો અકબંધ રહે તે માટે આવી આકૃતિ તેણે શોધાવી! તેની પછીની તારકની છાપ ગ્વાટેમાલાની છે.

છેલ્લો રમૂજી નમૂનો 'પાછલે પગે લાત મારતા ખચ્ચર'નો છે! 'કિકિંગ મ્યૂલ'ના નામથી જાણીતી એ છાપ ૧૮૮૦ પછીના દસકામાં અમેરિકાના યુનાઇટેડ સ્ટેઇટ્સની ટિકિટો ઉપર જોવામાં આવે છે. એ દેશમાં તે કાળે પોસ્ટ માસ્તરોને પોતપોતાની ઈચ્છા મુજબની 'રદ્દી-કરણની છાપો' બનાવી લેવાની છૂટ હતી, તેથી એમાં પ્રાણીઓ, પંખી, માનવીનાં મોરાં વગેરે કિસમકિસમની જે છાપો મળી આવે છે તે પૈકી એક રમૂજી છાપ એ છે. ('પેન્ગ્વિન' તરફથી બહાર પડેલી 'પોસ્ટેજ સ્ટૅમ્પ્સ' નામની પુસ્તિકામાંની સામગ્રીને વિસ્તૃત કરીને)

એમ કેમ?

રબરને ખેંચવાથી તે લાંબું શાથી થાય છે?

સાધારણતઃ એમ મનાય છે કે માત્ર રબર જ ખેંચવાથી લાંબું થાય છે પણ ભૌતિકવિજ્ઞાન-શાસ્ત્રીઓ કહે છે કે બધા જ ઘન પદાર્થો, પ્રવાહી તથા વાયુઓમાં ઓછેવત્તે અંશે સ્થિતિસ્થાપકતાનો ગુણ તો રહેલો જ છે. બધા કાર્બનયુક્ત (Organic) પદાર્થોના અણુઓ(Molecules)માં હમેશાં કાર્બન અને હાઈડ્રોજનના પર-માણુઓ (Atom) હોય છે. આ પરમાણુઓ કાં તો સાંકળના રૂપમાં અથવા તો કુંડાળાના કે જાળીના આકારમાં એકબીજા સાથે જોડા-એલા હોય છે. આ સાંકળ પણ ઘણી વાર અનેક રૂપમાં હોય છે. રબરમાં તે ગૂંચ પડી ગએલી દોરીની માફક એક બીજાની સાથે સંલગ્ન થએલા હોય છે. આવા ગૂંચાએલા સાંકળ જેવા અણુઓ (Molecules) નાની નાની સ્પ્રિંગ જેવું કાર્ય કરે છે અને તે બીજા ઘન પદાર્થો કરતાં ઘણી વધારે સ્થિતિસ્થાપકતા આપે છે.

લાકડું સડી શાથી જાય છે?

તેનું કારણ એ છે કે તેના પર એક જાતની ફૂગ જેવી વનસ્પતિ (Fungi) હુમલો કરે છે. આ પરભક્ષક વનસ્પતિમાં એક એવું પ્રવાહી (Enzyme) નીકળે છે કે જેનામાં લાકડાને ખાઈ જવાની શક્તિ હોય છે. કેટલીક ફૂગના એન્ઝાઈમ લાકડાના રેષાવાળા ભાગ પર જ હુમલો કરે છે, જ્યારે બીજા એન્ઝાઈમ રેષાવાળા તેમજ બીજા ભાગોને પણ ખલાસ કરી દે છે.

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ

રદ્દીકરણની છાપ

ટપાલમાં એક વખત ટિકિટ વપરાઇ ગયા પછી ફરીથી તે વપરાવા ન પામે એ માટે ટપાલપેટીમાંથી કાગળ કાઢી લઇને તરત જ ટપાલ ઑફિસ તેના ઉપર એક છાપ મારીને તેને રદ્દ કરી નાખે છે એ તો બધાએ જોઈ જ હશે. ટિકિટોની સાથેસાથે આ છાપનું પણ થોડું મહત્ત્વ છે; પણ તે વ્યાપારી દૃષ્ટિએ નહિ તેટલું ઐતિહાસિક દૃષ્ટિએ વધુ ગણાય.

ટપાલ ઑફિસ તરફથી એવી છાપ મારવાની શરૂઆત તો ખુદ ટિકિટના પણ અસ્તિત્વની પહેલાં થએલી. જો કે એ વખતે તેનો હેતુ થોડો જુદો હતો. ટિકિટ ચોડીને ટપાલ મોકલવાની હાલની પ્રથા ઇ.૧૮૪૦માં 'પેની પોસ્ટ'ના નામથી ઇંગ્લંડમાં સૌપ્રથમ શરૂ થઇ તે અગાઉ, ત્યાં ટપાલ લઇ જવાના કૉન્ટ્રેક્ટ અપાતા. માત્ર રાજદરબારી ટપાલને બદલે જાહેર પ્રજાના કાગળો પણ લઇ જવાને માટે આવો પહેલવહેલો 'માસ્ટર ઑફ પોસ્ટ્સ'નો કૉન્ટ્રેક્ટ ઇ. ૧૬૬૦માં હેન્રી બિશપ નામના માણસને વાર્ષિક ૨૧,૫૦૦ પૌંડથી અપાયો. એણે પોતાની મારફત વહેંચાતા દરેક કાગળ ઉપર એક છાપ મારવાની પ્રથા પહેલવહેલી દાખલ કરી. એમાં એક વર્તુલના વચ્ચેથી બે ભાગ કરી, ઉપલા ભાગમાં મહિનાનો આંક ને નીચલામાં તારીખ છાપવાની વ્યવસ્થા હતી. જુઓ સામેના પાના પરના નમૂનાઓમાં મથાળે પહેલી આકૃતિ.

એ દિવસોમાં ઠેરઠેર પોસ્ટ ઑફિસો ન હતી, તેથી ગામગામડાંના કાગળો ફેરિયાઓ દ્વારા ઉઘરાવીને શહેરોમાં લાવવામાં આવતા. આવા ઉઘરાતદારોમાં વિલિયમ ડૉક્વ્રા નામનો માણસ પોતાની ઝડપ તથા કાર્યક્ષમતાથી બહુ પ્રખ્યાત થઇ ગયો. તેણે લંડનની આજુબાજુ ચારસોક ઉઘરાત મથકો સ્થાપ્યાં ને દિવસમાં દસવાર ટપાલ ઉઘરાવીને રોજ લંડન ભેગી કરતો. તે માટે તે કાગળદીઠ માત્ર એક પેની (પેન્સ) લેતો ને તે બદલ દરેક કાગળ ઉપર 'પેની પોસ્ટ પેઈડ' એ નામની એક ત્રિકોણાકાર છાપ તે મારતો. ઇ. ૧૮૪૦માં દુનિયાની પહેલીવહેલી ટિકિટ જે એક પેન્સની કિંમતની નીકળી તે આજે 'પેની પોસ્ટ'ના નામથી પ્રખ્યાત થઈ ગઈ છે; પણ એ નામનો ખરો શોધક તો આ ડૉક્વ્રા હતો. તેની એ છાપ આજે ટિકિટ-સંગ્રાહકોમાં બહુ કીમતી ગણાય છે. તેનો નમૂનો મથાળાંની હારમાં બીજો છે.



રશિયન સાહિત્યકાર પુશ્કિનની ૧૫૦મી જન્મજયંતી-ટિકિટો (૧) હંગેરીએ બહાર પાડેલા 'મીની-એચર શીટ'માં હાથમાં કલમવાળા પુશ્કિનની છબિ: પાર્શ્વભૂમિમાં 'મુક્તિ'નું પ્રતીક, અને નીચેના ભાગમાં 'રાષ્ટ્ર જાગૃતિ' દર્શાવતાં ધ્વજધારી યુવકયુવતી: (૨) હંગેરીની ટિકિટ પર પુશ્કિનને એક હાથમાં મશાલ અને બીજા હાથમાં કાગળ આપીને દર્શાવેલું 'સાહિત્ય જાગૃતિ'નું પ્રતીક: (૩) રુમાનિયાએ બહાર પાડેલ ટિકિટમાં તેની છબિની બે બાજુ પુશ્કિનના નામ સાથે સંકળાએલી રશિયાની તથા રુમાનિયાની બે સંસ્થાઓના નામનો ઉલ્લેખ: (૪) ચેકોસ્લોવાકિયાની ટિકિટ પર પુશ્કિનની આકર્ષક પ્રોફાઇલ (એક પડખાની) છબિ: (૫) નીચેના ભાગમાં રશિયાએ બહાર પાડેલું મહાન સાહિત્યકારને બિરદાવવા ચાર ટિકિટોનું આકર્ષક 'સુવેનીર શીટ'-જેમાં ઉપર ડાબી બાજુ અને નીચે જમણી બાજુ નવજવાન પુશ્કિનની એક લાક્ષણિક છબિ છે; જ્યારે મથાળે જમણી ને નીચે ડાબી બાજુની ટિકિટ પર પુશ્કિનની જાણીતી તસ્વીર છે. (અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી)

પછી ૧૮૪૦માં ટિકિટો નીકળી. તેને રદ્દ કરવા માટે પહેલીવહેલી છાપ મારવામાં આવી તે 'માલ્ટીઝ ક્રૉસ'ને નામે ઓળખાય છે. એનો એક નમૂનો પહેલી હારમાં ત્રીજે આપ્યો છે. (અનુ૦ સામેના પાને)




ચિત્ર ૯: કાંકરોલીમાં રાજસાગર સરોવરના બંધ પરની ૧૭મી સદીની છત્રીની છતમાંની સંગીતકારિણી મૂર્તિઓવાળી કોતરણી ગુજરાતી ઢબની છે, પણ તેની કક્ષા તદ્દન ઊતરતી કોટિની છે. (ફોટો: ગઅટ્સ)

ગુજરાતી કળાનો ફાળો(પૃ. ૨૨૫થી ચાલુ) સામાન્યરીતે માત્ર અહીં જ જોવા મળે છે તે—પણ ઓછી હતી, અને તે ગણુ કે ચક્ષથી ટેકવેલી નહિ પરંતુ નાની નાની સંગીતકારિણી પૂતળીઓથી ટેકાએલી હતી. (જુઓ ઉપર ચિત્ર ૯) લિન્ટલો(ઓતરંગ) ઉપર ચોખ્ખી સાસાનિયન ઢબની હંસ કે મોરની હારની પટ્ટીઓ હતી. (સાસાનિયન એટલે ઇરાનનો બીજીથી સાતમી સદીનો સમય.) મુખ્ય પ્રવેશદ્વાર મધ્યકાલીન શૈલીનું રહેતું, પણ તેમાં વણસમજ્યે સાદી કરી નાખેલી ને અનર્થભરી વિચિત્રતાઓ પેસી ગઇ હતી. એક નવું અંગ વળી હાથી અને ઘોડાની મૂર્તિઓનું ઉમેરાએલું જણાય છે. મધ્યકાલીન હિંદુ કલામાં યે એનો તદ્દન અભાવ તો નથી; પણ અહીં તો એ મધ્યકાલીન પ્રણાલિથી કોઈ જુદી જ વિચિત્ર ઢબે વપરાયા છે. રાજપુતાનાની આ 'પુનરુત્થાન શૈલી'નાં તો એટલાં બધાં મંદિરો મળી આવે છે કે અહીં એને ગણાવવાં પણ શક્ય નથી: અંબેરના જગતશિરોમણિ મંદિર ને કલ્યાણરાયજીનાં મંદિરોથી માંડીને સાંગાનેર, બુંદી ને બિકાનેરનાં ચિંતામણિ તથા નેમીનાથનાં મંદિરો, તેમજ જેસલમેર, ઉદેપુર, મેડતા, જોધપુર ને પાલીનાં મંદિરો સુધા એ હારમાળા દર્શાવી શકાય. અને આમાં હજી ગુજરાત-કાઠિયાવાડમાં જે અસંખ્ય જૈન મંદિરો એ કાળ પછી નવાં બંધાયાં કે સમરાયાં તેનો તો સમાવેશ થતો નથી. આમ છતાં રાજપુતોની જૂના સમયની સમાધિ ઉપરની છત્રીઓમાં તો એ જ પુરાણી થાંભલા અને છતની પ્રણાલિ સચવાઈ રહી છે.

મહેલોના તથા બીજા સ્થાપત્યમાં જોધપુરના કિલ્લામાં તથા મેડતામાં રાજા માલદેવે બાંધેલા દરવાજા તો ડભોઈ, ઝીંઝુવાડા, જૂનાગઢ, ધૂમલી, પાવાગઢ વગેરેના દરવાજાનું જ અનુકરણ છે; (ચિત્ર ૧૧) પણ ઘણાખરા કિલ્લાઓમાં મુઘલ ઢબની કમાનો દાખલ કરી છે. ગ્વાલિયરમાં માનસિંહના મહેલમાં પણ એ જ રીતે ગુજરાતી તત્ત્વ જ ચોખ્ખું તરી આવે છે. પણ એકંદરે મૂળ હિંદુ સ્થાપત્યરૂપોને એટલાં બધાં સાદાં કરી નંખાયાં છે કે કોઈપણ પ્રાંતની ખાસ અસર રહી નથી. જ્યારે ચિતોડમાં (કુંભારાણા, રતનસિંહ, જયમલ અને પત્તાના મહેલોમાં) તેમજ બુંદી, કોટા, ચંદેરી, દતિયા ને ઓરછામાં માંડુની માળવા શૈલીની અસર જણાઈ આવે છે. (ચાલુ)



ડાબી બાજુ ચિત્ર ૧૦: બુંદીમાં આવેલી ઇ. ૧૬૦૦ની સાલની આ વાવની કમાનો ને સ્થાપત્યરચનામાં ગુજરાતની જ સ્પષ્ટ અસર છે. (ફોટો: ગઅટ્સ) જમણી બાજુ ચિત્ર ૧૧: ઝીંઝુવાડાના આ પ્રાચીન દરવાજાની ઢબના જે દરવાજા આજે પણ ડભોઇ વગેરે સ્થળે જોવા મળે છે તેના અનુકરણમાં છેક જોધપુર તથા મેડતામાં દરવાજાઓ બંધાયા છે. (ફૉર્બ્સની રાસમાળામાંથી)





નથી કોઇ નૌકાનો આજે સુકાની,
અગર છે તો એને દિશાભાન ક્યાં છે?
રહી જિંદગી નામની ને નકામી,
છતાં આજ એનું જરા ભાન ક્યાં છે?
જુવાનોના શબ્દોમાં આવેશ જોયો,
પરંતુ એ શબ્દોમહીં જાન ક્યાં છે?
હજારોમાં શયદા હું શોધી રહ્યો છું,
બતાવો મને કોઈ ઇન્સાન ક્યાં છે? —શયદા

સર બેનેગલ નરસિંગરાવ (બી. એન. રાવ)

યૂનો (U.N.O.=યુનાઇટેડ નેશન્સ ઑર્ગેનિઝેશન)ના દુનિયાના દેશોના દરબારમાં ભારત-એલચી સમા કાયમી પ્રતિનિધિ તરીકેની પોતાની મુત્સદ્દીભરી કામગીરી તથા સૌમ્ય સુજન સ્વભાવથી કેવળ ભારત સરકારની જ નહિ પણ જગતભરના રાજપુરુષોની વાહ અને ચાહ મેળવનાર શ્રી બેનેગલ નરસિંગરાવની આટલી શક્તિઓની જાણ દુનિયાને હજી હમણાં જ થઈ: ખાસ કરીને યૂનોની સલામતી સમિતિએ કોરિયાને આક્રમણકાર ઠરાવ્યું ત્યારે તેઓ એ સમિતિના પ્રમુખસ્થાને હતા તે સમયની એમની કારવાઇથી.

પોતાના પોશાક જેવા સ્વચ્છ ને ડાઘ વિનાના દિલનો એ માનવી સૌમ્ય પ્રસન્નતાની જાણે મૂર્તિ છે. ગમે તેવી કટોકટી ઉશ્કેરણી કે આક્રમણ એના ચહેરાની ઋજુશાંત રેખાઓને લેશમાત્ર પણ ફેરવી શકતી નથી. યૂનોમાંના એમના અન્ય સાથીદાર રાજપુરુષો—દાખલા તરીકે ઘડીઘડીમાં ઉશ્કેરાઇ જતા અમેરિકાના વૉરેન ઑસ્ટેન કે નિર્દય વક્રોક્તિઓ કરતા રશિયાના જેકબ મલિક—ને મુકાબલે એમનું મધુર વ્યક્તિત્વ જુદું જ તરી આવે છે. મીઠાશભરી વિવેકબુદ્ધિ ધરાવતા રાવને માટે મિજાજ ગુમાવવો એ તો જાણે એમના સ્વભાવની જ વિરુદ્ધ છે.



સર બેનેગલ નરસિંગરાવ

ઈ. સ. ૧૮૮૭માં જન્મીને, મદ્રાસ તથા કેમ્બ્રિજમાં ઉજ્જવલ શિક્ષણ-કારકિર્દી ગાળી ૧૯૧૦માં તે આઈ. સી. એસ. થયા અને બ્રિટિશ હકુમતના પેલા કુશળ વહીવટીતંત્ર 'ઇન્ડિયન સિવિલ સર્વિસ'માં કામગીરી બજાવતાં ૧૯૨૫-૩૩માં આસામ સરકારના સેક્રેટરી, ૧૯૩૪-૩૫-માં મધ્યસ્થ ધારાસભાના મંત્રી, ૧૯૩૮માં કલકત્તા હાઇકૉર્ટના જજ, ૧૯૪૧માં હિંદુ કાયદા કમિશનના પ્રમુખ, ને ૧૯૪૪-૪૫માં કાશ્મીરના વડા પ્રધાન પદે પહોંચેલા. ત્યાર બાદ તે કૉન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલીના બંધારણનિષ્ણાત સલાહકારના પદે આવ્યા. ત્યાંથી ૧૯૪૮માં યૂનોના આંતરરાષ્ટ્રીય કાયદાકમિશનના સભ્યપદે ચુંટાયા ને પછી યૂનોમાં હિંદના કાયમી પ્રતિનિધિ સભ્ય તરીકે તેઓ જ છે.

દુનિયાના એક મહાન અને પ્રતિભાશાળી પત્રકાર સી. પી. સ્કૉટ('માન્ચેસ્ટર ગાર્ડિયન'ના તંત્રી)માટે કહેવાતું કે એનાં લખાણો એના વિરોધપક્ષીઓ જેટલા માનપૂર્વક વાંચતા એટલા માનથી કોઇ ન વાંચતું. રાવને વિષે પણ એમ જ છે. યૂનોમાં અમેરિકન આધિપત્ય ધરાવતા સમૂહમાં રાવના અભિપ્રાયો કાંઈ બહુ લોકપ્રિય નથી; છતાં એના પ્રત્યેનો આદર વધુ છે.



માસમાસનાં પંખી

[૬૬]

પીળક

આંબાની ઘટામાં કેરીનો ભ્રમ કરાવતું એક પંખી ક્યારેક નજરે ચડે છે. સોનેરી ઝાંયવાળા પીળા ધમરક તેના રંગ ઉપરથી તેને 'પીળક' કહે છે. કદ લગભગ મેના જેવડું; પાંખો અને પૂછડી કાળાં; પૂછડી સહેજ વળેલી ને પીળી પટ્ટીવાળી; આંખ ઘાટી લાલ; અને તેને ફરતી કાળી રેખા; ચાંચ ઘાટી ગુલાબી અને પગ ઘાટા સ્લેટિયા રંગના. માદાના પીળા વાનમાં સોનેરીને બદલે સહેજ લીલી ઝાંય. કાળા માથા તથા છાતી વાળી તેની બીજી એક જાત પણ થાય છે, તેમાં પણ માદાના રંગનો ચળકાટ નર જેટલો નથી હોતો.

આંબા કે વડ જેવાં ઘાટાં વૃક્ષોની ઘટામાં લપાતું છુપાતું ઊડતું તે ઘણીવાર દેખાય છે. સ્વભાવે શરમાળ હોવા છતાં બાગ-બગીચામાં બેધડક આવે જાય છે અને 'વિલ્લ-વૂ' જેવી સીટી વગાડી પોતાની હાજરી દર્શાવે છે. પણ સામાન્યત: તો તે 'ચી...હ' એવો અવાજ કાઢતું રહે છે. ફળ, ટેટા-ટેટી ને ફૂલમાંનાં બીજ તથા ક્વચિત્ ઝીણાં જીવડાં તેનો આહાર.

એપ્રિલથી જુલાઇ એ તેનો પ્રજનનકાળ. ઘટાદાર વૃક્ષના, સહેજે ન પહોંચી શકાય તેવી બહાર પડતી ડાળીના ચીપિયામાં, જમીનથી પંદરવીસ ફૂટ ઊંચો, ઊંડા પ્યાલાના આકારનો માળો તે બાંધે છે. નીચેથી જોતાં તે ડાળીમાં અટવાઇ ગએલા ઘાસના ગોળા જેવો લાગે, અને અંદર બેઠેલું પંખી તો દેખાય જ નહિ! કૂણાં તરણાં, પીછાં, દોરા વગેરે જે કંઇ પોચું ને મુલાયમ મળે તેનો તે માળા માટે ઉપયોગ કરે છે અને તેને કરોળિયાના જાળાંથી ગૂંથી લઇ, તેમાં કાળાં કે તપખીરિયાં તલકાંવાળાં ૨ થી ૩ સફેદ ઈંડાં મૂકે છે. કાળા માથાવાળી જાતનાં ઈંડાં સહેજ નાનાં ને ગુલાબી ઝાંયવાળાં તથા ઓછા ચળકાટવાળાં હોય છે.

નાગજાતિ અને આસ્તિક ઋષિ

આ અંકમાં આપેલા 'નાગપંચમી'ના લેખમાં આવતા 'નાગજાતિ'-ના ઉલ્લેખના અનુસંધાનમાં આ નીચેનો લેખ રસમય થઇ પડશે.

નાગ જાતિ એ ભારતની એક અતિ પુરાણી આદિવાસી અનાર્ય પ્રજા હતી. દ્વાપર યુગના ઉત્તરાર્ધમાં જ્યારે આર્યો અને અનાર્યો વચ્ચે સંઘર્ષ થયા કરતો હતો અને ધનુર્ધારી આર્યોથી હારીને અનાર્યો જંગલમાં જઈ ભરાતા હતા ત્યારે આ નાગપૂજક અનાર્ય જાતિ (નાગજાતિ)ના અગ્રેસરો તક્ષક અને વાસુકિએ આર્યોનો બરોબર સામનો કરેલો. કવચિત ઋષિઓ તથા કવચિત દેવરાજ ઈન્દ્રની સહાયથી તે આર્યોને શાંતિ લેવા દેતા ન હતા. તક્ષકે પાંડવોની રાજધાની ઈન્દ્રપ્રસ્થની નજીક જ ખાંડવ-વનમાં પોતાની વિશાળ વસતિની સ્થાપના કરી. એક વખત તો અગ્નિએ તક્ષક પાસેથી તેનું આધિપત્ય છીનવી લીધું. તક્ષકે ઈંદ્રની મદદથી તે પાછું મેળવ્યું. અગ્નિ સફળ ન થવાથી વરુણ પાસે ગુપ્તાસ્ત્ર તૈયાર કરાવ્યાં ને અર્જુન તથા કૃષ્ણને સમજાવી નાગજાતિના નિવાસસ્થાન આખા ખાંડવવનને ભસ્મીભૂત કરવામાં આવ્યું, જેમાં અસંખ્ય નાગપ્રજા નાશ પામી. એ નાગપૂજકોની એક વિશિષ્ટ સંસ્કૃતિ પણ હતી અને તેમાં ઘણા વિદ્વાનો, સ્થપતિઓ, કલાકારો આદિ હતા. આ નાશ પછી તક્ષક અને વાસુકિએ ફરી પીડિત નાગપ્રજાને એકત્ર કરી તેનું પુનર્વિધાન કરવાનો પ્રયત્ન કર્યો, પણ એને રાજદ્રોહ ગણીને એ લોકોને અનેક રીતે સતાવવામાં આવ્યા. નાગપ્રજાના મનમાં પુરાતન વેરનો અગ્નિ ધૂંધવાતો રહ્યો હતો. અંતે સાત દિવસની મહેતલ આપીને તક્ષકે શૃંગીઋષિની સહાયથી પાંડવોના પૌત્ર પરીક્ષિતનો સર્પદંશ દ્વારા નાશ કરાવ્યો. આથી સમસ્ત આર્યજાતિમાં હાહાકાર મચી ગયો, અને પરીક્ષિતના પુત્ર જનમેજયે ગાદીએ આવીને તરત જ સમસ્ત નાગજાતિનું નિકંદન કાઢવા માટે દેશભરમાં વિશાળ સૈન્ય મોકલીને મહાન સર્પ-યજ્ઞનો આરંભ કર્યો.

દેશને ખૂણેખૂણેથી નાગજાતિનાં નર, નારી, વૃદ્ધ તથા બાળકોને પકડીનેપકડીને યજ્ઞસ્થાને લાવી તેમનો નાશ કરવામાં આવ્યો. તક્ષક નાસીને ઈન્દ્રને શરણે ગયો. આથી જનમેજયે તક્ષક સુદ્ધાં ઈન્દ્રને પણ પકડી મંગાવવાની કડક આજ્ઞા આપી, એટલે વિવશ બનીને ઈન્દ્રે તક્ષકને આર્ય સેનાપતિઓને સોંપી દીધો. આખી નાગજાતિ નામશેષ થઇ જવા આવી હતી, અને તક્ષક પણ આમ કબજે થયો, એટલે સર્વત્ર ત્રાસ ફેલાઇ ગયો. આ હતાશાને સમયે બીજા નાગ-નેતા વાસુકિને પોતાની બહેન 'જરત્કારુ' યાદ આવી. તે ભૃગુકુલના જરત્કારુ નામના જ એક ઋષિ સાથે સ્નેહસંબંધથી રહી હતી. તેનાથી તેને 'આસ્તિક' નામનો પુત્ર થયો હતો. તે ગર્ભમાં હતો ત્યારે જ ઋષિ તો વનાંતરમાં ચાલ્યા ગયા હતા, એટલે નાગકન્યા જરત્કારુએ કૈલાસ પર્વત પર શંકરને આશ્રયે જઈ જ્ઞાનોપદેશ લીધો. ગર્ભાવસ્થામાં તે ઉપદેશ સાંભળી (તેના સંસ્કાર ઝીલી) જન્મેલો આસ્તિક મહાતેજસ્વી તરુણ થયો. ચ્યવન ભાર્ગવ ઋષિ પાસે તેણે વેદાભ્યાસ કર્યો હતો અને શંકરે તેને ઉપનયન આપ્યું હતું. એવો વિદ્વાન, તપસ્વી અને આર્ષદૃષ્ટા આ યુવાન, માતૃપક્ષથી નાગવંશી અને પિતૃપક્ષથી આર્ય હોવાથી એ બંને જાતિઓ વચ્ચેની આ અથડામણ બહુ ગંભીર ચિંતાથી જોઈ રહ્યો હતો, ને આ વૈર-પ્રતિવૈરનું દુષ્ચક્ર પ્રેમભાવ ને અહિંસાધર્મ વિના બીજા કશાથી નહિ અટકે તેની તેને પ્રતીતિ થતી જતી હતી. પોતાના મામા વાસુકિને મોંએથી આ છેલ્લી વ્યથા-કથા સાંભળીને તે પોતાનો એ અહિંસાધર્મ સમજાવવા તૈયાર થયો ને વાસુકિ સાથે જનમેજયના યજ્ઞમાં જઇ પ્રથમ તો પોતાનાં વેદગાન, તેજસ્વિતા ને મધુર શાંતિદાયિની વાણીથી રાજા જનમેજયને મંત્રમુગ્ધ કરી દીધો; અને પછી પ્રસન્ન થએલા રાજા પાસેથી વરદાન મેળવી, તેને ક્ષમા પ્રેમ અને અહિંસા દ્વારા જ આ વૈરનું દુષ્ચક્ર અટકી શકશે એમ સચોટપણે સમજાવ્યું. એના બોધથી પ્રસન્ન થએલા વચનબદ્ધ રાજાએ તત્કાલ સર્પયજ્ઞ બંધ કરાવ્યો, અને આસ્તિકને રાજ્યના ધર્માચાર્યના પદે સ્થાપી નાગજાતિને શુદ્ધ-સંસ્કૃત કરી, આર્ય જાતિમાં સમાવી લેવાનું કામ સોંપ્યું. આસ્તિકે તે બહુ બુદ્ધિમત્તા તથા રચનાત્મક રીતે પાર પાડ્યું. તક્ષક અને વાસુકિને સમાન અધિકાર સાથે પુનઃ સ્થાપિત કર્યા અને નાગજાતિની અનેક પ્રતિભાશાળી તથા તેજસ્વી વ્યક્તિઓને પણ આર્યજાતિમાં અપનાવી લેવાથી બંને જાતિઓને લાભ થયો. પરસ્પર અભિનવ વિચારો તથા કલાસંસ્કારની આપ-લેથી બંને જાતિનો સદ્ભાવ વધુ દૃઢ થતો ગયો, યુગયુગવ્યાપી વૈરવિરોધ શાંત થઈ ગયા અને સંસ્કૃતિ બલિષ્ઠ તથા સમૃદ્ધ બની. (શ્રીનિધિ દ્વિવેદીના હિંદી લેખ તથા બીજાં સાધનો પરથી સંકલિત)

નાગપંચમીનું મૂળ

જનમેજયે જે દિવસે સર્પસત્ર બંધ કરાવ્યો તે દિવસ નંદવર્ધિની નામક પાંચમનો હોવાથી તે દિવસ નાગલોકોમાં અતિ પ્રિય અને પૂજનીય બની ગયો.

તેનો આદિ પુરુષ 'નાગ' કશ્યપ અને કદ્રૂનો પુત્ર હતો. નાગજાતિમાં વખણાએલા બધા મુખ્ય નાગ—અનંત, વાસુકિ, તક્ષક, કર્કોટક, પદ્મ, મહાપદ્મ, શંખ, કુલિક, બધા કશ્યપથી જ ઉત્પન્ન થએલા હતા. એ બધા પ્રજાને બહુ ઉપદ્રવ કરતા હોઈ બ્રહ્માએ તેમને 'જનમેજયસત્રમાં તમારો કુલનાશ થશે' એવો શાપ આપેલો. પણ પછી તેઓ બ્રહ્માને શરણે જતાં તેમને ઉઃશાપ આપ્યો. જે દિવસે તેઓ બ્રહ્માને મળ્યા તે દિવસ પાછળથી નાગપંચમી તરીકે મનાવા લાગ્યો.

અંબર અથવા કેરબા

નાનાં બાળકોને હાથે કે ગળામાં પહેરાવાતા 'અંબર' (કેરબા)ના મણકા માટે મનાય છે કે તેથી બાળકોને દાંત આવતાં તકલીફ નથી પડતી કે કોઈ માંદગી નથી આવતી. આથી આપણા દેશમાં 'અંબર' (કેરબા)નો મોટો ઉપયોગ થાય છે. ઉપરાંત જગતમાં 'અંબર' ઝવેરાતના અલંકારો તેમજ કલામય ચીજો બનાવવા માટે વપરાય છે. આજે બજારમાં આવતા 'અંબર'નો મોટો ભાગ બનાવટી તેમજ હલકી જાતનો આવે છે. સાચા અને ચોખ્ખા કેરબાના ડઝન મણકાના લગભગ દસથી બાર રૂપિયા કે તેથી પણ વધુ બેસે છે, જ્યારે હલકી જાતના, પાંચ-છ રૂપિયે અને બનાવટી બે-ત્રણ રૂપિયે ડઝન પણ મળે છે.

'અંબર' ખાણમાંથી તેમજ સમુદ્રમાંથી મળી આવે છે. તે એક જાતના વૃક્ષના થડનો રસ છે. યુરોપની ઉત્તરે બાલ્ટિક સમુદ્ર આવેલો છે ત્યાં લાખો વર્ષ પહેલાં જમીન હતી, ને જેનું આજે નામનિશાન પણ નથી એવાં ગંજાવર વૃક્ષો તથા વનસ્પતિઓનાં ત્યાં ઘોર જંગલો આવેલાં હતાં. આ જંગલોમાં થતાં એક ખાસ જાતનાં વૃક્ષોનાં થડમાંથી રાળ જેવો ચીકણો પદાર્થ જમીન ઉપર ઝર્યા કરતો. સમય જતાં આ જંગલો તૂટીને પૃથ્વીમાં દટાવા લાગ્યાં, ધરતીકંપથી સમુદ્રો હતા ત્યાં જમીન થઈ ગઈ, ને કેટલા યે પ્રદેશો સમુદ્રોમાં ફેરવાઇ ગયા. આ વખતે ઉપરનાં જંગલો ઉપર સમુદ્રનાં પાણી ફરી વળ્યાં.

આ પાણીની અસરથી જે ઝરેલો રસ માટી સાથે મળી ગયો હતો તેની વાદળી રંગની માટી બની ગઈ અને તે સમુદ્રના પ્રવાહમાં કેટલીક તણાઇને બીજા પ્રદેશોમાં પણ પહોંચી ગઈ. આ બધી માટી, ઝાડનાં થડ વગેરે દટાઇને તેના ખડકો બની ગયા. આજે અંબર એ વાદળી માટીમાંથી જ નીકળે છે અને અંબર મળવાનો મુખ્ય વિસ્તાર બાલ્ટિક સમુદ્ર જ છે. ત્યાં ૧૨૫ થી ૧૩૦ ફીટ નીચે

આવા વાદળી માટીવાળા ખડકો માલૂમ પડયા છે. સમુદ્ર જ્યારે તોફાની હોય છે ત્યારે આમાંથી ટુકડા તૂટી તણાઇને કાંઠે આવે છે તે માણસો વીણીને તેમાંથી અંબર જુદું પાડે છે. ખાણોમાં પણ અંબર વાદળી માટીમાંથી મળી આવે છે. આવી ખાણો બ્રહ્મદેશ, પૃશિયા, સીસીલી, રૂમાનિયા વગેરે દેશોમાં આવેલી છે.

અંબર સાચું, હલકી જાતનું અને ખોટું, એમ ત્રણ જાતનું આવે છે. સાચા અંબરને 'બ્લૉક અંબર' કહે છે. હલકી જાતનું 'અંબર' જે સાચા 'અંબર'નું કામ કરતાં વધેલા ટુકડા અને ભૂકાને થોડી ગરમી આપીને હાઈડ્રોલિક દબાણથી દબાવીને તૈયાર કરાય છે, તેને 'કમ્પ્રેસ્ડ અંબર' કહે છે.એ સિવાય કાચના, પ્લાસ્ટીકના કે રાળના બનાવેલા મણકા આવે છે,જે લોકોને છેતરીને'અંબર'ના મણકા તરીકે વેચાય છે. વળી એક 'કોપલ' અંબરની જાત પણ આવે છે, જે બહુ નરમ હોય છે. આપણે તેને 'ચંદરસ'ના નામે ઓળખીએ છીએ. તેનો ઉપયોગ વારનીશિ બનાવવામાં થાય છે. તે મુખ્યત્વે ન્યૂ ઝીલાંડમાંથી મળે છે.

અંબરના રંગો દરેક દેશોમાં ઉત્પન્ન થતા માલના જુદાજુદા આવે છે. બાલ્ટિક સમુદ્રમાંથી નીકળતા બાલ્ટિક અંબરનો રંગ ખુલતો પીળો, નારંગી, કે ભૂરાશપડતો હોય છે, જ્યારે રૂમાનીઆમાંથી નીકળતા અંબરનો રંગ પીળો, ભૂરો કે ઘેરો ભૂરો હોય છે. સીસીલી ટાપુમાંથી નીકળતા અંબરનો રંગ જરા લાલ ઝાંયવાળો ખુલતો નારંગી હોય છે. બ્રહ્મદેશના અંબરનો રંગ પીળો કે લાલ હોય છે. કેટલીક વખતે ખાણ કે સમુદ્રમાંથી કુદરતી આકારના–જેવા કે પક્ષી, પાન, જીવજંતુના આકારો વગેરે મળી આવે છે તે ખૂબ કિંમતી મનાય છે.

'બ્લૉક અંબર'ના ટુકડાનો રંગ કોઈ દિવસ એકસરખો નથી આવતો. તેમાં કોઇ જગ્યા પર ઘેરી ઝાંય કે ખુલતા પલટા આવેલા હોય છે. સાચા અંબરના ટુકડાના પેટાળમાં કોઇ પણ જાતની તીરાડો, પોપડી કે ડાઘા નથી હોતા. કોઈ વખત તો તે પારદર્શક પણ આવે છે. વળી સાચું અંબર કાચ કરતાં નરમ અને જરા ગરમ લાગે છે. તેનો છરીથી ઝીણો છોલ પણ પાડી શકાય છે. જ્યારે 'કમ્પ્રેસ્ડ અંબર'ના ટુકડાનો રંગ હમેશાં એક જ સરખો, કોઈ પણ જાતના ઘેરા કે ખુલતા પલટા વિનાનો હોય છે. વળી તેના પેટાળમાં હમેશાં પોપડી જેવું હોય છે, અને લીલાશ પડતી ઝાંય પણ ઘણી વાર આવે છે. ખોટું અંબર જો કાચ હશે તો તેનો છોલ નહિ પડે; પ્લાસ્ટિક હશે તો તેના પેટાળમાં પોપડી નહિ હોય.

અંબર બહુ પ્રાચીન કાળથી લોકોમાં વપરાતું આવ્યું છે. જૂની પુરાતન કબરોમાંથી અંબરના હજારો મણકા મળી આવ્યા છે. યુરોપના પુરાતન કવિઓએ 'અંબર'ની ઊંચી કિંમતનો પોતાનાં લખાણોમાં ઘણી વખત ઉલ્લેખ કર્યો છે. વળી અંબર માટે દરેક દેશમાં ચિત્રવિચિત્ર માન્યાઓ પ્રવર્તે છે. જર્મનીમાં આપણી જેમ જ તેના મણકા બાળકોને દાંત આવતી વેળા પહેરાવાય છે. તુર્કીમાં મનાય છે કે અંબર કોઈ પણ જાતનો ચેપીરોગ લાગવા દેતું નથી,તેથી ત્યાં અંબરમાંથી બનાવેલી હોકલીઓ, સિગારેટની પાઇપો વગેરે પુષ્કળ વપરાય છે. એક હોકલી સળગાવી થોડી પોતે પીને મહેમાનને પીવા આપવી તે ત્યાં રાજકીય માન ગણાય છે. ઈરાન વગેરે દેશોમાં અંબરથી સંધીવા મટે છે, તેમજ માંદગી આવતી નથી તેમ મનાય છે.

અંબરની ઉત્પત્તિ માટે દંતકથાઓ પણ ચાલે છે. યુરોપની એક દંતકથા એવી છે કે અંબર એક પક્ષી-બ્હેનનાં આંસુ છે, જેનો ભાઈ સમુદ્રકિનારે વીજળી પડતાં મરણ પામેલો.તેને શોધવા તે રાતદિવસ રડતીરડતી સમુદ્ર પર આંટા માર્યા જ કરે છે. તેનાં આંસુ સમુદ્રમાં પડે છે ને તેનું 'અંબર' બને છે! હાલ અંબરનો મોટો ઉપયોગ ઝવેરાતની ડબ્બીઓ, સુંદર અરીસાની ફ્રેમો, છીંકણીની ડબ્બીઓ, હોકલીઓ, સિગારેટકેઇસો વગેરે બનાવવામાં થાય છે.અંબરના ખાસ વિશેષતાવાળા આકાર કે કદના ટુકડા ખૂબ કિંમતી મનાય છે. 'પૃશિયા'ની ખાણમાંથી મળેલો ૨૧ રતલનો ટુકડો હાલ બર્લિનના મ્યૂઝિયમમાં છે, તેની કિંમત આશરે રૂા. ૨૩૦૦૦ ગણાય છે.

('અલંકાર' માસિકમાંના શ્રી હિંમત ઝવેરીના લેખ પરથી)

જોડણી–હરીફાઈ

આપણે ત્યાં શુદ્ધ જોડણી લખવા પ્રત્યે જે હદપાર બેદરકારી છે તેવી ભાગ્યેજ બીજે હશે. એટલું જ નહિ, પણ કોઈ વાર તો શુદ્ધ જોડણીના આગ્રહીઓને 'વેદિયા', 'ચીકણા' વગેરે કહેવામાં આવે છે અને 'ભાષાને શું વળગે ભૂર…' વાળી ઉક્તિ બોલીને પોતાના વિષે ગુમાન ભાવ ધારણ કરવામાં આવે છે. આ વૃત્તિ ગ્લાનિજનક તેટલી જ ગુનાહિત છે, કેમકે ખોટી જોડણી લખવી એ પોતાની માતૃભાષાનું અપમાન કરવા બરોબર છે. પશ્ચિમના દેશો આ વિષયમાં કેટલી તકેદારી રાખે છે, અને પોતાનાં આવતી કાલનાં નાગરિકોને એ વિષયમાં રસ લેતા તથા આગ્રહ રાખતા કરવા માટે કેવા પ્રયત્નો કરે છે તેના ઉદાહરણ રૂપ અમેરિકાની 'વાર્ષિક જોડણી હરીફાઈ' છે.નવાઇની વાત તો એ છે કે ત્યાંનાં નવ અખબારોએ આ હરીફાઈ છેક ૧૯૨૫માં શરૂ કરી હતી, જ્યારે આપણે ત્યાં તો ખોટી જોડણી માટે કોઈ સૌથી વધુ ગુનેગાર હોય તો તે આપણાં ખુદ અખબારો જ!

આ વરસની ૨૪મી વાર્ષિક જોડણી હરીફાઇમાં ભાગ લેવા માટે લગભગ ૫૧ છોકરા-છોકરીઓ પાટનગર વૉશિંગ્ટનમાં મળેલાં, તેમાં ટેનેસી રાજ્યના મેમફિસ ગામનો ૧૩ વર્ષનો ઈરવિંગ ફિશર જીતી ગયો.

આ રાષ્ટ્રીય જોડણી હરીફાઈમાં ભાગ લેનારાઓની પસંદગી કરવા માટે આખા અમેરિકાનાં ગામ-શહેરોમાં જોડણી-હરીફાઇઓ યોજવામાં આવે છે, જેમાં આ વર્ષે ૪૦ લાખથી યે વધારે સંખ્યામાં છોકરાં-છોકરીઓએ ભાગ લીધો હતો! શાળામાં આઠમા વર્ગ સુધીના અભ્યાસથી આગળ ન ગયા હોય એવાં સોળ વર્ષની અંદરનાં બાળકો આ હરીફાઇઓમાં ભાગ લઇ શકે છે. આજે ૪૯ અમેરિકન અખબારો મળીને આ રાષ્ટ્રવ્યાપી હરીફાઈઓ યોજે છે.

શ્રેષ્ઠ જોડણી-જાણકાર નક્કી કરવા માટે હરીફાઇમાં ૩૯૪ શબ્દો લેવામાં આવ્યા હતા. ૧૮૨૭માં પ્રગટ થએલી વેબસ્ટરની 'અમેરિકન સ્પેલિંગ બુક'ની પ્રથમ આવૃત્તિમાંથી એ શબ્દો લેવાએલા.

હરીફાઇમાં વિજેતા થનારને એક 'કપ' અને ૫૦૦ ડૉલર રોકડા ભેટ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ન્યૂ યોર્ક શહેરમાં શનિ-રવિવારે એ મોજ માણી શકે એવી વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. હરીફાઈ પછી એના માનમાં ભોજન સમારંભ યોજાયો હતો. બીજા બધા હરીફોને રોકડા પૈસાના રૂપમાં ઇનામો મળ્યાં હતાં.

એવરેસ્ટનું આરોહણ

જગતના સર્વોચ્ચ શિખર હિમાલયના માઉન્ટ એવરેસ્ટ પર ચડવા માટેની એક બ્રિટિશ તપાસ-ટુકડીને નેપાળની સરકારે હમણાં આરોહણ કરવા દેવાની મંજૂરી આપી છે એ સમાચારથી, એ પર્વત પર વિજય મેળવવાની માનવીની મથામણના આજ સુધીના પ્રયત્નો યાદ આવે છે. ૧૯૨૧ અને ૧૯૩૮ વચ્ચે એવરેસ્ટ-આરોહણના જે સાત પ્રયત્નો થએલા તે પૈકી બે તપાસના ને પાંચ આરોહણના હતા. ૨૯,૧૪૧ ફૂટ ઊંચા એ અજેય ગિરિશૃંગ પર માનવી વધુમાં વધુ માત્ર ૨૮,૧૦૦ ફૂટ સુધી જ ફક્ત બે વાર પહોંચી શકયો છે: ૧૯૨૪માં અને ૧૯૩૩માં. અને તે પૈકી પહેલા પ્રયત્નમાં મૅલરી ને અર્વિન નામના બે જગનામી છાતીબડા શિખરિણીઓએ જાન ગુમાવ્યા છે.

વિકસતું વિજ્ઞાન

યાંત્રિક હાથ

એક હજાર રતલ જેટલું વજન ખસેડવાના જેટલી જ ચોક્કસાઈથી નાનકડું ઇંડું પણ ફુંચકી શકે એવો એક યાંત્રિક હાથ અમેરિકન ઈજનેરોએ તૈયાર કર્યો છે. ત્રણ ફૂટથી ય લાંબી આ કરામતમાં ખભો, કોણી હાથ, કાંડુ ને હથેળી છે. અણુવિષયક સંશોધનોમાં અણુશકિતવાળા પદાર્થો ઉપાડવા માટે તે તૈયાર કરવામાં આવ્યો હતો. એના શોધકો કહે કે આ હાથમાં જેટલી રાક્ષસી તાકાત છે. તેટલી જ તંતુ-વાદ્યના બજવૈયાની નાજુક સ્પર્શક્ષમતા પણ છે. વળી માનવ હાથ કરતાં આ યાંત્રિક હાથ મોટા વિસ્તારમાં હલનચલન કરી શકે છે. એને થાક લાગતો નથી અનેવધારે ચોક્કસાઇથી એ કામ કરી શકે છે.


તેના ખભા ને કોણીના હલનચલનનું નિયમન છ મોટરો કરે છે. બાવડું ૩૬૦ અંશ ડાબુંજમણું ફરી શકે છે. કોણી ૧૧૦ અંશ વળી શકે છે. ખભાનો સાંધો ૧૮૦ અંશ સુધી ઝૂલી શકે છે. વિવિધ કદનાં ઓજારો ઉપાડવા માટે જુદીજુદી જાતના હાથ તેમાં લગાડી શકાય છે. સ્ક્રૂ બેસાડવાનું ડિસમિસ તે ફેરવી શકે છે. તાજેતરમાં એક પ્રયોગ દરમિયાન આ યાંત્રિક હાથે એક વીજળિક મોટર આખી ઉખેડીને પાછા એના ભાગો ભેગા કરી દીધેલા !

સાવરણીમાં સુધારો

અમેરિકામાં સાવરણી બનાવવાના ઘાસની જાતમાં સુધારો થવાનો છે. એ ઘાસની ટોચે લાંબાં ફૂલોનં ઝૂમખું હોય છે. મૂળ આ ઘાસ ભારતમાં જ ઊગતું હતું. ખેતી–વૈજ્ઞાનિકો માને છે કે એ ઘાસના રેસામાં સુધારો થશે તો તેનો દરેક ભાગ ઉપયોગમાં લઇ શકાશે. એનો રંગ પાકો રહેશે ને એમાં જિવાત પડી શકશે નહિ. ઘાસના સાંઠા રસાળ હશે, તે પશુઓના ચારા માટે વાપરી શકાશે. ઉપરનો ભાગ સાવરણી બનાવવામાં ખપ લાગશે. અત્યાર સુધી એનાં બીજ નકામાં ગણી ફેંકી દેવાતાં. તેનો ઉપયોગ હવે પશુ-ઓના ખોરાક તરીકે થઈ શકશે.

આ ઘાસનો જથ્થો વાંસના ૩–૪ ફૂટ લાંબા કટકાને છેડે બાંધીને અમેરિકામાં સાવરણી બના-વવામા આવે છે ને વાંકા વળ્યા વિના જ એનાથી વાળી શકાય છે. આ છોડ પર થતા અનાજના દાણા મકાઇ જેવા હોય છે. છોડ પરનાં પીંછાંઓનો ઉપયોગ સાવરણી બનાવવામાં થાય છે. છોડ પાકટ થાય તે પહેલાં જ તેને તેના પરથી તોડી લેવામાં આવે છે. ને તાપમાં સૂકવવામાં આવે છે.

દરિયાનાં પાણીમાં ઊંડે ઊંડે ચાલતી સબમરીનો અત્યારે ડીઝલ તેલનાં બળતણ પર આધાર રાખે છે, ને તેલનો એનો જથ્થો ખલાસ થાય ત્યારે સપાટી પર આવી કોઇ બંદર પરથી પુરવઠો મેળવવો પડે છે. પણ અમેરિકામાં હવે બનનારી સબમરીનો અણુશક્તિથી ચાલશે અને પરિણામે સાગરના પેટાળમાં વધુ લાંબો વખત રહી શકશે. ડીઝલથી ચાલતી સબમરીનના કરતાં આને બાંધતાં ચારગણો ખર્ચ આવશે પણ; એ નવી સબમરીનોની તાકાત ઘણી વધારે હશે. હાલની સબમરીનોમાં તાજી હવાનો જેટલો જથ્થો સમાય છે તે એનાં ડીઝલ યંત્રોને લાંબો વખત ચાલતો ન હોઇ તાજી હવા લેવા એમને વારંવાર સપાટી પર આવવું પડે છે. પણ અણુશક્તિથી ચાલતી સબ-મરીનો દિવસોના દિવસો સુધી મહાસાગરના ઊંડાણમાં રહી શકશે, *કારણ કે અણુશક્તિથી ચાલતાં યંત્રોને હવાની જરૂર પડતી નથી;* તેથી એવી સબમરીનોની અંદરની તાજી હવા માત્ર તેના ખલાસીઓ જ વાપરતા હશે. વળી અણુશક્તિના ઉપયોગોને લીધે સબમરીનની અંદરના યંત્રોનું પ્રમાણ ને વજન પણ ઘટાડી શકાશે.




રેલવેના ડબ્બાને પાછળથી ધકકેલીન શટિંગ કરવાને બદલે પડખેથી ધકેલવાની રચનાવાળું આ એન્જિન અમેરિકાએ બનાવ્યું છે. બે મોટા રેલવેમાર્ગની વચ્ચે નાના પાટાઓ પર તે ચાલી શકતું હોઈ પોતાની બંને બાજુના પાટા પરના ડબ્બાઓને તે એકીસાથે ધકકેલી શકે છે. તે કાર્ય માટે તેનાં બંને પડખાંમાંથી ચીપિયાના આકારના હાથા બહાર નીકળી આવે છે, ને બંને બાજુઓના ડબ્બામાં તે ભરાવી દેવાય છે.



ભારતની પાા ફૂટ ગેજની વીજળિક ગાડીઓ માટે વજનમાં હલકા આવા ડબ્બા ઇંગ્લંડમાં તૈયાર થયા છે. ૧૨ ફૂટ પહોળા ને ૬૮ ફૂટ લાંબા એ ડબ્બાનું વજન ૫૧ાા ટન (યુદ્ધ પહેલાં બનાવેલા ડબ્બા કરતાં ૧૮ ટન ઓછું) થાય છે.

ℂ પી. સી. મુખરજી નામના એક ગૃહસ્થે 'ઈલેક્ટ્રિક લૉકિંગ ડિવા-ઇસ' નામની વીજળિક તાળાપદ્ધતિ રેલવે માટે શોધી છે.



ગયા અંકમાં જાહેર કરાએલી આ હરીફાઈમાં ભાગ લેનારાઓને એક મુશ્કેલી પડતી અમને જણાઈ છે, કે નામો કયા ક્રમમાં લખી મોકલવાં? તેથી આની ઉપર એ જ તસ્વીરોની બહિર્-રેખા આલેખી તેમાં અમે નંબરો આપેલા છે. હરીફોએ હવે **આ નંબરવાર** પોતે ઓળખ્યા મુજબનાં નામ લખી મોકલવાનાં છે. આ ચિત્ર ફાડી મોકલવાની જરૂર નથી. આ મુશ્કેલીને કારણે આ હરીફાઇની મુદત નવેસરથી લંબાવીને પંદરમી ઑગસ્ટ સુધીની કરવામાં આવી છે. જે હરીફો આજ સુધીમાં મોકલી ચૂક્યા છે તેમણે પણ આ રીતે નવેસરથી જ નામો ભરી મોકલવાનાં છે. તેમનાં આગલાં નામો રદ ગણ્યાં છે.

પહાડોને ભેદતી ઝડપી શારડી

કલાકના ૧૫ થી ૨૦ ફૂટની ઝડપે પહાડોમાં સુરંગ ફોડવાના બાકોરાં ખોદતી એક નવી શારડી હમણાં શોધાઇ છે. અગાઉ વપરાતી શારડીઓની ઝડપ કલાકના દોઢેક ફૂટ ઊંડાં બાંકાં પાડવાની હતી. આ શારડી કાચું લોઢું ધરાવતા ખડકોને અસરકારક રીતે ભેદે છે.

આ નવી શારડી, ખરી રીતે તો, ખોદવાને બદલે ખડકના એટલા ભાગને બાળી જ મૂકે છે. શારડીના મોઢામાં ઑક્સિજન અને ગ્યાસતેલ સીંચવામાં આવે છે. અંદર એક નળીમાંથી વહેતાં પાણીને એ ગરમ કરી વરાળનું સ્વરૂપ આપે છે અને એ વરાળ ઝીણા કાણાંમાંથી જોશભેર બહાર નીકળીને ખડકનાં છૂટાં પડેલાં કણે કણને બાંકાની બહાર ધકેલે છે. શારડી એક કલાક કામ કરે તેમાં લગભગ ૮૦૦ ગૅલન પાણી વપરાય છે. આટલું ઝડપી કામ આપતું આ મોટું યંત્ર ટ્રૅક્ટર વડે ખેંચીને એક સ્થળેથી બીજે સ્થળે સુગમતાથી ખસેડી શકાય છે.

ડી. ડી. ટી. અને 'ગૅમેક્સૅાન'ના મિશ્રણવાળો તૈયાર કરવામાં આવેલો ખાસ રંગ ઉપદ્રવી જંતુઓનો તો નાશ કરે છે, એટલું જ નહિ પરંતુ ખાસ કરીને પીળો તાવ ઉત્પન્ન કરતા મચ્છરોનું પણ નિકંદન કાઢી નાખે છે. સીલોનમાં આનો ઉપયોગ કરવામાં આવનાર છે.

અનંત પંડયા (અનુસંધાન પૃ. ૨૨૧થી ચાલુ) વિખ્યાત વૈજ્ઞાનિક પ્રો. બ્લૅકેટે મને કહેલું કે: 'તમારા દેશમાં ડૉ. પંડયા વિરલ પુરુષ છે અને એમના જેવા વધારે માણસો હોય એમ હું ઇચ્છું છું.'

આ વર્ષે જાન્યુઆરીમાં દિલ્હી આવ્યા ત્યારે એમની સાથે 'ઈન્ટરનૅશનલ એન્જિનીઅરિંગ એક્ઝીબિશન' જોવાનો લાભ મને મળેલો એ હું કદી ભૂલીશ નહિ. એમના જ્ઞાનભંડોળથી સરલ રીતે સમજાવવાની શક્તિથી, બુદ્ધિની તીક્ષ્ણતાથી હું ચકિત થઇ જતો.

એ વખતે દિલ્હીથી બસો માઈલ દૂર ભાખરાની યોજના જોવા લીલીબ્હેન અને એકાદ બે મિત્રો સાથે એ ગએલા. પાછા આવતાં મોટર નદીના પાણીમાં ખૂંચી ગઈ અને મોટરની અંદર પાણી ભરાઈ ગયું. પોતે બે માઇલ દૂરના ગામડામાં સાઈકલ પર ગયા અને માણસોને બોલાવી લાવ્યા અને દોરડાથી મોટર ખેંચીને ચલાવી. શિયાળાની કકડતી ટાઢમાં મધરાતે ઘેર આવ્યા ત્યારે મેં કહ્યું, 'બહુ હેરાન થયા!' પણ એમણે તો માત્ર કહ્યું, 'અમારે ઈજનેરોને તો એવું ચાલ્યા કરે!' બીજે દિવસે સવારે દોડાદોડ કરવાનું શરૂ કર્યું. શક્તિ અને ઉમંગથી એ જાણે થનગનતા હતા

અન્તુભાઈ પર પાશ્ચાત્ય કેળવણીની અને રહેણીકરણીની પુષ્કળ અસર હતી. એ વિજ્ઞાનમાં અને ખાસ કરીને શાસ્ત્રીય પદ્ધતિથી પ્રશ્નોનો અભ્યાસ તથા ઉકેલ કરવામાં માનતા. પરદેશ ભણી આવેલા યુવકોને ઘણી રીતે સહાય કરતા–એમને સલાહ આપતા, યોગ્ય સ્થળે ગોઠવી આપવામાં મદદ કરતા, એમના ભાવિમાં રસ લેતા. શિક્ષિતયુવકોના એ જાણે નેતા હતા. વૉલ્ટ ડીઝનીનું 'ફૅન્ટાઝિયા' ઘણાં વર્ષો પર કલકત્તામાં અમે સાથે જોવા ગયા ત્યારે અમારા બંને પર ઊંડી અસર થઇ: આનંદની સાથે વિજ્ઞાનની અદ્ભુત શક્તિની ઝાંખી થઇ. અન્તુભાઈએ કહ્યું, 'વિજ્ઞાનની મદદથી આપણે ધારીએ તો શું કરી શકીએ એનો આ ફિલ્મથી ખ્યાલ આવે છે. મનુષ્યનાં જીવન પ્રફુલ્લ અને રસિક કરી શકીએ.'

When some beloved voice that was to you
Both sound and sweetness, faileth suddenly,
What hope? What help? What music
Will undo that silence to your senses?

—*Elizabeth Browning*

બીજી જૂનની સવારે હું ઑફિસમાં જવાની તૈયારી કરતો હતો ત્યાં મારી પુત્રી ઉમાએ બૂમ પાડીને—લગભગ ચીસ પાડીને કહ્યું કે કલકત્તાથી તાર છે કે મોટરના અકસ્માતમાં અન્તુભાઈ ગુજરી ગયા! હું સ્તબ્ધ થઈ ગયો, અવાક્ થઇ ગયો, મારા મન પર સંયમ ન રાખી શક્યો. આવા સમાચાર ક્વચિત જ ખોટા હોય છે એ કોણ નથી જાણતું? આવા શક્તિશાળી, જુવાન, હોંશીલા અન્તુભાઈ આમ અચાનક હમેશ માટે ચાલ્યા ગયા? આ શું બન્યું, આવું શી રીતે બને એ પૂરું સમજાતું પણ નહોતું! આ સાચું છે એ જાણવા છતાં મન માનવાની ના પાડતું હતું. કંઇ ભૂલ હશે, નામમાં ભૂલ હશે, હજી બચી ગયા હશે, એવા વ્યર્થ તર્કો થયા કર્યા. રાતને વખતે એ ગ્રાન્ડ ટ્રંક રોડ પર શા માટે મુસાફરી કરી? ડ્રાઈવર કદાચ ઝોકાં ખાતો હશે? કે જોરથી મોટર ચાલતી હશે? એમને તે વખતે કેવું લાગ્યું હશે? આવાઆવા અનેક વિચારો સ્વજનોને આવે છે. એમની મોટર જરા વળી નહિ એમાં દેશે એક રત્ન ગુમાવ્યું, મિત્રોએ અને કુટુમ્બીઓએ એમને સદા માટે ખોયા! અનેક મનોરથો મનમાં રહ્યા અને આશા નષ્ટ થઈ ગઈ! વિધિનો આ કેવો ન્યાય? પ્રકૃતિની કેવી ઘટના? જગતમાં આ કંઈ પહેલો અકસ્માત નથી, જિંદગીમાં આ કંઇ પહેલું અવસાન નથી, એ જાણીએ છીએ છતાં પ્રિયજનને આવું થાય છે ત્યારે મનનું સમાધાન કે સાંત્વન થતું નથી.

એ બનાવને બીજે દિવસે ડૉ. સુધીર સેને મારા પર લખ્યું:

'દસ વરસ પર સિંગાપોરમાં તમે પંડયા સાથે મારી ઓળખાણ કરાવી આપી ત્યારથી હું અવારનવાર તેમને મળતો. છેલ્લાં બે વરસમાં તો હું તેમના ખૂબ પરિચયમાં આવ્યો; ને જેટલો વધુ તેમના સંપર્કમાં આવતો ગયો તેટલો વધુ ને વધુ હું તેમને ચાહતો ગયો. તેમની નિશ્ચયાત્મક વિચારણા, તેમની આત્મશ્રદ્ધા, તેમની આશાવાદી જીવનદૃષ્ટિ, તીવ્ર બુદ્ધિ અને જવાનીના જોમનો તેમનામાં થએલો વિરલ સંગમ, દેશદાઝ અને દૃઢ નિશ્ચયબુદ્ધિથી કોઇ પણ કામ પાર પાડવાનો ઉત્સાહ—આ બધાંને કારણે તે એક આકર્ષક ને રંગદર્શી વ્યક્તિ બની રહ્યા હતા. મારી તો એ આશા ને માન્યતા હતી કે એક દિવસ પંડયા સમસ્ત હિંદી ઈજનેરોના અગ્રણી બની રહેશે, અને તેમનામાં પ્રગતિવાદનો પ્રાણ સીંચીને તેમને અભિનવ માર્ગો સુઝાડશે. એક ખરા અગ્રગામીનું તેમનું માનસ-બંધારણ હતું હિંદી ઇજનેરી જગતમાં આજે સર્વસામાન્ય બની રહેલી સંકુચિત અને સ્વાર્થી વૃત્તિની સામે જે સખત લડત લડવી પડવાની તેને નિર્દેશીને તે આત્મશ્રદ્ધાપૂર્વક કહેતા કે 'યુગબળ આપણી તરફેણમાં છે.' આ બધી આશાઓનો હવે એકાએક અંત આવી ગયો. એક અત્યંત આશાસ્પદ ને ઉજ્જ્વલ કારકિર્દી ભર જવાનીમાં અધવચ્ચેથી કપાઈ ગઈ. એ ખોટ કદી જ નથી પુરાવાની. વિચાર ને દૃષ્ટિબિંદુની એકતાએ અમને બહુ નિકટ લાવી મૂકેલા હતા; એટલે હું તો એમના આમ એકાએક ઊપડી જવાથી એક ભારે અંગત ખોટની શૂન્યતા અનુભવી રહ્યો છું.'

અંગ્રેજીમાં ઉક્તિ છે કે દેવોને જે પ્રિય હોય છે એ વહેલા ચાલ્યા જાય છે. શા માટે દેવો આશાભર્યા યુવાનને આમ લઇ લે છે એ મને ખબર નથી. અકસ્માતનું તો કારણ પણ કોણ કહી શકે? રૂઢ શબ્દોમાં આપણે સૌ એકબીજાને આશ્વાસન આપીએ છીએ કે 'ઇશ્વરેચ્છા!' 'દૈવનું નિર્માણ થએલું'. કાળનું ચક્ર કદી પાછું ફરતું નથી, સમય કોઇ માટે થભતો નથી. આ કરુણ બનાવને પણ આજે મહિનો થઈ ગયો. 'દુઃખનું ઓસડ દહાડા' એ કેવું ક્રૂર વચન છે? પ્રિયજનને પણ આપણે ભૂલી જઈએ છીએ, જીવંત વ્યક્તિ માત્ર સ્મરણમાં જ રહે છે.

Alas! that all we loved of him should be,
But for our grief, as if had not been,
And grief itself be mortal!

જેઓ અન્તુભાઇને ઓળખતા, જેમને એ પ્રિય હતા, જેમને એમને માટે આદર ને માન હતાં એમના જીવનમાં તો એવી ખોટ પડી છે, એમનાં હૃદયમાં, એવી ઉણપ આવી ગઈ છે કે જે એ સૌ જીવશે ત્યાં સુધી કદી નહિ પુરાય.

લેખકો વગેરેને

'કુમાર' માટે મોકલાતાં લખાણો તથા ચિત્રો-ફોટોગ્રાફો વગેરેની પૂરતી સંભાળ રાખવામાં આવે છે, અને વળતું પોસ્ટેજ મોકલ્યું હોય તો, તેને અંગેનો નિર્ણય જ્યારે થાય ત્યારે ઉત્તર, અથવા તો અસ્વીકૃત વસ્તુ પાછી મોકલવાની સંપૂર્ણ કાળજી પણ રાખવામાં આવે છે. છતાં સંજોગવશાત્ કોઈપણ વસ્તુ ગેરવલ્લે જાય અગર આકસ્મિકરીતે નુકસાન પામે તો તેની કોઇપણ જાતની જવાબદારી અમારે શિરે રહેતી નથી.

આ માસ (જુલાઇ) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૧ કૅનેડાનું ફેડરેશન રચાયું, ૧૮૬૭.

તા. ૨ હૉમીઓપથીની ઉપચાર-પદ્ધતિના શોધક સૅમ્યુઅલ હાનેમાનનું મૃત્યુ, ૧૮૪૩.

તા. ૩ ત્રણ દિવસ સુધી તાપી નદીમાં મોટું પૂર આવવાથી સૂરતનાં ઘણાં મકાનો અને બે માઈલનો રેલરસ્તો ધોવાઈ ગયો, ૧૮૮૩.

તા. ૪ અટલાન્ટિક-પૅસિફિક વચ્ચેની પહેલી તાર-લાઇન ખુલ્લી મુકાઇ, ૧૯૦૩.

તા. ૮ '૫૭ના સંગ્રામ બાદ હિંદમાં શાંતિની જાહેરાત થઈ, ૧૮૫૮.

તા. ૧૨ પહેલા વિશ્વયુદ્ધનું મંડાણ, ૧૯૧૪.

તા. ૧૪ ૩ દિવસ, ૧૯ કલાક ને ૧૬ મિનિટ જેટલા સમયમાં જ પૃથ્વીની ઊડતી પ્રદક્ષિણા કરી ૪ સાથીદારો સાથે હાવર્ડ હ્યુજિસે નવો રેકૉર્ડ સ્થાપ્યો, ૧૯૩૮.

તા. ૧૯ કાશ્મીરના મહારાજાએ ગિલજીત વઝારત બ્રિટિશ સરકારને સોંપી દીધી, ૧૯૩૫.

તા. ૨૧ મહારાષ્ટ્રના આદ્ય ક્રાંતિવીર વાસુદેવ બળવંત ફડકે કેદ પકડાયા. ૧૮૭૯.

તા. ૨૫ ગુજરાતના પહેલા સમાજસુધારક કરસનદાસ મૂળજીનો જન્મ, ૧૮૩૨.

તા. ૨૬ અલી મસ્જિદ જીતી લઈ કૅપ્ટન વેઇડે ખૈબરઘાટ સર કર્યો, ૧૮૩૯.

તા. ૨૯ હિન્દનું પહેલું દૈનિક અખબાર 'સમાચાર દર્પણ' શરૂ થયું, ૧૮૪૯.

તા. ૩૧ સર્વધર્મસમન્વયકારી થીઓસોફિકલ સોસાએટીની સ્થાપક હેલીના પેટ્રોવિના બ્લાવાટ્સ્કીનો રશિયામાં જન્મ, ૧૮૩૧.

વ્યક્તિવિશેષ: સંત તુલસીદાસ



સંસ્કૃત યુગ આથમતાં પ્રાચીન જ્ઞાનનિધિ તથા આદર્શોથી વંચિત જનતા માટે રામચંદ્રજીની કથાનો આશ્રય લઈ, એ કાળની પરસ્પર વિરોધી ભાવનાનો સમન્વય કરીને આખા દેશને એક સૂત્રે ગ્રથિત કરી દેનાર તુલસીદાસજીને ઉત્તર હિંદના મહાન સમન્વયકારી લોકગુરુ કહી શકાય. મઉ પરગણાના રાજાપુર ગામે, ઈ. ૧૫૩૧માં, પરાશર ગોત્રના આત્મારામ દુબે નામના સરયૂપારીણ બ્રાહ્મણને ત્યાં એમનો જન્મ થએલો. માતાનું નામ હુલસી. તેઓ ચાર ભાઈ ઉપરાંત વિદ્યા તથા વાણી નામે બે બહેનો પણ હતી. એમનાં કાવ્યો પરથી જણાય છે કે બાર માસ ગર્ભમાં રહી, ખરાબ ગણાતા મૂળ નક્ષત્રમાં અને વળી મોંમાં દાંત સાથે જન્મવાથી અશુભ વહેમોને વશ થઇ માબાપે તેમનો ત્યાગ કરેલો, ને પાંચ વર્ષ સુધી ચુનિયા નામની એક દાસીએ તેમને પાળ્યા. તે દાસી ગુજરી જતાં નરહરિદાસ નામના સાધુએ તેમને ઉછેર્યા અને તેનું નામ રામબોલા પાડ્યું. નરહરિદાસ સાથે તેઓ કાશીમાં રામાનંદજીના મઠમાં રહેતા, જ્યાં પંચગંગા ઘાટ પર મળેલા શેષસનાતન નામના એક વિદ્વાન સાધુએ તેમને વેદવેદાંગ વગેરેમાં પારંગત કર્યા. વિદ્યા મેળવી ૧૫ વર્ષની વયે તે રાજાપુર આવ્યા ત્યારે દીનબંધુ પાઠક નામના એક વિદ્વાને તેમનાથી આકર્ષાઇ પોતાની પુત્રી રત્નાવલી સાથે તેમનું લગ્ન કર્યું, જેનાથી એમને તારક નામનો એક અલ્પજીવી પુત્ર પણ થએલો. રત્નાવલીને તેઓ એટલા ચાહતા હતા કે એક રાત્રે પ્રેમવશ થઈ, યમુનાનાં પૂર તરીને પત્નીને મળવા સાસરે ગયા; પત્નીએ આટલો પ્રેમ ઈશ્વરમાં રાખવાનો ઉપાલંભ આપતાં તેમની આંખો ઊઘડી ગઈ, અને પછી તો પત્નીએ બહુ યે સમજાવ્યા, છતાં સંન્યાસ લઇ રામભક્તિમાં જ રત રહી ૧૯-૨૦ વર્ષ સુધી ભારતનાં પ્રધાન તીર્થોની યાત્રા કરી. તેમની રામભક્તિ અને રામદર્શન વિશેની વાતો તો જાણીતી છે.

ઈ. સ. ૧૬૧૬માં ભારતમાં જે ભયંકર મરકી ફાટેલી તેનો ચેપ એમને પણ લાગ્યો. આરોગ્ય લથડ્યું, વાયુનું દર્દ જાગ્યું, હાથપગમાં પીડા ઊપડી, તાવ આવ્યો અને અંતે કાશી કાંઠે સંવત ૧૬૮૦ની શ્રાવણ સુદ ૭મે અવસાન પામ્યા.

એમણે રચેલા સમગ્ર સાહિત્યમાં રામભક્તિનું જ પ્રાધાન્ય છે. રામચરિતમાનસ, વિનયપત્રિકા, રામલલ નહછુ, જાનકીમંગલ, હનુમદબાહુક, બરવૈ રામાયણ વગેરે તેમના ગ્રંથોમાં મુખ્ય છે. તે પૈકી આપણે જેને તુલસીકૃત રામાયણ કહીએ છીએ તે રામચરિતમાનસનું હજી આજે સદીઓ વીતવા છતાં યે એટલા જ પ્રેમપૂર્વક પઠન-શ્રવણ થાય છે.

પ્રસંગવિશેષ : બંગાળના ભાગલા-બ્રિટિશ સરકાર સામેની રાષ્ટ્રીય લડતોમાં જે લડત સૌથી મોખરાની બની ગઈ, અને જેમાં, એક રીતે, આજના પાકિસ્તાનનાં પણ મૂળ હતાં તે બંગાળના ભાગલા કરવાની જાહેરાત ૧૯૦૫ના જુલાઈની ૨૦મી તારીખે લૉર્ડ કર્ઝને કરી. બહાનું એ કાઢ્યું કે એક લાખ નેવ્યાસી હજાર ચોરસ માઇલના વિસ્તારને સાચવવો બંગાળના લેફ્ટેનન્ટ ગવર્નરને મુશ્કેલ થઈ પડે છે અને ખાસ કરીને પૂર્વ બંગાળ તરફ પૂરતું લક્ષ આપી શકાતું નથી. પણ દાનત તો હિંદની આંતરિક અખંડતા તોડવાની હતી. પરિણામે ઢાકા, ચિતાગૉંગ અને રાજશાહીના વિભાગોને છૂટા પાડી, આસામમાં ભેળવી દઇને 'પૂર્વ બંગાળ અને આસામ'નો નવો પ્રદેશ યોજી તે પર લેફ્ટેનન્ટ ગવર્નરની નિમણૂક કરી ને તેની રાજધાની ઢાકા રખાઇ. અખંડ બંગાળની રાષ્ટ્રીયતા પર આથી કારમો ઘા પડ્યો અને બંગાળ ભરમાં જે ઉગ્ર રોષ ભભૂકી ઊઠ્યો એમાં બૉંબ, ધાડ, ખૂન, લૂંટ આદિ રાજદ્રોહના કહેવાતા કંઈક ગુના પણ થયા. સરકારે ૧૯૧૧ સુધી તો કંઈ મચક ન આપી, પણ આખરે તેને બંગાળને અખંડિત રાખી બિહાર અને ઓરિસાના નવા પ્રાંતોની રચના કરવી પડી.

અથાણું

બાપા: કનુ, તું ખાધા પછી તારું મોં પણ પૂરું ધોતો નથી લાગતો. સવારે તેં શું ખાધું હતું તે હજી તારા મોં પરથી જણાય છે.

કનુ: શું?

બાપા: મુરબ્બો.

કનુ: ખોટું બાપા; એ તો મેં કાલ રાત્રે ખાધો હતો.

~

લુહાર: તારો હથોડો વીજળીની માફક પડે છે!

સાથી: એટલો ઝડપથી, એમ ને?

લુહાર: ના; તે ભાગ્યે જ એક જગ્યાએ પડે છે.

વિજ્ઞાન શિક્ષક: હવે જુઓ હું આ પાવલી તેજાબમાં નાખું છું. તે ઓગળશે ખરી?

વિદ્યાર્થી: ના જી.

શિક્ષક: શાબાશ; એનું કારણ શું?

વિદ્યાર્થી: ઓગળવાની હોય તો તમે એમાં નાખો જ નહિ, સાહેબ!

~

બુકસેલર: (ડિક્શનેરી આપતાં તેના વખાણ કરતાં) આથી તમારું અર્ધું લેસન આપમેળે થઈ જશે.

વિદ્યાર્થી: ઓહો! ત્યારે તો બે નંગ જ આપોને!

મોટો કુહાડો કાંઈ ન કાપે ગજવેલ કાપે છીણીઓ;
રેતીમાં જે ખાંડ વેરાણી તે વીણી કાઢે કીડીઓ.

પસકની લડાઇમાં અલીબાગના આંગ્રે કુટુંબના ત્રણ જુવાનજોધ છોકરાઓ માર્યા ગયા. મરાઠા સરદાર ચિમાજી અપ્પાએ એમની માતાને આશ્વાસનનો સંદેશો મોકલતાં એ વીર માતાએ જવાબ મોકલ્યો કે 'મને ય દુઃખ તો થયું જ છે. પણ તે હું નિપુત્રિક થઈ તે માટે નહિ, પણ સરકારના કામ માટે બલિદાન આપવા હવે મારી પાસે ચોથો પુત્ર નથી તે માટે મને લાગી આવે છે.'


અનેકાર્થી શબ્દ: **નુકતો**=ફારસી તથા અરબી લિપિમાં શબ્દની ઉપરનીચે મુકાતું ટપકું કે બિંદુ; કાયદો કે ટુચકો; બુટ્ટો કે તર્ક.

કહેવતોના અર્થ: 'એવાતણનો ઉધારો, રંડાપો રોકડો.'—કોઈ પણ વસ્તુ, કાર્ય કે પ્રસંગ રચાતાં વાર લાગે છે, બગડતાં વાર નથી લાગતી, એ સત્ય બહુ ચોટદાર ઉપમા સાથે આ કહેવતમાં કહેવાયું છે: કોઈનું ઘર મંડાવતાં મુશ્કેલી પડે છે, પણ ભાંગી તો શકાય છે ઘડીના છઠ્ઠા ભાગમાં. એને મળતી બીજી કહેવતો: 'પાઘડી બંધાવતાં વાર, પાડતાં શી વાર?' 'વાળી ઘડાવતાં વાર થાય, નાક કાપતાં નહિ.'

ગણિતગમ્મત

૦×૮+૧	=૧
૧×૮+૨	=૧૧
૧૨×૮+૧૫	=૧૧૧
૧૨૩×૮+૧૨૭	=૧૧૧૧
૧૨૩૪×૮+૧૨૩૯	=૧૧૧૧૧
૧૨૩૪૫×૮+૧૨૩૫૧	=૧૧૧૧૧૧
૧૨૩૪૫૬×૮+૧૨૩૪૬૩	=૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭×૮+૧૨૩૪૫૭૫	=૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮×૮+૧૨૩૪૫૬૮૭	=૧૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮૯×૮+૧૨૩૪૫૬૭૯૯	=૧૧૧૧૧૧૧૧૧૧

મૂળજી જેઠુ નોપી



આ આકૃતિમાં કેટલા ત્રિકોણ સમાયા છે તે તમે શોધી શકશો? માન્યામાં નહિ આવે; પણ એમાં ૪૭ ત્રિકોણ છે!

સીવવાનો સંચો બહુ ભારે ચાલતો હોય તો તેને પેરાફિનથી સાફ કરી આખી રાત પેરાફિન લગાડી રહેવા દો. સવારે પેરાફિન લૂછી નાખી મશીનનું તેલ પૂરો.

એક અમેરિકન અને એક રશિયન પોતપોતાના દેશના વાણીસ્વાતંત્ર્ય વિષે બોલતા હતા. અમેરિકને કહ્યું, 'અમારા દેશમાં એવું વાણી-સ્વાતંત્ર્ય છે કે કોઇ પણ સભ્ય માણસ વ્હાઈટ હાઉસમાં જઈને પ્રે૦ ટ્રુમેનને તેના મોઢે કહી શકે છે કે 'તું ગધેડો છે.''

'હત્ તારીની! એટલું જ ને?' રશિયન બોલ્યો, 'અમારા દેશમાં તો ગમે તે આલતુ-ફાલતુ માણસ પણ ક્રેમલિનમાં જઈને સ્ટૅલિનને કહી શકે છે કે 'પ્રે૦ ટ્રુમેન ગધેડો છે.'

લોઢી આદી જે સાધનો પર રોટલી વગેરે બનતાં હોય તેને બરાબર સાફ કરવા તેમના પર થોડું મીઠું ભભરાવી ભીના કપડા વતી લૂછજો. માત્ર પાણીથી ધોવાથી છિદ્રોનો મેલ સાફ નથી થતો.

તમે જાણો છો?

ડૉ. ટૉમસ આર્નોલ્ડ ત્રણ વરસની નાની વયે જ અભ્યાસમાં એટલો નિપુણ હતો કે તેના બાપે તેને ઇંગ્લંડના ઇતિહાસના ૨૪ ગ્રંથો ભેટ આપેલા. 'ચેહાઉન્ડ' નામની કૂતરાની જાત દુનિયાભરમાં જૂનામાં જૂની ગણાય છે. ખિસ્સા ઘડિયાળમાં નાના-મોટા મળીને લગભગ ૧૭૮ વિવિધ ભાગ હોય છે, જે પૈકી માત્ર ૫૦ ભાગ જ ફરતા હોય છે. શેક્સપિયરે રચેલાં બધાં પાત્રોમાં સૌથી વધારે બોલકું પાત્ર હૅમલેટનું છે. તે કુલ ૧૫૬૯ લીટીઓ બોલે છે. ઇંગ્લંડની પાર્લમેન્ટના કોઈ પણ સભ્યને પોતે જે રસ્તે થઈને (પગપાળા યા વાહનમાં) જતો હોય તે રસ્તો પોતાને જવા સમય પૂરતો બંધ કરવાનો ખાસ હક્ક છે. દુનિયાની જાડામાં જાડી સ્ત્રી અમેરિકાના ફ્લૉરિડા પ્રાંતની મિસ રથ પૉન્ટિકો નામની બાઈ છે. તેનું વજન ૭૭૦ રતલ અને તેની કમરનું માપ ૭૬ ઇંચ છે!



કલાકણિકા : સામાન્ય ચીજો પર પણ માણસ કલાનો શણગાર કરવો નથી ચૂકતો, તો પુસ્તક જેવું પ્રિય જ્ઞાનસાધન તો તેનાથી કેમ જ વંચિત રહે? યુરોપમાં પુસ્તકોનાં પૂઠાં પર જૂના કાળથી જ તરેહવાર શોભન થતું આવ્યું છે તેના નમૂનારૂપ ઈંગ્લંડના રાજા આઠમા હેન્રીના એક પુસ્તકના પૂઠા પર ધાતુના તાર બેસાડીને કરેલું ભરચક્ક શોભન કામ. આપણે ત્યાં પ્રાચીન કાળમાં ગ્રંથોનાં પાનાં સાચવવાની લાકડાની પાટલીઓ પર પણ સુંદર રંગશોભન થતાં.



દિવાસ્વપ્ન · ચિત્રકાર : સુકુમાર સેન · અખિલ ભારતીય કલાપ્રદર્શનમાં રજૂ થએલું ચિત્ર
(દિલ્હીની આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાઍટીના સૌજન્યથી)

સંયોજના-ચિત્રો

આ અંકના મુખચિત્રનો પરિચય આપતાં, આપણાં પ્રાચીન 'સંયોજનાચિત્રો'ની જે પ્રણાલીનો ઉલ્લેખ કર્યો છે તે વિષય પર શ્રી સારાભાઈ નવાબ સંપાદિત જૈન-ચિત્રકલ્પદ્રુમમાં ચિત્રો સાથે પ્રો. મંજુલાલ મજમુદારે એક લેખ લખ્યો છે, તેમાંનાં છ ચિત્રો શ્રી નવાબના ઋણસ્વીકાર સાથે અમારા વાચકોના પરિચય અર્થે અહીં ઉતારીએ છીએ: મથાળેથી ડાબી બાજુથી: (૧) બે સ્ત્રીઓની સંયોજિત આકૃતિથી બનેલું. જૈનોનાં 'અષ્ટમંગલ' પૈકીનું એક પ્રતીક 'મંગલકલશ', (૨) સપ્રમાણ શોભનગૂંથણીમાં નાગની આકૃતિ. નાગ-નાગિણીની આવી વિવિધ સંયોજનાનાં ચિત્રો આ અંકમાંના 'નાગપંચમી' લેખ સાથે પણ જોવા મળશે. (૩) વચ્ચેના હંસના એક જ મુખ વડે ચાર જુદીજુદી દિશામાં વિવિધ છટામાં જણાતા ચાર હંસ. (૪) બે જ મોઢાં વડે ચાર વિવિધ દિશામાં ચાર ઘોડા દર્શાવતી આકૃતિ. (૫) બે વાંદરાં વચ્ચે એક જ મુખ. (૬) હરણનાં એક જ મુખ વડે સાધેલી ચાર હરણની આકૃતિ.

